

પેજ-08

જાહ્નવી કપૂરે જીભને 360 ડિગ્રી વાળવાને ટેલેન્ટ ગણાવ્યું...

# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express Ahmedabad RNI No.GUJGUJ/2011/40654

પેજ-09

ICC રેન્કિંગમાં ઉથલપાથલ: શ્રેયસ ઐયરની ટોપ 10માં શાનદાર એન્ટ્રી....



હવામાન

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 37.00 | 24.00 |
| વડોદરા | 37.00 | 23.00 |
| સુરત | 36.00 | 23.00 |

પેજ 5




કલ્યાણ જ્વેલર્સ - ત્રિમાસિક અપડેટ : નાણાકીય વર્ષ 2026-27નો બીજો...

09 OCTOBER-2026 FRIDAY

ટ્રમ્પે કહ્યું- 'મેં ૮ યુદ્ધમાં સમાધાન કરાવ્યું, હું ખોટું નથી બોલીતો!....



પેજ 10

.....સુવિચાર.....

દરેક કામમાં જોખમ હોય છે, પરંતુ કશું નહિ કરવામાં મોટું જોખમ હોય છે!

વર્ષ-15 । અંક-325 । વિક્રમ સંવત-2082 । ભાદરવા વદ-14 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## સેન્સેક્સ 1,200 તો નિફ્ટી 400 પોઈન્ટ ગગડ્યો, રોકાણકારોના 10,00,00,00,00,000 રૂપિયા ધોવાયા

# શેરબજાર કડડભૂસ....સેન્સેક્સ અને નિફ્ટીમાં કડાકો

(એજન્સી) મુંબઈ | તા. 08

શેરબજારમાં આજે ગુરુવાર, 8 ઓક્ટોબરનો દિવસ ખૂબ ભારે અને નિરાશાજનક રહ્યો છે. બપોરે લગભગ 3:10 વાગ્યે સેન્સેક્સ અને નિફ્ટી, બંને ઈન્ડેક્સમાં દોઢ ટકાથી વધુનો ઘટાડો જોવા મળ્યો હતો. BSE સેન્સેક્સ લગભગ 1,200 પોઈન્ટથી વધુ તૂટી ગયો અને 71,400ના લેવલથી પણ નીચે આવી ગયો. તો બીજી તરફ NSE નિફ્ટી ફિફ્ટીમાં પણ મોટો ઘટાડો જોવા મળ્યો હતો. તે 1.78 ટકા અથવા 401 પોઈન્ટ તૂટીને 22,201ની નીચે આવી ગયો. બજારના જાણકારોનું કહેવું છે કે વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (FPI)ની સતત વેચવાલી અને યુએસ 10-વર્ષીય ટ્રેઝરી યીલ્ડનું 5.3 ટકાથી ઉપર બનેલું રહેવું મોટા સ્ટોક્સ પર દબાણ જાળવી શકે છે. બુધવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ભારતીય ઈક્વિટી બજારમાંથી 6,121 કરોડ રૂપિયાથી વધુ પાછા ખેંચી લીધા.



**રોકાણકારોને રૂ. 10 લાખ કરોડનું નુકસાન :** આજે કેટલાક કલાકોની અંદર રોકાણકારોના 10 લાખ કરોડ રૂપિયા સાફ થઈ ગયા. આજે ગુરુવારે જ્યારે બજાર ખુલ્યું હતું, ત્યારે BSE સેન્સેક્સ પર લિસ્ટેડ કંપનીઓનું કુલ માર્કેટ કેપ 4,70,98,931 કરોડ એટલે કે 4.71 લાખ કરોડ રૂપિયા હતું, જે બપોરે 4,61,95,228 કરોડ એટલે કે 4.61 લાખ કરોડ રહી ગયું. એટલે કે તેમાં લગભગ 10 લાખ કરોડ રૂપિયાનો ઘટાડો આવ્યો.

**કાચું તેલ, RBI નીતિ અને વૈશ્વિક સંકેતોથી બજાર પર દબાણ :** બજારમાં આ ઘટાડા પાછળ ક્રૂડ ઓઈલની કિંમતોમાં તેજી મોટું કારણ બતાવવામાં આવી રહ્યું છે. જણાવાઈ રહ્યું છે કે રોકાણકારો RBIની તાજી મોનિટેરી પોલિસીની અસરનું મૂલ્યાંકન કરી રહ્યા છે, જ્યારે વૈશ્વિક સંકેતો અને વિદેશી રોકાણકારોની સતત વેચવાલી પણ બજારની ધારણાને પ્રભાવિત કરી રહી છે.

## RBI દ્વારા રેપો રેટમાં વધારાથી ઈક્વિટી વેલ્યુએશન પર અસર

વિશ્લેષકોનું કહેવું છે કે RBI દ્વારા અપનાવવામાં આવેલા 'કેલિબ્રેટેડ ટાઈટનિંગ' વલણ અને રેપો રેટમાં 25 બેસિસ પોઈન્ટના વધારા પછી ઈક્વિટી બજારના વેલ્યુએશન પર દબાણ વધી શકે છે. ઊંચા વ્યાજ દરોના કારણે ફિક્સ્ડ ઈનકમ રોકાણ અપેક્ષા કરતાં વધુ આકર્ષક બની શકે છે. નિષ્ણાતોનું કહેવું છે કે આવી પરિસ્થિતિઓમાં રોકાણકારોનો ઝુકાવ ફાર્માસ્યુટિકલ્સ જેવા તે ક્ષેત્રો તરફ વધી શકે છે, જેના પર વ્યાજ દરોની અસર અપેક્ષા કરતાં ઓછી હોય છે. ઊંચા વેલ્યુએશન છતાં ગ્રોથ સ્ટોક્સમાં રોકાણકારોનો રસ જળવાયેલો છે, જ્યારે વેલ્યુ સ્ટોક્સનું પ્રદર્શન હજુ નબળું રહ્યું છે.

# દિવાળી પર હવાઈ મુસાફરોને મોટો ફટકો

## ભાડામાં વધારો અને ઈંધણ સરચાર્જમાં વધારો

(એજન્સી) નવી દિલ્હી | તા. 08

તહેવારોની મોસમ દરમિયાન હવાઈ મુસાફરોને ફુગાવાનો સામનો કરવો પડશે. દેશની અગ્રણી એરલાઈન્સે હવાઈ ભાડા પર ઈંધણ સરચાર્જમાં વધારો કરવાની જાહેરાત કરી છે. બે દિવસ પહેલા, ઈન્ડિગોએ ઈંધણ સરચાર્જમાં વધારો કર્યો હતો. હવે, એર ઈન્ડિયા, એર ઈન્ડિયા એક્સપ્રેસ અને અકાસા એરએ પણ ઈંધણ સરચાર્જ વધારવાનો નિર્ણય લીધો છે. એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (ATF) ના ભાવમાં સતત વધારાને ધ્યાનમાં રાખીને કંપનીઓએ આ નિર્ણય લીધો છે. નવા દર 9 ઓક્ટોબરથી અમલમાં આવશે, અને મુસાફરોના એકંદર હવાઈ ભાડા પર અસર થવાની ધારણા છે.



કંપનીઓના મતે, ભૂરાજકીય વિકાસ અને વૈશ્વિક ઉર્જા બજાર પર દબાણને કારણે છેલ્લા કેટલાક મહિનામાં ATF ના ભાવમાં વધઘટ થઈ છે. તાજેતરના વધારાથી એરલાઈન ખર્ચમાં વધારો થયો છે. ઈંધણ એરલાઈનના કુલ ખર્ચનો નોંધપાત્ર હિસ્સો ધરાવે છે. નવા ઈંધણ સરચાર્જથી વધેલા ઈંધણ ખર્ચને સરભર કરવામાં મદદ મળશે, જેનાથી બંને એરલાઈન્સ પોતપોતાના રૂટ પર કામ કરવાનું ચાલુ રાખી શકશે.એર ઈન્ડિયા એક્સપ્રેસ માટે, નવો સરચાર્જ 9 ઓક્ટોબરના રોજ મધ્યરાત્રિ 12 વાગ્યા (IST) થી કરવામાં આવેલા નવા બુકિંગ પર લાગુ થશે. એર ઈન્ડિયા માટે, તે 9 ઓક્ટોબરના રોજ સવારે 11 વાગ્યા (IST) થી કરવામાં આવેલા નવા બુકિંગ પર લાગુ થશે. સરચાર્જની રકમ ફ્લાઈટના રૂટ અને અંતરના આધારે બદલાશે.

### ▪ ડોમેસ્ટિક ફ્લાઈટ્સ પર કેટલો ફ્યુઅલ સરચાર્જ લાગુ પડશે?

એર ઈન્ડિયા અને એર ઈન્ડિયા એક્સપ્રેસે ફ્લાઈટના અંતરના આધારે ડોમેસ્ટિક ફ્લાઈટ્સ માટે 400 થી 1,200 સુધીનો ફ્યુઅલ સરચાર્જ નક્કી કર્યો છે. આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ માટે પણ સરચાર્જ 55 થી 215 સુધીનો રહેશે. આનો અર્થ એ થયો કે ATFના વધતા ભાવ હવે ડોમેસ્ટિક અને કેટલાક આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ પર અસર કરશે. Akasa Air એરલાઈન મુજબ, નવો ફ્યુઅલ સરચાર્જ 9 ઓક્ટોબર, 2026ના રોજ સવારે 12:01 વાગ્યાથી કરવામાં આવેલી તમામ નવી બુકિંગ પર લાગુ થશે.

## સાઉદીમાં ભીષણ હુમલો: રિયાધ ઍરપૉર્ટ બંધ

### સામાન મૂકીને ભાગ્યા મુસાફરો

રિયાધ | સાઉદી અરેબિયાની રાજધાની રિયાધમાં એક પછી એક શ્રેણીબદ્ધ પ્રચંડ ધડાકા થયા છે. આ ધડાકાઓ વચ્ચે રિયાધના કિંગ ખાલિદ ઈન્ટરનેશનલ ઍરપૉર્ટને નિશાન બનાવીને મોટો હુમલો કરવામાં આવ્યો છે. હુમલા બાદ સ્થિતિ વણસતાં ઍરપૉર્ટને તાત્કાલિક અસરથી બંધ કરી દેવામાં આવ્યું છે. ફ્લાઈટ ટ્રેકિંગ સર્વિસ 'Flightradar24' મુજબ ઍરપૉર્ટ પરથી તમામ ફ્લાઈટ્સની અવરજવર અટકાવી દેવામાં આવી છે. 80 મિનિટથી વધુ સમયથી કોઈ વિમાન લેન્ડ થયું નથી અને 90 મિનિટથી કોઈ ફ્લાઈટે ટેક-ઑફ કર્યું નથી. પશ્ચિમ એશિયામાં વણસી રહેલી સ્થિતિ વચ્ચે ભારતીય એરલાઈન્સ કંપનીઓએ સાઉદી અરેબિયા માટે મોટો નિર્ણય લીધો છે. એર ઇન્ડિયા, ઇન્ડિગો અને એર ઇન્ડિયા એક્સપ્રેસે 10 ઑક્ટોબર સુધી રિયાધ આવવા-જવાવાળી તમામ ફ્લાઈટ્સ રદ કરી દીધી છે.

# GST કાઉન્સિલના મોટા નિર્ણયોથી વેપારીઓને રાહત

(એજન્સી) નવી દિલ્હી | તા. 08

57મી GST કાઉન્સિલની બેઠકમાં વેપારીઓ અને ટેક્સપેયર્સ માટે ઘણા મોટા નિર્ણયો લેવામાં આવ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, કાઉન્સિલે GST અધિકારીઓની ધરપકડ કરવાની સત્તા દૂર કરવા, વેપાર સાથે જોડાયેલા અનેક ખર્ચ પર ઈનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) આપવા અને નાના ટેક્સ વિવાદોને ઘટાડવા સાથે જોડાયેલા પ્રસ્તાવોને મંજૂરી આપી છે. આ ઉપરાંત ડિલિવરી સર્વિસ, રિટ્રેડેડ ટ્રેક્ટર ટાયર અને નાના ટેક્સ કેસ સાથે જોડાયેલા પણ મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે. આ ફેરફારોથી FMCG, ફાર્મા, ટેલિકોમ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ડિલિવરી અને કોર્પોરેટ સેક્ટરને રાહત મળવાની આશા છે.



### સીધી ધરપકડ નહીં કરી શકે, નિયમમાં મોટો ફેરફાર

GST કાઉન્સિલે GST અધિકારીઓ પાસેથી ધરપકડ કરવાની સત્તા પાછી ખેંચવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે. આનો અર્થ એ થશે કે સામાન્ય GST વિવાદોમાં ટેક્સ અધિકારીઓ સીધી ધરપકડની કાર્યવાહી કરી નહીં કરી શકે. ગંભીર ગુનાહિત કેસ અને જાણીજોઈને કરવામાં આવેલી ટેક્સ ચોરી જેવા મામલામાં કાર્યવાહી માટે ન્યાયિક પ્રક્રિયાનો માર્ગ અપનાવવામાં આવશે. બેઠકના એજન્ડામાં CGST એક્ટની કલમ 69 હેઠળ ધરપકડની જોગવાઈમાં ફેરફાર અને ગંભીર કેસોને બાદ કરતાં ગુનાહિત કાર્યવાહી મર્યાદિત કરવાનો પ્રસ્તાવ પહેલેથી સામેલ હતો.

### કર્મચારીઓના હેલ્થ અને લાઈફ ઈન્શ્યોરન્સ પર મળશે ITC

કંપનીઓ માટે કર્મચારીઓના હેલ્થ અને લાઈફ ઈન્શ્યોરન્સને લઈને પણ મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, કંપનીઓને કર્મચારીઓ માટે લેવામાં આવેલા ગ્રુપ હેલ્થ અને લાઈફ ઈન્શ્યોરન્સ પર ચૂકવવામાં આવેલા GSTનું ITC લેવાની મંજૂરી આપવામાં આવી છે. આનાથી આવા ખર્ચ પર કંપનીઓની અસરકારક કિંમત ઘટી શકે છે.





SHOWROOMS: GUJARAT: AHMEDABAD: RENAULT KARNAVATI WEST (S G HIGHWAY) Ph: 7428190227, RENAULT KARNAVATI EAST (ODHAV RING ROAD) Ph: 9873558180, RENAULT NARODA Ph: 8448081360. RENAULT ANAND Ph: 8448792901. RENAULT MEHSANA (NAGALPUR ROAD) Ph: 9711791268. RENAULT PALANPUR (ABU DELHI HIGHWAY) Ph: 9899672869.

# આમ આદમી પાર્ટીને દબાવવાના પ્રયાસમાં હોલ કેન્સલ કરાયા, લાઈટો બંધ કરાઈ અને IBથી માલિકોને ધમકાવાયા : ડૉ. કરન બારોટ AAP

**ભાજપ-કોંગ્રેસનો કારસો, ત્રીજી પાર્ટી કે સ્થાનિક નેતૃત્વને મજબૂત થવા દેવા માંગતા નથી : ગોદી મીડિયાનો પક્ષપાત, આપનો બહિકાર કરી માત્ર ભાજપ-કોંગ્રેસ વચ્ચે જ લડાઈ હોવાનું ચિત્ર ઊભું કરાય છે : સામાન્ય પરિવારના લોકો આગળ ન આવે તે માટે રચાયું ષડયંત્ર : ડૉ. કરન બારોટ AAP**



અમદાવાદ | આમ આદમી પાર્ટીના મુખ્ય પ્રવક્તા અને પ્રદેશ સંગઠન મંત્રી ડૉ. કરન બારોટે જણાવ્યું હતું કે, ગુજરાત અને દેશમાં ભારતીય જનતા પાર્ટી કે કોંગ્રેસ ક્યારેય એવું નથી ઈચ્છતા કે કોઈ ત્રીજી પાર્ટી કે સ્થાનિક પ્રાદેશિક પક્ષ મજબૂત થઈને લોકોનું નેતૃત્વ કરે. જે પણ પાર્ટી મજબૂત થાય, તેની સાથે આ બંનેમાંથી એક પક્ષ ગઠબંધન કરીને તેને સંપૂર્ણપણે ખતમ કરી નાખે છે અને આ કારસો સમગ્ર દેશમાં ચાલી રહ્યો છે.

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં આમ આદમી પાર્ટી મજબૂતાઈથી આવી રહી હોવાથી, તેના ઉમેદવારો ફોર્મ જ ન ભરી શકે તેવા પૂરા પ્રયાસો બંને પક્ષોએ કર્યા. ત્યારબાદ ફોર્મ પાછા ખેંચાવવા માટે ભાજપ અને કોંગ્રેસના લોકોએ ટીંગાટોળી કરીને 'આપ'ના ઉમેદવારોને લઈ જઈ ફોર્મ પાછા ખેંચાવ્યા અને મીડિયામાં 'આપ'ના ઉમેદવારો તૂટી રહ્યા છે, પાર્ટી નબળી પડી રહી છે તથા ઉમેદવારોને સાચવી શકતી નથી તેવી અફવાઓ ફેલાવી. આ ઉપરાંત, જ્યાં પણ 'આપ'ના નેતાઓ કે કાર્યકર્તાઓએ સંવાદ કે પ્રોગ્રામ માટે હોલ બુક કર્યા હોય તે કેન્સલ કરાવાયા, લાઈટો બંધ કરી દેવાઈ અને IBના અધિકારીઓ દ્વારા માલિકોને ધમકાવવામાં આવ્યા. પરંતુ ત્રીજી પાર્ટીને આટલી ડરાવી-ધમકાવીને ઝુકાવવાના પ્રયાસો થઈ રહ્યા છે તે સમાચાર ક્યાંય ચલાવવામાં ન આવ્યા.

બીજી તરફ, કોઈ એકાદ જૂના ઉમેદવાર કે કાર્યકર્તાને પકડીને ભાજપ કે કોંગ્રેસને ટેકો જાહેર કરાવાય, તો તે સમાચાર ગુજરાતના ગોદી મીડિયા અને છાપાઓમાં ચમકાવીને લડાઈ માત્ર બે પક્ષો વચ્ચે જ છે તેવું દર્શાવવામાં આવે છે. ડૉ. કરન બારોટે વધુમાં જણાવ્યુ હતુ કે રાત્રે લગાવેલા 'આપ'ના પોસ્ટરો અને બેનરો સવારે ગાયબ થઈ જાય છે, ઝંડા ઉતારી લેવાય છે અને પ્રચાર કરતા કાર્યકર્તાઓને મારવાની ધમકીઓ આપવામાં આવે છે. આમ આદમી પાર્ટીથી આ લોકોને ડર એટલા માટે છે કારણ કે આ પાર્ટી કોઈ પણ રીતે મેનેજ થતી નથી; આ સામાન્ય લોકોની પાર્ટી છે જ્યાં સામાન્ય પરિવારના લોકો નેતા બને છે. ગોપાલભાઈ ઈટાલિયા, ચૈતરભાઈ વસાવા કે ઈસુદાન ગઢવી કોઈ મોટા રાજકીય પૃષ્ઠભૂમિમાંથી નહોતા આવ્યા, છતાં તેમણે નેતૃત્વ કરીને લોકો માટે સારા કામ કર્યા. આથી જ આ પક્ષો સામાન્ય પરિવારના લોકોને આગળ આવતા રોકવાનો પ્રયાસ કરી રહ્યા છે. ગાંધીનગર અને ગુજરાતની જનતાને અપીલ છે કે આ સત્ય સમજવું જરૂરી છે. છેલ્લાં પાંચ વર્ષ સુધી જે 'આપ' વિપક્ષમાં સક્રિય રહી અને જે જગ્યાએથી તેના કોર્પોરેટર જીત્યા હતા ત્યાં આખી પેનલ મજબૂતાઈથી લડી રહી હોવા છતાં,

આજના છાપાઓમાં ફક્ત ભાજપ અને કોંગ્રેસની પેનલના ઉમેદવારોની જ યાદી દર્શાવાઈ છે અને 'આપ'ના ઉમેદવારોના નામ ગાયબ કરાયા છે. આ રીતે મીડિયા, ભાજપ અને કોંગ્રેસ ભેગા મળીને દ્વિપક્ષીય લડાઈનો માહોલ બનાવી રહ્યા છે.

આમ છતાં, ગુજરાત અને ગાંધીનગરની જનતા આમ આદમી પાર્ટીને સતત સપોર્ટ કરી રહી છે તે બદલ આભાર વ્યક્ત કરતા ડૉ. કરન બારોટે જણાવ્યું કે આ વખતે જનતાએ વિવેકબુદ્ધિથી સમજવું પડશે કે સામાન્ય પરિવારના પ્રતિનિધિઓને આગળ આવતા કોણ રોકી રહ્યું છે.

## News Brief

### ભાડથર જિલ્લા પંચાયત પેટાચૂંટણી, આપ ઉમેદવાર વીરુભાઈ કંડોરિયાની જનતાને જંગી મતદાન કરવા અપીલ



અમદાવાદ | ભાડથર જિલ્લા પંચાયત પેટાચૂંટણીના આમ આદમી પાર્ટીના ઉમેદવાર વીરુભાઈ કંડોરિયાએ તમામ મતદારો, ખેડૂતો, વંચિતો અને ગરીબોને હૃદયપૂર્વક વિનંતી કરતા જણાવ્યું હતું કે, આપણે આ વખતે એવું જબરજસ્ત મતદાન કરવું છે અને રાજ્ય સરકારને આપણી એકતા તથા શક્તિનો એવો પરચો બતાવવો છે કે જેનાથી મુખ્યમંત્રી સહિત આખું મંત્રીમંડળ રાજીનામું આપવા મજબૂર થાય અને સરકારમાં નવા મંત્રી તથા નવા મુખ્યમંત્રીની નિમણૂક કરવી પડે. આ ૧૪ ગામોના મતદારોએ એકજૂટ થઈને ભાજપને એ શીખ આપવાની છે કે ગુજરાત અને ભાડથરની જનતા હવે પૂર્ણપણે જાગી ગઈ છે, તેથી જ તમારા એક-એક મતની તાકાતથી આખું મંત્રીમંડળ બદલાઈ જાય તેવા હેતુથી આ પેટાચૂંટણીમાં અભૂતપૂર્વ જંગી મતદાન કરી સરકાર સામે વિરોધનો પડઘો પાડીએ.

### મેનેજરનું ક્રેડિટ કાર્ડમાં ઈમેલ આઈડી બદલી નાખ્યું

**ગઠિયાઓએ ઈમેલ બદલીને ક્રેડિટ કાર્ડમાંથી 16 લાખ ટ્રાન્જેક્શન કરી દીધા**

અમદાવાદ | નારણપુરા વિસ્તારમાં રહેતા અને ટ્રાવેલ્સ કંપનીના ડેપ્યુટી જનરલ મેનેજર સાથે લાખો રૂપિયાની ઓનલાઈન ક્રેડિટ કાર્ડ ફ્રોડની ઘટના સામે આવી છે. અજાણ્યા ગઠિયાઓએ કોઈપણ પ્રકારના OTP વગર આધેડના અમેરિકન એક્સપ્રેસના બે ક્રેડિટ કાર્ડમાં રજિસ્ટર્ડ ઈમેલ આઈડી બદલી નાખ્યું હતું અને બંને કાર્ડનો સંપૂર્ણ એક્સેસ મેળવી લીધો હતો. ત્યારબાદ ગઠિયાઓએ મેનેજરની જાણ બહાર ક્રેડિટ કાર્ડ્સમાંથી રૂ. 17.12 લાખના ટ્રાન્ઝેક્શન કરી લીધા હતા. આ મામલે ભોગ બનનારે સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

26 જૂનના રોજ અજાણ્યા શખ્સોએ આધેડના અમેરિકન એક્સપ્રેસ પ્લેટિનમ ચાર્જ અને ગોલ્ડ ચાર્જ ક્રેડિટ કાર્ડ સાથે છેતરપિંડી આચરી હતી. ગઠિયાઓએ ઈમેલ બદલીને પ્લેટિનમ કાર્ડમાંથી રૂ. 11,19,908 અને ગોલ્ડ કાર્ડમાંથી રૂ. 5,92,522 મળી કુલ રૂ. 17,12,430ના ટ્રાન્ઝેક્શન કરી લીધા હતા. સવારે મોબાઈલ પર મેસેજ આવતાં જ આધેડે તાત્કાલિક હેલ્પલાઈન પર સંપર્ક કરી બંને કાર્ડ બ્લોક કરાવ્યા હતા. અમુક ટ્રાન્ઝેક્શન રદ થતાં રૂ. 1,16,404 પરત મળ્યા હતા, જેથી તેમને કુલ રૂ. 15,96,026નું આર્થિક નુકસાન થયું હતું.

ઘટના બાદ ક્રેડિટ કાર્ડ કંપનીએ શરૂઆતમાં તપાસનું કહીને બંને કાર્ડમાં રૂ. 10,27,205 અને રૂ. 5,68,821ની ટેમ્પરરી ક્રેડિટ આપી હતી. જોકે, આશરે દોઢ મહિના પછી કંપનીએ તે રકમ પરત ખેંચી લીધી હતી અને આધેડ પર બિલ ભરવા માટે સતત દબાણ કરવાનું શરૂ કર્યું હતું.

### ભાજપના 41 ઉમેદવારોએ સરખો ચૂંટણી ખર્ચ બતાવ્યો, છતાં કાર્યવાહી કેમ નહીં?: બ્રિજરાજ સોલંકી AAP



અમદાવાદ | આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ યુવા પ્રમુખ બ્રિજરાજ સોલંકીએ એક વીડિયોના માધ્યમથી ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, ગાંધીનગરની ચૂંટણીના પડઘમ વાગઈ ચુક્યા છે અને આમ આદમી પાર્ટી પૂરી તાકાત સાથે ચૂંટણીના જંગમાં ઉતરી ચૂકી છે. ગત ચૂંટણીમાં ભાજપના 41 ઉમેદવારોએ એક સરખો ખર્ચ ચૂંટણી પંચમાં રજૂ કર્યો હતો આ ખૂબ જ મોટું બ્લન્ડર છે. જે રીતે જ્ઞાનેશ કુમારે 13 કરોડ લોકોનું નામ મતદારયાદીમાંથી કાપીને લોકશાહીની હત્યા કરી છે, એ જ રીતે ગુજરાતના ચૂંટણી કમિશનરે આ મુદ્દાને ધ્યાનમાં લીધો નથી. ભાજપના આ ઉમેદવારોને નોટિસ પાઠવવામાં આવી હતી પરંતુ છતાં પણ ભાજપના ઉમેદવારોએ હાજર રહીને જવાબ આપ્યો નથી. નિયમ અનુસાર ખર્ચમાં જો કોઈ ગડબડી સાબિત થાય તો એ ઉમેદવારોને ગેરલાયક ઠેરવવામાં આવે છે, છતાં પણ આ ઉમેદવારોને ગેરલાયક સાબિત કરવામાં આવ્યા નથી. ભ્રષ્ટાચારી ભાજપે આ 41 માંથી 12 લોકોને ફરીથી ચૂંટણીમાં ટિકિટ આપી છે. આ મુદ્દે અમે આંદોલન કરીશું અને ગુજરાતના ચૂંટણી કમિશનર એસ ક્રિષ્નાનું રાજીનામું માંગીશું. વધુમાં આમ આદમી પાર્ટીના નેતા બ્રિજરાજ સોલંકીએ જણાવ્યું હતું કે, ગાંધીનગરની જનતાને હું કહેવા માગું છું કે જો ભાજપને કોઈ હરાવી શકે એમ હોય તો તે ફક્ત આમ આદમી પાર્ટી અને અરવિંદ કેજરીવાલ જ છે. ગત ચૂંટણીમાં કોંગ્રેસના 2 ઉમેદવારો જીત્યા હતા અને બંનેને ભાજપે ખરીદી લીધા અને એ બંને જીતેલા ઉમેદવારો ભાજપમાં જતા રહ્યા જ્યારે આમ આદમી પાર્ટીમાંથી ફક્ત એક ઉમેદવારની જીત થઈ હતી એ હજુ પણ આમ આદમી પાર્ટીમાં છે અને ગાંધીનગરની જનતાની સેવા કરી રહ્યા છે. હું ગાંધીનગરની જનતાને વિનંતી કરું છું કે આ વખતે જ્ઞાતિ જાતિનો ભેદભાવ જોયા વગર ફક્ત કામની રાજનીતિને વોટ આપજો અને આવનારી 11 તારીખે ઝાડુના બટન પર આપનો કિંમતી અને પવિત્ર મત આપજો. જેવા કામો દિલ્હી અને પંજાબમાં કરવામાં આવ્યા હતા એવા જ કામ ગાંધીનગરના તમામ સેક્ટર અને ગામોમાં કરવાના છે. અમે પોલિટિકલ પાર્ટીના પરિવારોમાંથી નથી આવ્યા, અમારી પાસે પૈસા નથી પરંતુ અમે રાષ્ટ્રસેવા કરવા માંગીએ છીએ. અમે ખેડૂતો, મજુરો, યુવાનો, મહિલાઓ, રત્નકલાકારો, પશુપાલકો સહિત તમામ સામાન્ય અને ગરીબ વર્ગના લોકોને ન્યાય અપાવવા માટે આવ્યા છીએ.

# રાંધેજા ગામમાં છેલ્લા ૧૦ દિવસથી ગટરનું પાણી જાહેર માર્ગો પર વહેતાં 'આપ' નેતાઓના ભાજપ સરકાર પર પ્રહાર

**ગાંધીનગર મનપા વોર્ડ નં. ૧ માં 'આપ' વિદ્યાર્થી પાંખ (ASAP) ના નેતૃત્વ હેઠળ જોરદાર ચૂંટણી પ્રચાર : ગંદકીથી બીમારીઓ ફેલાશે તો તેની જવાબદારી ભાજપ શાસિત મનપા તંત્રની રહેશે : યાત્રિક પટેલ AAP**

અમદાવાદ | ગાંધીનગર મહાનગરપાલિકા ચૂંટણી અંતર્ગત વોર્ડ નંબર ૧ માં આમ આદમી પાર્ટીની વિદ્યાર્થી પાંખ (ASAP) ના નેતાઓ દ્વારા જોરશોરથી ચૂંટણી પ્રચાર કરવામાં આવ્યો હતો. આ પ્રચાર ઝુંબેશમાં આમ આદમી પાર્ટીની વિદ્યાર્થી પાંખના પ્રદેશ સંગઠન મહામંત્રી યાત્રિક પટેલ, અમદાવાદ શહેર સંગઠન મહામંત્રી જતીન પટેલ, પ્રદેશ મંત્રી તીર્થ શ્રીમાળી, પ્રદેશ સંગઠન મંત્રી હર્ષિલ પ્રજાપતિ તથા વોર્ડ નંબર ૧ ના 'આપ' ઉમેદવાર અને પ્રદેશ ઉપપ્રમુખ તેજસ દેલવાડિયા સહિતના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. ચૂંટણી પ્રચાર દરમિયાન રાંધેજા ગામ ખાતે 'આપ' વિદ્યાર્થી પાંખના પ્રદેશ સંગઠન મહામંત્રી યાત્રિક પટેલે જણાવ્યું હતું કે, ગાંધીનગર મનપા ચૂંટણીના હવે ગણતરીના કલાકો બાકી છે ત્યારે રાંધેજા ગામના બસ સ્ટેન્ડ નજીક ઓપન ગટરની ગંભીર સમસ્યા જોવા મળી છે. છેલ્લા ૧૦ દિવસથી ગટરનું દૂષિત પાણી જાહેર માર્ગો પર વહી રહ્યું છે, છતાં ગાંધીનગર મહાનગરપાલિકાનું ભાજપ શાસિત તંત્ર આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે તલભાર પણ તૈયાર નથી. જો આ ગંદા પાણીના કારણે વિસ્તારમાં કોઈ ગંભીર બીમારીઓ કે રોગચાળો ફેલાશે તો તેની સંપૂર્ણ જવાબદારી ભાજપના નેતાઓ અને તંત્રની



રહેશે. યાત્રિક પટેલે ભાજપ અને કોંગ્રેસ પર તીખા પ્રહારો કરતા ઉમેર્યું હતું કે, છેલ્લા ૧૦ વર્ષથી ગાંધીનગર મહાનગરપાલિકામાં ભાજપના નેતાઓ વિકાસના મોટા-મોટા દાવાઓ કરી રહ્યા છે, પરંતુ વાસ્તવિકતામાં આ વિકાસ સડી ગયો છે. વિકાસ માત્ર ભાજપના નેતાઓ, ધારાસભ્યો અને મંત્રીઓનો થયો છે, જ્યારે સામાન્ય જનતા માટે કોઈ જ વિકાસ થયો નથી. ગામમાં રસ્તાઓ યોગ્ય નથી અને ખુલ્લી ગટરોથી રોગચાળાનો ભય હોવા છતાં કોઈ જવાબદારી લેવા તૈયાર નથી. જનતાએ ભૂતકાળમાં ભાજપ અને કોંગ્રેસને વારંવાર તક આપીને જોઈ લીધું છે, જ્યાં ભાજપ કોઈ કામ કરતી નથી અને કોંગ્રેસના નેતાઓ વેચાઈ જાય છે. તેથી, વોર્ડ નંબર ૧ ના તમામ મતદારોને આહ્વાન કરવામાં આવે છે કે તેઓ આ વખતે પરિવર્તન લાવવા માટે આમ આદમી પાર્ટીના ઉમેદવારોને વિજયી બનાવે. 'આપ' ના ઉમેદવારો આગામી પાંચ વર્ષ સુધી સતત જનતાની વચ્ચે રહીને લોકપ્રશ્નો ઉકેલશે અને વિસ્તારમાં સાચો વિકાસ કરીને બતાવશે.

# ગાંધીનગરમાં પ્રચાર દરમિયાન AAP નેતા નિરંજન વસાવાએ ભાજપના વિકાસની પોલ ખોલી



અમદાવાદ | ગાંધીનગર મહાનગરપાલિકા ચૂંટણી અંતર્ગત આમ આદમી પાર્ટીનું પ્રચાર અભિયાન ખૂબ જ મજબૂતીથી આગળ વધી રહ્યું છે. આ પ્રચાર અભિયાન અંતર્ગત આજે આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી તથા નર્મદા જિલ્લા પ્રમુખ નિરંજન વસાવાએ ડોર ટુ ડોર પ્રચાર કર્યો હતો. આ પ્રચાર દરમિયાન નિરંજન વસાવા સમક્ષ ગાંધીનગરના લોકોની ખૂબ જ કપરી પરિસ્થિતિ સામે આવી હતી. વિકાસના નારાઓ લગાવવામાં આવે છે પરંતુ ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં જ લોકો પાસે રહેવાની, સંડાસ બાથરૂમ, પીવાના પાણી, વીજળીના કનેક્શન અને રોડ રસ્તા જેવી સામાન્ય સુવિધાઓ નથી. જ્યારે નિરંજન વસાવા ગાંધીનગરના એક મતદાતાને મળ્યા ત્યારે તેઓએ જણાવ્યું કે તેઓ વર્ષોથી મત આપે છે તેમની પાસે દરેક કાગળ અને પુરાવાઓ છે છતાં પણ આજ સુધી તેમને કોઈ આવાસ યોજના હેઠળ ઘર પણ આપવામાં આવ્યા નથી અને સંડાસ બાથરૂમ જેવી માળખાકીય સુવિધાઓ પણ કોર્પોરેશન દ્વારા કરી આપવામાં આવી નથી. વધુમાં નિરંજન વસાવા એક વૃદ્ધ મહિલાને મળ્યા ત્યારે જાણવા મળ્યું કે તેઓ પણ વર્ષોથી ગાંધીનગરમાં જ રહે છે પરંતુ હજુ પણ આમાં રહેવા માટે મજબૂર છે. કોઈ સુવિધાઓ કે યોજનાઓનો લાભ મળતો નથી.

આ દરમિયાન આમ આદમી પાર્ટીના નર્મદા જિલ્લા પ્રમુખ નિરંજન વસાવાએ જણાવ્યું હતું કે આજે સેક્ટર 24માં પ્રચાર દરમિયાન જોયું કે 200-250 જેટલા પરિવારો ઝૂંપડામાં રહેવા મજબૂર છે. ધારાસભ્યોના બંગલાઓ જે સારી ક્વોલિટીના હતા તેમ છતાં પણ એ ધારાસભ્યો માટે બીજા નવા બંગલાઓ બનાવી આપવામાં આવ્યા.

પરંતુ અહીંયા 50 વર્ષથી રહેનારા લોકો પાસે પણ ઘરની વ્યવસ્થા નથી, સરકાર બેટી બચાવો બેટી પઢાવોના નારાઓ બોલાવે છે, પ્રધાનમંત્રી આવાસ યોજનાની ખાલી મોટી મોટી વાતો કરવામાં આવે છે. હવે ચૂંટણીના સમયમાં આ લોકો વોટ માંગવા માટે આવે છે પરંતુ જ્યારે ચૂંટણી પતી જાય છે પછી આ લોકોને કોઈ જોવા પણ આવતા નથી અને આમના માટે કોઈ સુવિધાની પણ વ્યવસ્થા કરવામાં આવતી નથી.

તો આ છે ગાંધીનગરનો અસલી વિકાસ. મોટા મોટા નેતાઓ કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કે વિદેશના નેતાઓ જ્યારે ગાંધીનગરમાં આવે છે તો ગરીબોના ઘર આગળ પડદા કરી દેવામાં આવે છે અને તેમના ઝુંપડાઓને ઢાંકી દેવામાં આવે છે પરંતુ આ પરિસ્થિતિને બદલવા માટે સરકાર કોઈ કામ કરતી નથી.

# સેક્ટર ૨૭-૨૮માં ગંદકી અને પાણીના અભાવે જવાનો ડેન્ગ્યુનો ભોગ બન્યા : ગૌરી દેસાઇ

ગાંધીનગર| આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપાધ્યક્ષ ગૌરી દેસાઈએ ગાંધીનગરથી ડૉ. હાર્દિક તલાટી સાથે માહિતી આપતાં જણાવ્યું હતું કે, પાંચ દિવસ પહેલાં અમે ગાંધીનગરની સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી. ગાંધીનગરમાં યોજાયેલી એકતા પરેડનો ભાગ બનવા આવેલા જવાનોને સેક્ટર ૨૭-૨૮માં રોકાણ માટે જગ્યા આપવામાં આવી હતી, પરંતુ તે જગ્યાએ તીવ્ર ગંદકી અને પાણીના અભાવને કારણે અનેક જવાનો ડેન્ગ્યુથી સંક્રમિત થયા હતા. આશરે ૩૭ જેટલા જવાનોને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં એડમિટ કરવામાં આવ્યા હતા. અમે તમામ જવાનોની શુભેચ્છા મુલાકાત લઈને તેમની સ્થિતિ જાણી હતી; તે સમયે તેમની તબિયત સુધારા પર હતી અને સારવાર પણ સારી મળી રહી હતી. અમે સરકારને પણ આહ્વાન કર્યું હતું કે જવાનોને રહેવા, ખાવા-પીવામાં યોગ્ય સ્વચ્છતા અને તમામ



સુવિધાઓ પૂરી પાડવામાં આવે.પરંતુ ગત રાત્રે અત્યંત દુઃખદ ઘટના ઘટી છે, જેમાં માત્ર ૨૮ વર્ષના એક જવાનનું સારવાર દરમિયાન મૃત્યુ થયું છે. આ બાબતે અમે સિવિલ હોસ્પિટલના જવાબદાર અધિકારીઓને મળવા આવ્યા હતા, પરંતુ તેમણે અમને સમય આપ્યો નહોતો. અમારી મુખ્ય માંગણી એ છે કે જવાનનું મૃત્યુ કયા કારણે થયું છે, ડેન્ગ્યુની સારવારમાં ખામીથી, હાર્ટ એટેકથી કે અન્ય કોઈ ક્ષતિને લીધે? અમને તેનો ચોક્કસ પોસ્ટમોર્ટમ રિપોર્ટ આપવામાં આવે. આ સાથે જ અમે ગુજરાત સરકારને અપીલ કરીએ છીએ કે એકતા પરેડમાં આવેલા આ જવાનનું મૃત્યુ ગુજરાતની ધરતી પર થયું હોવાથી તેઓ 'ઓન ડ્યુટી' જ ગણાય, તેથી સરકાર તેમના પરિવારને ૧ કરોડની આર્થિક સહાય પૂરી પાડે. આ ન્યાયિક માંગણી સાથે જરૂર પડશે તો અમે મ્યુનિસિપલ કમિશનર અને ગુજરાતના મુખ્યમંત્રીને પણ રૂબરૂ મળીને રજૂઆત કરીશું.

# સુરત ટેક્સટાઇલ ઇન્ડસ્ટ્રીની બરબાદીની ઉજવણી કરી રહી છે ભાજપ સરકાર : મનોજ સોરઠીયા

સુરત| આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ કેન્દ્રીય કાપડ મંત્રી ગિરિરાજ સિંહના સુરત પ્રવાસ પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે ભાજપ સરકાર સુરતના મેન-મેડ ફાઈબર અને ટેક્સટાઈલ બિઝનેસને પૂરી રીતે બરબાદ કરી ચૂકી છે. કાપડ મંત્રી અઢી વર્ષમાં બીજી વાર સુરત આવી રહ્યા છે, પરંતુ જેમને કાપડ મંત્રાલયની મૂળભૂત સમજ પણ નથી, તેઓ કઈ વાતનો 'રિફોર્મ ઉત્સવ' ઉજવી રહ્યા છે? સરકારે વિવર્સને આપવામાં આવતી કેપિટલ સબસીડી, વીજ સબસીડી અને ટેક્સટાઈલ અપગ્રેડેશન ફંડને સંપૂર્ણપણે નાબૂદ કરી દીધું છે. યાર્નના વધતા ભાવ, જીએસટીની જટિલતાઓ, ઘટતી માંગ અને ઠપ્પ પડેલા એક્સપોર્ટના કારણે સુરતનું ટેક્સટાઈલ માર્કેટ સંપૂર્ણપણે ભાંગી પડ્યું છે, જેનાથી



વિવર્સ અને કરોડો રૂપિયાનું રોકાણ કરનારા વેપારીઓ ગંભીર સંકટમાં મુકાયા છે.મનોજ સોરઠીયાએ વધુમાં જણાવ્યુ હતુ કે ઔદ્યોગિક વિસ્તારોમાં સરકાર મજૂરો અને વેપારીઓને મૂળભૂત સુવિધાઓ પૂરી પાડવામાં સંપૂર્ણપણે નિષ્ફળ રહી છે, જેના કારણે સુરતની ઈન્ડસ્ટ્રીઝમાંથી મજૂરો ઝડપથી પલાયન કરી રહ્યા છે. ચાઇના સાથેની સ્પર્ધામાં પાછળ રહી જવાના કારણે અને કોઈ નવી રાહત ન મળવાને લીધે વેપારીઓ પોતાના રોકાણ પર શૂન્ય ટકા રિટર્ન મેળવવા મજબૂર બન્યા છે. આમ છતાં, સરકાર કાપડ ઉદ્યોગના દુઃખો દૂર કરવાના બદલે બળજબરીથી વેપારીઓને ડરાવી-ધમકાવીને ભીડ એકઠી કરી રહી છે. આ કોઈ રિફોર્મ ઉત્સવ નથી પરંતુ સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગની બરબાદીની ઉજવણી છે, અને આવનારા સમયમાં ગુજરાતનો વેપારી ભાજપ સરકારને આનો યોગ્ય જવાબ આપશે.

# માળીયાહાટી તાલુકામાં થયેલા ફાયરિંગ બાદ AAP નેતા પિયુષ પરમારે માંગ્યું ગૃહમંત્રીનું રાજીનામું

અમદાવાદ | આમ આદમી પાર્ટીના ઓબીસી સેલના પ્રદેશ પ્રમુખ તથા જાણીતા ખેડૂત નેતા પિયુષ પરમારે એક વીડિયોના માધ્યમથી ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે જુનાગઢ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા કથળી ગઈ છે. ગઈકાલે માળીયાહાટી તાલુકાના ભંડુરી મુકામે આવારા તત્વો દ્વારા બેફામ ફાયરિંગ કરવામાં આવ્યું હતું. જેના કારણે આજે સમગ્ર ભંડુરી ગામ દહેશતના માહોલમાં જીવી રહ્યું છે. માળીયાહાટી તાલુકામાં અને માંગરોળ તાલુકામાં આવા આવારા તત્વો બેફામ બની ગયા છે, બેફામ દારૂનું વેચાણ થઈ રહ્યું છે, ડ્રગ્સનું પણ વેચાણ થઈ રહ્યું છે અને અઢળક જુગારધામો ચાલી રહ્યા છે, ત્યારે સ્થાનિક પોલીસ મુકદર્શક બનીને આ બધું જોઈ રહી છે. ચોરા મુકામે એસએમસીની રેડ પડી હતી, જૂનાગઢમાં ચાર અલગ અલગ જગ્યાએ એસએમસી રેડ કરી



હતી તો સ્થાનિક પોલીસ શું કરી રહી છે એ મોટો પ્રશ્ન છે.વધુમાં આમ આદમી પાર્ટીના નેતા પિયુષ પરમારે જણાવ્યું હતું કે, દુઃખની બાબત એ છે કે બે દિવસ પહેલા મારો મોબાઈલ પોલીસ દ્વારા ટ્રેક કરવામાં આવ્યો, મારી રેકી કરવામાં આવી. તો હું પોલીસ તંત્રને કહેવા માગું છું કે પિયુષ પરમાર કોઈ ગુંડો નથી, પિયુષ પરમાર સામાજિક લડતો લડે છે, જ્યાં જ્યાં ખેડૂતો સાથે કે ગરીબો સાથે અન્યાય થયા છે, ત્યાં હું લડત લડું છું. તો મારો મોબાઈલ ટ્રેક કરવાથી કે લોકેશન મેળવી લેવાથી તમને કંઈ મળવાનું નથી પરંતુ જ્યાં જુગારધામ ચાલે છે, જ્યાં દારૂના બેફામ અડ્ડાઓ ચાલે છે એને રોકવામાં આવે. દુઃખની બાબત છે કે સમગ્ર ગુજરાતમાં ભાજપના 30 વર્ષના શાસનમાં કાયદો અને વ્યવસ્થા કથળી ગઈ છે. ગુજરાતના ગૃહમંત્રીને હું વિનંતી કરું છું કે જો તમારાથી આ ગુજરાત રાજ્ય સંભાળી શકાતું ન હોય તો તમે રાજીનામું આપી દો.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## અંકલેશ્વરનો સપ્લાયર 'બિરાદર' વોન્ટેડ જાહેર

# વડોદરાના ઈલોરાપાર્કમાં કારમાં ડ્રગ્સ વેચતો પેડલર ઝડપાયો

(એજન્સી) વડોદરા । તા. 08

શહેરમાં ડ્રગ્સના નેટવર્ક સામે લાલ આંખ કરતા વડોદરા પોલીસની સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) ટીમે એક મોટી સફળતા મેળવી છે. વડોદરાના પોશ ગણાતા ઈલોરા પાર્ક વિસ્તારમાંથી પોલીસે મેફેડ્રોન (MD) ડ્રગ્સ સાથે એક ડ્રગ્સ પેડલરને રંગેહાથ ઝડપી પાડ્યો છે. આરોપી લાંબા સમયથી કારમાં બેસીને ગુપ્ત રીતે ડ્રગ્સના વેચાણના ધંધાને અંજામ આપી રહ્યો હતો, પરંતુ પોલીસની સતર્કતાના કારણે તેનો પર્દાફાશ થઈ ગયો છે.

મૂળ સમયાલા ગામની કૃષ્ણદર્શન સોસાયટીમાં રહેતો મહેશ ઉર્ફે રોનક દેવીદાસ દેવરે ઈલોરા પાર્ક વિસ્તારમાં ડ્રગ્સનું ખુલેઆમ કે ગુપ્ત રીતે વેચાણ કરી રહ્યો હોવાની ચોક્કસ બાતમી SOG ટીમને મળી હતી. બાતમીના આધારે પોલીસે ઈલોરાપાર્ક એમઆઈજી ફ્લેટ પાસે વોચ ગોઠવી હતી અને ત્યાં શંકાસ્પદ હાલતમાં ઊભેલી ટેક્સી પાસિંગની કારને ઝડપી પાડી હતી.




પોલીસે કાર અને આરોપીની સઘન તલાશી લેતા તેની પાસેથી રૂ. ૫૫,૦૦૦ ની કિંમતનું ૧૮ ગ્રામથી વધુ MD ડ્રગ્સ મળી આવ્યું હતું. પોલીસે ડ્રગ્સ ઉપરાંત કાર અને બે મોબાઈલ ફોન સહિત કુલ રૂ. ૩,૬૭,૦૦૦ ની મતા જપ્ત કરી લીધી છે.

પોલીસની પ્રાથમિક પૂછપરછ દરમિયાન એવા ચોંકાવનારા ખુલાસા થયા છે કે પકડાયેલા આરોપી મહેશે આ ટેક્સી પાસિંગ વાળી કાર ત્રણેક મહિના પહેલા જ ખરીદી હતી અને તેનો ઉપયોગ ડ્રગ્સની હેરાફેરી તેમજ વેચાણ માટે જ કરવામાં આવતો હતો.

આરોપીએ પૂછપરછમાં એવું પણ કબૂલ્યું છે કે તેણે આ ડ્રગ્સ ચારેક દિવસ પહેલા જ અંકલેશ્વરની વાલિયા ચોકડી પાસેથી 'બિરાદર' નામની વ્યક્તિ પાસેથી ખરીદ્યું હતું. આ માહિતીના આધારે પોલીસે અંકલેશ્વરના આ મુખ્ય સપ્લાયર 'બિરાદર'ને વોન્ટેડ જાહેર કરી દીધો છે અને તેને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. વડોદરામાં યુવાધનને બરબાદ કરી રહેલા આ ડ્રગ્સ સિન્ડિકેટના મૂળ સુધી પહોંચવા માટે પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

ઈલોરા પાર્ક વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી ડ્રગ્સનું ખુલેઆમ વેચાણ થતું હોવાની વિગતોને પગલે એસ.ઓ.જી ની ટીમ વોચમાં હતી. જે દરમિયાન પોલીસને ઈલોરાપાર્ક એમઆઈજી ફ્લેટ પાસે એક કારમાં એમડી ડ્રગ્સનું વેચાણ થતું હોવાની વિગતો મળતા પોલીસે ટેક્સી પાસિંગની કાર શોધી કાઢી હતી.

પોલીસે મહેશ ઉર્ફે રોનક દેવીદાસ દેવરે (કૃષ્ણદર્શન સોસાયટી, સમયાલા,તા.વડોદરા) ને કાર સાથે ઝડપી પાડી તપાસ કરતા અંદરથી રૂ.55000 ની કિંમતનું 18 ગ્રામથી વધુ એમડી ડ્રગ્સ કબજે લીધું હતું. પોલીસે ડ્રગ્સ, કાર અને બે મોબાઈલ સહિત 3.67 લાખની મતા કબજે કરી હતી.

રોનકની પૂછપરછ દરમિયાન ટેક્સી પાસિંગ વાળી કાર ત્રણેક મહિના પહેલા લીધી હોવાની અને ડ્રગ્સ માટે ઉપયોગ કરતો હોવાની વિગતો ખુલી હતી. જ્યારે ચારેક દિવસ પહેલા અંકલેશ્વરની વાલીયા ચોકડી પાસેથી બિરાદર નામની વ્યક્તિ પાસેથી ડ્રગ્સ ખરીદ્યું હોવાની વિગતો બહાર આવતા તેને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.

## વડોદરા ડભોઈ ઝેરી કેમિકલ કૌભાંડ પર્દાફાશ, નોવોસિસ કંપની સામે કડક પગલાં



વડોદરા | વડોદરા જિલ્લાના ડભોઇ વિસ્તારમાં પર્યાવરણ અને જાહેર સ્વાસ્થ્યને ગંભીર નુકસાન પહોંચાડવાના હેતુથી ખુલ્લામાં ઝેરી કેમિકલના થેલા ફેંકી દેવામાં આવ્યા હોવાનો ચોંકાવનારો પર્દાફાશ સ્થાનિક પોલીસ અને તંત્ર દ્વારા કરવામાં આવ્યો છે. આ ગંભીર બાબતને ધ્યાનમાં લઈને પોલીસે ત્રણ કન્ટેનરના ચાલકો તેમજ પાદરા તાલુકાની નોવોસિસ ગ્રીન ટેકનોલોજી કંપનીના સંચાલક સામે ગુનો દાખલ કરીને કાયદેસરની સઘન તપાસ શરૂ કરી છે. એક મહિના પહેલા બનેલી આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે. શહેરમાં અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં અસામાજિક તત્વો દ્વારા ગેરકાયદેસર પ્રવૃત્તિઓ આચરવામાં આવતી હોવાના કિસ્સાઓ અવારનવાર સામે આવતા હોય છે, પરંતુ આ પ્રકારે ખુલ્લામાં ઝેરી કેમિકલ ઠાલવવાથી નિર્દોષ નાગરિકોના સ્વાસ્થ્ય પર મોટું જોખમ ઊભું થયું છે. વડોદરા જિલ્લાના ડભોઇ પાસે આવેલા વેગા તેમજ પલાસવાડા ગામોની સીમમાં આ ઝેરી કચરો ફેંકવામાં આવ્યો હતો, જેનાથી આસપાસના વાતાવરણમાં તીવ્ર દુર્ગંધ ફેલાઈ ગઈ હતી.

## સાગર સુરક્ષા કવચ : ગુજરાત ના ૧૬૦૦ કિલોમીટર લાંબા દરિયાકાંઠા ની સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવા માટે : જાફરાબાદ મરીન પોલીસ જુદી જુદી એજન્સીઓ દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ દરિયાઈ મોક ડ્રીલ



ગુજરાતના સોળસો કિલોમીટર લાંબા દરિયાકાંઠાની સુરક્ષા વ્યવસ્થાને મજબૂત કરવા માટે યોજાતી એક અત્યંત મહત્વપૂર્ણ દરિયાઈ મોક ડ્રીલ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

સાગર કવચ' (અથવા સાગર સુરક્ષા કવચ) માછીમારોને જાગૃતી અભિયાન અંતર્ગત મદદનીશ મત્સ્યોદ્યોગ કચેરી નિયંત્રણ હેઠળના જાફરાબાદ, શિયાળબેટ, ચાંચ બંદર, નવાબંદર, સૈયદ રાજપરા, સીમર બંદર, ખાતે દરિયાઈ સલામતી માટે બે દિવસ સાગર સુરક્ષા કવચ નું આયોજન ગુજરાતના ૧૬૦૦ કિલોમીટર લાંબા દરિયાકાંઠાની સુરક્ષા વ્યવસ્થાને મજબૂત કરવા માટે યોજાતી એક અત્યંત મહત્વપૂર્ણ દરિયાઈ મોક ડ્રીલ (કવાયત) વ્યૂહાત્મક બંદર એવા જાફરાબાદ અને તેના આસપાસના દરિયાઈ વિસ્તારો (જેમ કે સરકેશ્વર બીચ) આ સુરક્ષા અભિયાનનો એક મુખ્ય ભાગ રહે છે.૨૬/૧૧ના આતંકવાદી હુમલા બાદ દેશના દરિયાકાંઠાની રાષ્ટ્રીય સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ અને વિવિધ સુરક્ષા એજન્સીઓ દ્વારા વર્ષમાં બે વાર આ સંયુક્ત કવાયતનું આયોજન કરવામાં આવે છે. આ મોક ડ્રીલ કવાયતમાં દરિયાઈ સલામતી સાથે જોડાયેલ તમામ એજન્સીઓ જેવીકે ભારતીય નૌસેના, કોસ્ટ ગાર્ડ, રાજ્ય પોલીસ, ફિશરીઝ અને મેરી ટાઈમ બોર્ડ દ્વારા દરીયા માં પેટ્રોલિંગ ચેકીંગ હાથ ધરવામાં આવ્યું આ અભિયાન દરમ્યાન સાગરખેડૂ ઓ સંકટ સમયે કે કોઈ શંકાસ્પદ બોટ દેખાઈ તે સમયે કોસ્ટ ગાર્ડ ના ટ્રોલ ફ્રી નંબર ૧૦૯૩ પણ જાણ કરવા માટે તેમજ સમાજના આગેવાનો, બોટ એસોશીએસનના પ્રમુખ તથા બોટ માલિકો એ પણ કોસ્ટ ગાર્ડ ના ટ્રોલ ફ્રી નંબર નો ઉપયોગ કરવો માછીમારોને કોઈ શંકાસ્પદ કે ગેરકાનૂની પ્રવૃત્તિ કરતા વ્યક્તિ અથવા રાષ્ટ્રીય સુરક્ષા વિરોધી કોઈ પણ કાર્ય કરતા જણાય કે કોઈ શંકાસ્પદ બોટ વ્યક્તિની મુવમેન્ટ ધ્યાને આવે તો સ્થાનિક મરીન પોલીસ નેવીનો તાત્કાલિક સંપર્ક જણાવવામાં આવેલ આ અભિયાન દરમ્યાન માછીમારોની બોટો જાળ તથા માછીમારો ને હાનિ ન પહોંચે તે માટે આ સમયગાળા દરમ્યાન માછીમારોને જાગૃત રહેવા અનુરોધ કરવામાં આવ્યો આ મોક ડ્રીલ દરમિયાન મરીન પોલીસ દ્વારા દરિયાઈ માં પેટ્રોલિંગ . આયોજનનો મુખ્ય હેતુ : આતંકવાદી ઘૂસણખોરી અટકાવવી: દરિયાઈ માર્ગે થતી દેશવિરોધી પ્રવૃત્તિઓ અને આતંકવાદી ઘૂસણખોરીને નિષ્ફળ બનાવવી.એજન્સીઓ વચ્ચે સંકલન: ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ (ICG), ભારતીય નૌસેના (Navy), મરીન પોલીસ, સ્થાનિક પોલીસ, કસ્ટમ્સ, ઈન્ટેલિજન્સ બ્યુરો (IB) અને ગુજરાત મેરિટાઈમ બોર્ડ (GMB) જેવી ૧૭થી વધુ એજન્સીઓ વચ્ચે આપત્તિ સમયનું સંકલન ચકાસવું. તત્પરતાની ચકાસણી સુરક્ષા દળોના જવાનોની એલર્ટનેસ અને સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP)નું વાસ્તવિક મૂલ્યાંકન કરવું. કવાયત દરમિયાન થતી મુખ્ય પ્રવૃત્તિઓ : રેડ અને બ્લુ ટીમમાં વિભાજન: સુરક્ષા દળોને બે ભાગમાં વહેંચવામાં આવે છે. 'રેડ ટીમ' નકલી આતંકવાદી બનીને દરિયાઈ માર્ગે ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરે છે, જ્યારે 'બ્લુ ટીમ' (મરીન પોલીસ અને સુરક્ષા એજન્સીઓ) તેમને શોધીને તટસ્થ કરવાનું કામ કરે છે.સઘન પેટ્રોલિંગ અને ચેકિંગ: જાફરાબાદ મરીન પોલીસ દ્વારા સ્થાનિક જેટી, બંદરો અને શંખેશ્વર બીચ જેવા સંવેદનશીલ વિસ્તારોમાં આંતરરાષ્ટ્રીય સરહદોની જેમ ચોકી પહેરો અને બોટ ચેકિંગ સખત કરવામાં આવે છે. માછીમારોની જાગૃતિ: આ કવાયત અંતર્ગત જાફરાબાદ મરીન પોલીસ દ્વારા સ્થાનિક માછીમારો માટે જાગૃતિ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું દરિયાઈ સુરક્ષા માટે યોજાયેલ સાગર સુરક્ષા કવચ સાથે માછીમારોને જાગૃત કરવામાં આવ્યા હતા.

## રાજકોટ જમીન કૌભાંડ અલ્પેશ દોંગા દસ્તાવેજ, ક્રાઈમ બ્રાન્ચ તપાસ કરશે




રાજકોટ | રાજ્યના સૌરાષ્ટ્ર વિસ્તારમાં ખેડૂતોને આર્થિક લોન આપીને ત્યારબાદ ઊંચા વ્યાજની જાળમાં ફસાવીને તેમજ વિવિધ પ્રકારની ધાકધમકીઓ આપીને તેમની કિંમતી જમીનો બળજબરીપૂર્વક હડપ કરી લેનાર કુખ્યાત અને મહાકૌભાંડકાર અલ્પેશ દોંગા સામે ચાલી રહેલી તપાસમાં પોલીસ અને વિશેષ તપાસ ટીમ પણ ચોંકી ઉઠી છે. આ કુખ્યાત શખ્સની અલગ-અલગ જગ્યાએ આવેલી ઓફિસો અને અગાઉ અજાણ રહેલા ઠેકાણાઓ પરથી તપાસ કરનાર ટીમને વધુ એકસોથી વધુ દસ્તાવેજો મળી આવ્યા છે, જેના કારણે અત્યાર સુધીમાં કુલ અઢીસોથી પણ વધુ શંકાસ્પદ અને વિવાદાસ્પદ દસ્તાવેજો પોલીસ દ્વારા સત્તાવાર રીતે કબજે કરવામાં આવ્યા છે. આ સમગ્ર તોસ્તાન કૌભાંડનો વ્યાપ ધારણા કરતા ઘણો મોટો હોવાનું હવે સપાટી પર આવી રહ્યું છે, જેને લઈને સ્થાનિક ખેડૂત આલમમાં ભારે ચકચાર મચી જવા પામી છે. શહેરમાં અગાઉ પણ આવા અનેક અસામાજિક તત્વો દ્વારા ભોળા અને સિધા સાદા ખેડૂતોને ટાર્ગેટ બનાવવામાં આવ્યા હોવાના કિસ્સાઓ સામે આવ્યા છે, પરંતુ આ કૌભાંડનું કદ અત્યાર સુધીના તમામ રેકોર્ડ તોડી નાખે તેવું જણાઈ રહ્યું છે.

## વડોદરામાં નવરાત્રિ અગાઉ

# પોલીસ સર્વેલન્સ ડ્રોન ચેકિંગ સુરક્ષા વ્યવસ્થા



(એજન્સી) વડોદરા । તા. 08

સંસ્કારી નગરી તરીકે જાણીતા વડોદરા શહેરમાં આગામી નવરાત્રિનાાવસરોને ધ્યાનમાં રાખીને પોલીસ તંત્ર દ્વારા અત્યારથી જ સુરક્ષા અને કાયદો વ્યવસ્થાનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. રાજ્યના અગ્રેસર અને સુરક્ષિત વાતાવરણ વચ્ચે ખેલૈયાઓ કોઈપણ પ્રકારના ડર વગર ઉત્સાહપૂર્વક ગરબા રમી શકે તે માટે પોલીસની વિવિધ શાખાઓ અને સુરક્ષા દળો દ્વારા શહેરના ખૂણે-ખૂણે બાઝ નજર રાખવામાં આવી રહી છે. ખાસ કરીને સંવેદનશીલ વિસ્તારો અને મોટા ગરબા આયોજનોમાં અસામાજિક તત્વો પર અંકુશ મેળવવા માટે વહીવટી તંત્ર દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે જેથી કોઈ અનિચ્છનીય ઘટના ન બને.

શહેરમાં નવરાત્રિના પવિત્ર તહેવાર પહેલા જ પોલીસની જુદીજુદી બ્રાન્ચો અને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા ગરબા ગ્રાઉન્ડ્સ તેમજ તેની આસપાસના વિસ્તારોમાં રોજેરોજ સઘન ચેકિંગ અને પેટ્રોલિંગ કરવાની શરૂઆત કરી દેવામાં આવી છે. તહેવારો દરમિયાન લાખોની સંખ્યામાં ખેલૈયાઓ અને નાગરિકો એકત્રિત થતા હોય છે, જેને લઈને સુરક્ષા વ્યવસ્થામાં કોઈ પણ પ્રકારની ચૂક ન રહી જાય તે માટે પોલીસ વિભાગ અત્યંત સજ્જ બન્યો છે. અગાઉના વર્ષોના અનુભવોને ધ્યાનમાં રાખીને આ વખતે સુરક્ષાના ધોરણોને વધુ કડક બનાવવામાં આવ્યા છે જેથી દરેક નાગરિક સુરક્ષિત અનુભવી શકે.

નવરાત્રિના પર્વ દરમિયાન ઉત્સવ માહોલમાં કોઈપણ પ્રકારની ગરબડ કે સુરક્ષા જોખમ ઊભું ન થાય તે માટે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા વિવિધ મોટા ગરબા ગ્રાઉન્ડ્સ, રેલવે સ્ટેશન અને બસ ડેપો જેવા અત્યંત ભીડભાડ વાળા જાહેર સ્થળો પર અત્યાધુનિક ડ્રોન કેમેરા દ્વારા એરિયલ સર્વેલન્સ કરવામાં આવી રહ્યું છે. આ ડ્રોન કેમેરાની મદદથી આકાશમાંથી સમગ્ર વિસ્તાર પર સતત નજર રાખવામાં આવી રહી છે જેથી કોઈપણ શંકાસ્પદ હિલચાલ તુરંત પકડી શકાય. આ ઉપરાંત, કોઈ પણ આકસ્મિક પરિસ્થિતિને પહોંચી વસવા માટે બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ અને ડોગ સ્કવોડની ટીમો પણ શહેરના મોટા ગરબા ગ્રાઉન્ડ્સ પર સઘન ચેકિંગ હાથ ધરી રહી છે.

પોલીસ કમિશનરે શહેરના તમામ ઉચ્ચ અધિકારીઓ અને સંબંધિત વિસ્તારના પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટરોને સ્પષ્ટ સૂચનાઓ આપી છે કે તેઓ ગરબા ગ્રાઉન્ડ પર સતત હાજર રહીને બંદોબસ્ત પર નજર રાખે અને શહેરના દૂરના તથા અવાવરું વિસ્તારોમાં પણ પોલીસ પેટ્રોલિંગ નિયમિત રીતે જારી રાખે. નવરાત્રિના દિવસોમાં ટ્રાફિકની સમસ્યા સૌથી મોટો અને પેચીદો પ્રશ્ન બનતી હોય છે, જેના કારણે પોલીસ દ્વારા સુરક્ષાની સાથેસાથે ટ્રાફિક વ્યવસ્થાપનને પણ સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે.

## બે મિત્રો બચી ગયા : ફાયર બ્રિગેડ અને પોલીસની ત્રણ કલાકની ભારે જહેમત બાદ કેનાલમાંથી બંનેના મૃતદેહો કરાયા બહાર

# વડોદરાની ભીમપુરા કેનાલમાં બે વિદ્યાર્થીના ડૂબી જતાં મોત

(એજન્સી) વડોદરા । તા. 08

વડોદરાની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી પસાર થતી કેનાલો દિવસેને દિવસે અત્યંત જોખમી સાબિત થઈ રહી છે અને ડૂબી જવાના અવારનવાર બનતા બનાવો વચ્ચે ગુરુવારે બપોરે વધુ એક કરૂણ દુર્ઘટના સામે આવી છે. વડોદરા નજીક આવેલા ભીમપુરા ગામની કેનાલમાં નાહવા પડેલા સેવાસીની ઝેવિયર ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂટના બે વિદ્યાર્થીઓ પાણીના પ્રવાહમાં તણાઈ જતાં મોત નીપજ્યા છે, જ્યારે તેમના અન્ય બે સાથીદારોનો બચાવ થયો છે. આ અચાનક બનેલી ઘટનાથી બંને પરિવારમાં ભારે ગમગીની અને શોકનો માહોલ છવાઈ ગયો છે.

સેવાસી ખાતે આવેલી ઝેવિયર ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂટમાં અભ્યાસ કરતા ચાર વિદ્યાર્થીઓ આજે બપોરે નજીકના ભીમપુરા વિસ્તાર તરફ ફરવા નીકળ્યા હતા. તે દરમિયાન કિશનસિંહ જાદવ (ઉં.વ. ૧૯, રહે. અભિષેક ફ્લેટ પાછળ, દરબાર ચોકડી પાસે, માંજલપુર, વડોદરા) અને તેનો મિત્ર પ્રિતેશ ચૌહાણ (ઉં.વ. ૧૭, રહે. હટીપુરા ગામ, આંકલાવ પાસે) ગરમીથી રાહત મેળવવા માટે કેનાલમાં નાહવા માટે ઉતર્યા હતા. જ્યારે આ બંને વિદ્યાર્થીઓ કેનાલમાં ન્હાતા હતા, ત્યારે તેમની સાથે આવેલા અન્ય બે વિદ્યાર્થીઓ લઘુશંકા માટે થોડે દૂર બીજી બાજુ ગયા હતા. આ ટૂંકા સમયગાળા દરમિયાન જ કિશનસિંહ અને પ્રિતેશ પાણીના અચાનક આવેલા ધસમસતા પ્રવાહમાં સંતુલન ગુમાવી બેઠા અને ઊંડા પાણીમાં તણાઈ ગયા હતા. જ્યારે અન્ય મિત્રો પરત ફર્યા અને બંને વિદ્યાર્થીઓ નજરે ન પડ્યા ત્યારે તેઓએ ભારે શોધખોળ શરૂ કરી હતી અને આસપાસના ગ્રામજનોને જાણ કરી હતી. ઘટનાની ગંભીરતાને જોઈને મોટી સંખ્યામાં સ્થાનિક લોકો એકત્રિત થઈ ગયા હતા અને વડોદરા તાલુકા પોલીસ સ્ટેશનની ટીમ તથા ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. માહિતી મળતા જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને કેનાલમાં રેસ્ક્યુ ઓપરેશન શરૂ કર્યું હતું. લગભગ ત્રણ કલાક સુધી કેનાલના પ્રવાહમાં સઘન શોધખોળ કર્યા બાદ ફાયર જવાનોએ બંને વિદ્યાર્થીઓના શબ પાણીમાંથી બહાર શોધી કાઢ્યા હતા. પોલીસે બંનેના મૃતદેહને કબજે કરી પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપ્યા છે અને અકસ્માત મોતનો ગુનો નોંધીને આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે. યુવાન વયના દીકરાઓના અચાનક આકસ્મિક મૃત્યુથી બંને પરિવારજનોના આક્રંદથી વાતાવરણ હ્રદયદ્રાવક બની ગયું હતું.



વડોદરાની આસપાસના વિસ્તારમાંથી પસાર થતી કેનાલો જોખમી બની રહી છે અને ડૂબવાના અને મૃતદેહ મળી આવવાના છાશવારે બનાવો બની રહ્યા છે.આજે નમતી બપોરે આવા જ એક બનાવમાં ભીમપુરા કેનાલમાં બે વિદ્યાર્થી ડૂબી જતાં ભારે ગમગીની વ્યાપી છે. સેવાસી નજીક આવેલા ઝેવિયર ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂટના ચાર વિદ્યાર્થીઓ આજે બપોરે નજીકના ભીમપુરા તરફ ગયા હતા. જે પૈકી કિશનસિંહ જાદવ(૧૯) (માંજલપુર,દરબાર ચોકડી પાસે,અભિષેક ફ્લેટ પાછળ) અને તેનો મિત્ર પ્રિતેશ ચૌહાણ(૧૭) (હટીપુરા ગામ, આંકલાવ પાસે)કેનાલમાં નાહવા ઉતર્યા હતા.

## વડોદરામાં ચાલુ ટ્રેનમાં ફટાકડા ફોડ્યા

# એક્સપ્રેસ ટ્રેનમાં બનેલી એક અત્યંત ચોંકાવનારી ઘટના

(એજન્સી) વડોદરા । તા. 08

ભારતીય રેલવે પ્રવાસને હંમેશાં સલામત અને સુવિધાજનક માનવામાં આવે છે, પરંતુ કેટલીકવાર કેટલાક અસામાજિક તત્વોની બેજવાબદારીભરી હરકતોના કારણે મુસાફરો માટે આ મુસાફરી કોઈ ડાકુઓની સફર જેવી બની જતી હોય છે. તાજેતરમાં મથુરાથી વડોદરા તરફ આવી રહેલી એક એક્સપ્રેસ ટ્રેનમાં બનેલી એક અત્યંત ચોંકાવનારી ઘટનાએ સમગ્ર રેલવે પ્રશાસન અને મુસાફરોને હચમચાવી દીધા છે. ટ્રેનના બંધ કોચની અંદર કેટલાક તોફાની વિદ્યાર્થીઓ અને અન્ય શખ્સો દ્વારા બેફામ બનીને ફટાકડા ફોડવામાં આવ્યા હતા અને મુસાફરોને ભારે માનસિક ત્રાસ આપવામાં આવ્યો હતો, જેને લઈને વડોદરા રેલવે પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવ્યા બાદ ઊંડાણપૂર્વક તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.

દેશભરમાં ટ્રેનોમાં મુસાફરી કરતા લાખો નાગરિકોની સલામતી હંમેશાં સર્વોચ્ચ પ્રાથમિકતા રહી છે, પરંતુ રેલવે ડબ્બામાં આ પ્રકારે ઘાતક પદાર્થોનો ઉપયોગ થવાના કિસ્સાઓ ચિંતાનો વિષય બનતા જાય છે. પ્રાપ્ત વિગતો અનુસાર, માંજલપુર વિસ્તારમાં રહેતા અશુભ અને વડીલ નાગરિક ભરતકુમાર રાણા અને તેમના ભાઈ પ્રકાશકુમાર રાણા ગત બીજી ઓક્ટોબરના રોજ સાંજના સુમારે ઉત્તર પ્રદેશના મથુરા જંક્શનથી વડોદરા આવવા માટે ગરીબ રથ ટ્રેનમાં સવાર થયા હતા. મુસાફરી દરમિયાન જી-બાર નંબરના કોચમાં બનેલી આ ઘટનાએ સાબિત કરી દીધું છે કે ટ્રેનોમાં મુસાફરી કરતા સામાન્ય અને વરિષ્ઠ નાગરિકોની સુરક્ષા સામે હજુ પણ મોટા જોખમો તોળાઈ રહ્યા છે, અને સમયસર કડક પગલાં ન લેવાય તો મોટી જાનહાનિ સર્જાઈ શકે છે.

પ્રાપ્ત માહિતી મુજબ, ટ્રેન જ્યારે નિઝામુદ્દીન તરફથી મુંબઈ તરફ આગળ વધી રહી હતી ત્યારે જી-બાર કોચમાં બેઠેલા કેટલાક વિદ્યાર્થીઓ અને અન્ય મુસાફરો દ્વારા અત્યંત મોટેથી ફિલ્મી ગીતો વગાડવામાં આવી રહ્યા હતા.

## પોલીસની સતર્કતાથી મોટો લોહિયાળ ખેલ થતો અટકી

# રાજકોટ હથિયાર સાથે ચાર શખ્સો ઝડપાયા

(એજન્સી) રાજકોટ । તા. 08

રાજ્યના અગ્રેસર અને વેપારી કેન્દ્ર તરીકે જાણીતા રાજકોટ શહેરમાં અસામાજિક તત્વો અને ગુનાહિત પ્રવૃત્તિઓ આચરતા શખ્સો સામે પોલીસ તંત્ર દ્વારા સઘન અને કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, જેના ભાગરૂપે ગત રોજ એક મોટી ઘટનાને અંજામ આપતા પહેલા જ ઘાતક હથિયારો સાથે સજ્જ ચાર શખ્સોને પોલીસે ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. આ ઘટનાને લઈને સ્થાનિક રહીશોમાં ભારે ચકચાર મચી જવા પામી છે અને પોલીસની સતર્કતાના કારણે એક મોટો લોહિયાળ ખેલ થતો અટકી ગયો છે, જેને લઈને નાગરિકો દ્વારા રાહતનો શ્વાસ લેવામાં આવી રહ્યો છે.

શહેરમાં છેલ્લા કેટલાક સમયથી અસામાજિક તત્વો, લુખ્ખા તત્વો અને ગુનાહિત પૃષ્ઠભૂમિ ધરાવતા શખ્સોની ગતિવિધિઓ વધી રહી હોવાની ફરિયાદો અવારનવાર સામે આવતી હોય છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ભગવતીપરા વિસ્તારમાં રહેતા ગૌરાંગ ઉર્ફે ગવલો બાવાજી અને સિકંદર રાઉમા વચ્ચે છેલ્લા પાંચ વર્ષથી જૂની અદાવત અને અણબનાવ ચાલી રહ્યો હતો. આ લાંબી તકરાર અને અદાવતના કારણે આરોપી સિકંદર અને તેના અન્ય ત્રણ સાગરીતોએ ગૌરાંગનું કામ તમામ કરવા માટેનું એક ખતરનાક અને ઘાતક કાવતરું ઘડ્યું હતું અને રાત્રિના સુમારે ઘાતક હથિયારો સાથે તેના પર હુમલો કરવાની યોજના બનાવી હતી. સમયસર મળેલી બાતમીને આધારે પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને આ ગંભીર યોજનાને નિષ્ફળ બનાવી દીધી છે.

મળતી માહિતી મુજબ, ગઈકાલે રાત્રે ભગવતીપરા વિસ્તારમાં ગૌરાંગ ઉપર શરૂઆતમાં ફરસી જેવા ઘાતક હથિયાર વડે હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં તેને મામૂલી ઈજાઓ પહોંચી હતી. આ બનાવની જાણ થતાં જ બી ડિવીઝન પોલીસ સ્ટેશનના જમાદાર ક્રિપાલસિંહ જાડેજા તથા તેમની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને સઘન તપાસ હાથ ધરી હતી.

# આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમારા ઉચ્ચ આત્મવિશ્વાસને આજે સારા ઉપયોગમાં લેવાનો પ્રયાસ કરો. દોડધામભર્યો દિવસ હોવા છતાં તમે તમારી શક્તિ પાછી મેળવી શકશો. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું.

**વૃષભ : બ. વ. ઉ.**

ગુસ્સાની લહેર આજે વાદ-વિવાદ તથા ઘર્ષણ ભણી દોરી જશે. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો. બાળકો તથા તમારાથી ઓછો અનુભવ ધરાવતા લોકો સાથ તમારે ધીરજથી કામ લેવું પડશે. આજે તમારી કોઈ ખરાબ ટેવ તમારા પ્રેમી ને ખરાબ લાગી શકે છે.

**મિથુન : ક. છ. ઘ.**

આજે તમારૂં સ્વાસ્થ્ય નિરામય રહે એવી શક્યતા છે જે તમને સફળતા આપશે. પણ તમારી દૃઢતાને નુકસાન પહોંચાડે એવી બાબતોને તમારે ટાળવી રહી. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો. તમારા શોખ પોષવા તથા તમારા પરિવારના સભ્યોને મદદ કરવા માટે પણ તમે તમારો થોડો સમય ખર્ચી શકો છો.

**કર્ક : ડ. હ.**

તમે નવરાશની લહેજત માણવાના છો. અનિચ્છીત કોઈ મહેમાન આજે ઘરે આવી શકે છે જેના આવવા થી તમારે તે વસ્તુઓ ઉપર પણ ખર્ચ કરવો પડી શકે છે જેને તમે આવતા મહિને કરવાનું વિચાર્યું હતું ઘરના મોરચે મુશ્કેલીઓનો ચરૂ ઉકળી રહ્યો છે આથી તમે જે બોલો છો તે અંગે સાવચેતી રાખજો.

**સિંહ : મ. ટ.**

વધુ પડતી કેલૅરી ધરાવતું ભોજન ટાળો અને તમારા વ્યાયામને ભક્તિભાવપૂર્વક વળગી રહો. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે. તમે ભાગ્યે જ મળતા હો એવા લોકો સાથે સંપર્ક સાધવા માટે સારો દિવસ.

**કન્યા : પ. ઠ. ણ.**

આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશો-પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. વિવિધ સ્થળેથી આર્થિક લાભ મળી રહેશે. સંબંધો સાથે જોડાણો અને બંધનો તાજાં કરવાનો દિવસ. લાંબા સમયથી તમને ઝકડી રાખનારો એકાંતભર્યો તબક્કો પૂરો થાય છે.

**તુલા : ર. ત.**

મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. આજે કોઈ વિપરીત લિંગી ની મદદ થી તમને નોકરી અથવા વેપાર માં આર્થિક લાભ થવા ની શક્યતા છે. ઘરમાં કોઈપણ પ્રકારના ફેરફાર કરતા પૂર્વે તમારા વડીલોના સલાહ-સૂચન લો અન્યથા તેનાથી ગુસ્સો તથા નારાજગીને આમંત્રણ મળશે.

**વૃશ્ચિક : ન. ય.**

તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. લાંબા ગાળાના કોઈપણ રોકાણ ટાળો તથા તમારા સારા મિત્ર સાથે કેટલીક ખુશીભરી ક્ષણો વિતાવો.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

ગર્ભવતી સ્ત્રીઓ જમીન પર ચાલતી વખતે ખાસ દરકાર રાખે અને શક્ય હોય તો ધૂમ્રપાન કરતા મિત્ર સાથે ઊભાં ન રહો કેમ કે તે તમારા ભાવિ બાળક માટે જોખમી પુરવાર થઈ શકે છે. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ.

**મકર : ખ. જ.**

વધુ પડતું ખાવું તથા ઉચ્ચ કેલૅરી ધરાવતો ખોરાક ટાળવો. ધન ની આવશ્યકતા ક્યારેક પણ પડી શકે છે તેથી જેટલું શક્ય હોય પોતાના પૈસા ની બચત કરવાનું વિચાર બનાવો ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો.

**કુંભ : ગ. સ. શ. ષ.**

રમતગમત તથા અન્ય આઉટડૉર પ્રવૃત્તિઓમાં ભાગ લેવાથી તમે તમારી ખોવાયેલી શક્તિ ભેગી કરવામાં તમને મદદ મળશે. નોકરીપેશા લોકો ને આજે ધન ની ઘણી આવશ્યકતા પડશે પરંતુ ગત દિવસો માં કરેલા ફિજૂલખર્ચી ના લીધે તમારી જોડે પર્યાપ્ત ધન નહિ હોય.

**મીન : દ. ચ. ઝ. થ.**

તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. ગત દિવસો માં જેટલું ધન તમે પોતાના આજ ને સારું કરવા માટે નિવેશ કર્યું હતું તેનું ફાયદો તમને આજે મળી શકે છે. વૈવાહિક જોડાણમાં પ્રવેશવા માટે સારો સમય.

## આસો નવરાત્રિ

### નવરાત્રિ માટે પાવાગઢ રોપ-વે અને દર્શનના સમયમાં કરાયો મોટો ફેરફાર, ભક્તોની ભીડને ધ્યાને રાખી નિર્ણય



પાવાગઢ: આસો નવરાત્રિમાં પાવાગઢના કાલિકા માતા મંદિરે દર્શનાર્થીઓની ભારે ભીડને ધ્યાનમાં રાખીને ટ્રસ્ટ અને રોપ-વે સંચાલકોએ સમયમાં ફેરફાર કર્યો છે. નવરાત્રિ દરમિયાન મંદિર સવારે 5-6 વાગ્યે ખુલશે અને રાત્રે 8:30 સુધી દર્શન થઈ શકશે. રોપ-વે સેવા સવારે 4 વાગ્યાથી શરૂ થશે, જે ભીડ વધુ હોય તો મોડી રાત સુધી ચાલુ રહેશે. યાત્રાધામ પાવાગઢ ખાતે આસો નવરાત્રિના પવિત્ર પર્વ દરમિયાન શ્રી કાલિકા માતાજીના દર્શનાર્થે લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડતા હોય છે. ભક્તોની આ ભારે ભીડ અને સુવિધાને ધ્યાનમાં રાખીને શ્રી કાલિકા માતાજી પાવાગઢ ટ્રસ્ટ તથા રોપ-વે સંચાલકો દ્વારા દર્શન અને રોપ-વે સેવાના સમયપત્રકમાં મહત્ત્વપૂર્ણ ફેરફારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં નવરાત્રિના દિવસોમાં મંદિરના દ્વાર દરરોજ સવારે 5-6 વાગ્યે દર્શનાર્થીઓ માટે ખોલી દેવામાં આવશે અને રાત્રિના 8:30 વાગ્યા સુધી ભક્તો માતાજીના દર્શન કરી શકશે.યાત્રાળુઓની સુગમતા માટે રોપ-વે સેવાની કામગીરીમાં પણ ખાસ આયોજન કરવામાં આવ્યું છે. સામાન્ય દિવસોમાં સવારે 5:00 વાગ્યાથી શરુ થતી રોપ-વે સેવા નવરાત્રિના તહેવાર દરમિયાન વહેલી સવારે 4:00 વાગ્યાથી જ કાર્યરત કરી દેવાશે. ખાસ કરીને આસો નવરાત્રિના નોરતાના મહત્ત્વના દિવસો જેવા કે એકમ, ત્રીજ, સાતમ, આઠમ, નોમ, તેરસ, ચૌદસ અને પૂનમના દિવસે રોપ-વે સેવા સવારે 4:00 વાગ્યાથી શરૂ થઈને રાત્રિના 9:00 વાગ્યા સુધી સતત ચાલુ રાખવામાં આવશે.

---

## ટેન્કરચાલકે ટ્રક, પદયાત્રીઓ અને દુકાનને અડફેટે લીધી

# પંચમહાલ: જાંબુઘોડા-હાલોલ હાઈવે પર બેફામ ટેન્કરે સર્જ્યો અકસ્માત, પિતા-પુત્રીનું મોત, 9 પદયાત્રીઓ ઈજાગ્રસ્ત

(એજન્સી) પંચમહાલ | તા.08

પંચમહાલના જાંબુઘોડા-હાલોલ હાઈવે પર ઝબાન ગામ નજીક ગમખ્વાર અકસ્માત સર્જાયો. પૂરપાટ ઝડપે આવતા ટેન્કરચાલકે કાબૂ ગુમાવતા ટ્રક, પદયાત્રીઓ અને દુકાનને અડફેટે લીધી. આ દુર્ઘટનામાં દુકાનદાર પિતા-પુત્રીનું ઘટનાસ્થળે જ મોત થયું, જ્યારે 9 પદયાત્રીઓ ઈજાગ્રસ્ત થયા. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા-હાલોલ નેશનલ હાઈવે પર આવેલા ઝબાન ગામના મલબાર પાટિયા નજીક એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. પૂરઝડપે આવી રહેલા એક ટેન્કરના ચાલકે સ્ટેયરિંગ પરનો કાબૂ ગુમાવી દેતાં, રસ્તા પરના વાહનો તથા પદયાત્રીઓને અડફેટે લઈ ટેન્કર રોડ કિનારે આવેલી દુકાનમાં ઘૂસી ગયું હતું. આ ગંભીર દુર્ઘટનામાં દુકાન ચલાવતા પિતા અને તેની પુત્રીનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.



મળતી માહિતી અનુસાર, ઘટના સમયે જાંબુઘોડા તરફથી પુરપાટ ઝડપે આવી રહેલા ટેન્કરે સામેથી આવતી ટ્રક સાથે જોરદાર ટક્કર મારી હતી. ત્યારબાદ પાવાગઢથી દર્શન કરીને મધ્ય પ્રદેશ પરત ફરી રહેલા શ્રદ્ધાળુ પદયાત્રીઓની કાર તથા રસ્તા પર ચાલી રહેલા લોકોને અડફેટે લીધા હતા. આટલેથી ન અટકતાં અનિયંત્રિત ટેન્કર માર્ગ કિનારે આવેલી દુકાનમાં ધડાકાભેર ઘૂસી ગયું હતું. આ અકસ્માતમાં દુકાનમાં હાજર દીપસંગ રાઠવા અને તેની માસૂમ પુત્રી દેવાંશીનું કચડાઈ જવાથી ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે મૃતકના પત્નીનો આબાદ બચાવ થયો હતો.આ અકસ્માતમાં મધ્ય પ્રદેશના 9 જેટલા પદયાત્રીઓને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ થતાં જ 108 એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક જાંબુઘોડા સામુહિક આરોગ્ય કેન્દ્ર (CHC) ખાતે ખસેડવામાં આવ્યા હતા. ત્યાં ડૉક્ટરોની ટીમે પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ ગંભીર હાલત ધરાવતા 6 ઈજાગ્રસ્તોને વધુ સારવાર અર્થે બોડેલી ખાતે રિફર કરવામાં આવ્યા છે.અકસ્માતને પગલે હાઈવે પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. ઘટનાની જાણ થતાં જ જાંબુઘોડા પોલીસનો કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો અને રોડ પરનો ટ્રાફિક હળવો કરી વાહનવ્યવહાર પૂર્વવત કરાવ્યો હતો. પોલીસે ટેન્કરચાલક સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

---

## વજન માપ સાધનોની ખરાઈ ન કરાવનાર ૮ વેપારીને રૂા. ૨૦,૫૦૦નો દંડ ફટકારાયો

ભાવનગર : જિલ્લા તોલમાપ વિભાગ દ્વારા ગતમાસમાં હાથ ધરેલ મોબાઈલ ચેકીંગ ડ્રાઈવ અંતર્ગત વિવિધ તાલુકા મથકો પરથી વજનમાપ હેઠળ સાધનોની ખરાઈ ન કરાવનારા ૮ યુનિટ મળી આવ્યા હતા. જ્યારે ડેરી પ્રોડક્ટમાં વધુ ભાવ લેવાતા પીસીઆરનો એક કેસ નોંધાવા પામ્યો હતો.ગ્રાહકોની સુરક્ષા માટે કાર્યરત તોલમાપ વિભાગ દ્વારા સઘન કાર્યવાહી હાથ ધરાય ચે. જે અંતર્ગત ગત માસમાં મોબાઈલ ચેકીંગ ડ્રાઈવ અંતર્ગત રેસ્ટોરન્ટ કેક શોપ, વાસણના વેપારી, મીઠાઈ, ફરસાણના વેપારી, પેટ્રોલ પંપ અને વે બ્રીજ એમ કુલ આઠ એકમોમાં નિયત સમય મર્યાદામાં વજન માપ સાધનોનું ફેર ચકાસણી મુદ્રાંકન નહીં કરાવતા આ તમામ એકમો સામે ધી લીગલ મેટ્રોલોજી એન્ફર્સમેન્ટ રૂલ્સ ૨૦૧૧ અન્વયે કાર્યવાહી કરવામાં આવી હતી. જ્યારે ડેરી પ્રોડક્ટસમાં વધુ ભાવ લેવા બદલ પેકેજ કોમોડીટી રૂલ્સ ૨૦૧૧ અન્વયે કાર્યવાહી હાથ ધરાઈ હતી. આમ વજન માપનાં ૮ કેસમાં ૨૦,૫૦ રૂપિયા અને પીસીઆરનાં એક કેસમાં રૂા. ૧૦,૦૦૦ મળી કુલ ૩૦,૫૦૦નો દંડ માંડવાલ ફી પેટે વસુલાત કરવામાં આવી હતી. જ્યારે ચાલુ માસ દરમિયાન ચકાસણી પાત્ર વાર્ષિક અને દ્વિવાર્ષિક વેપારીઓનાં ઈલેક્ટ્રીક તેમજ મેકેનિક વજન માપ સાધનોની ખરાઈ માટે ૩૧૮ નિરિક્ષણ કરાયા હતા. જ્યારે જિલ્લાં ૬૮૮ વેપારીએ પોતાનાં ૪૧૦૩ વજન માપ સાધનોની ચકાસણી મુન્દ્રાંકન કરાયું હતું.

---

## 37 લાખનો દારૂ SMCએ પકડતાં જામનગરના PSI સહિત 8 સસ્પેન્ડ

જામનગર : જામનગર તાલુકાના નાઘેડી ગામ નજીક જીઆઈડીસી વિસ્તારમાં સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે દરોડો પાડી મોટા પાયે ચાલી રહેલા વિદેશી દારૂના કટિંગનો પર્દાફાશ કરી રૂ.૧.૩૭ કરોડનો મુદ્દામાલ કબજે કર્યા બાદ સ્થાનિક પોલીસ સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. પંચકોશી-બી પોલીસ મથકની હદમાં આટલા મોટા પ્રમાણમાં દારૂનો જથ્થો ઝડપાતા પીએસઆઈ સહિત કુલ ૮ પોલીસ કર્મીઓને સસ્પેન્ડ કરી જિલ્લાફેર બદલી કરવામાં આવી છે. એસએમસીના દરોડા દરમિયાન રૂ.૩૭,૨૧,૮૪૮ની કિંમતની વિદેશી દારૂની ૧૦,૪૦૯ બોટલ મળી આવી હતી. ઉપરાંત બે ટ્રક, મોટરસાઈકલ સહિત કુલ પાંચ વાહનો કબજે કરવામાં આવ્યા હતા. સમગ્ર મુદ્દામાલની કુલ કિંમત રૂ.૧,૩૭,૫૮,૪૯૧ હોવાનું સામે આવ્યું છે. દરોડા દરમિયાન પોલીસે દીપક ઉર્ફે અટાપટુ જમનાદાસ જેઠવાણી અને યુવરાજસિંહ કાળુભા ચૂડાસમાને ઝડપી લીધા હતા. જ્યારે રામકો, કાના મોઢવાડિયા, જીગો, ઈરફાન કાસમ સહિત કુલ નવ શખ્સોને ફરાર જાહેર કરી તેમની શોધખોળ હાથ ધરવામાં આવી છે. નાઘેડીનો વિસ્તાર પંચકોશી-બી પોલીસ મથકની હદમાં આવતો હોવાથી જિલ્લા પોલીસ વડા ડો. રવિમોહન સૈની દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે. પંચકોશી-બી પોલીસ મથકના પીએસઆઈ એલ.બી. જાડેજા,એએસઆઈ ધર્મેન્દ્રસિંહ (ધમભા) ઝાલા, પ્રદીપસિંહ જાડેજા, હેડ કોન્સ્ટેબલ રાજદીપસિંહ જાડેજા, નિર્મલસિંહ રાઠોડ, મેહુલભાઈ વિસાણી, પોલાભાઈ ઓડેદરા અને મુયુરસિંહ જાડેજા સહિત આઠ પોલીસકર્મીઓને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. સસ્પેન્શન સાથે જિલ્લાફેર બદલીનો પણ હુકમ કરવામાં આવ્યો છે. પીએસઆઈ સહિતના સાત પોલીસકર્મીઓની સુરેન્દ્રનગર જિલ્લામાં, જ્યારે ધર્મેન્દ્રસિંહ ઝાલાની દેવભૂમિ દ્વારકા જિલ્લામાં બદલી કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. એકસાથે આઠ પોલીસકર્મીઓ સામે સસ્પેન્શન અને જિલ્લાફેર બદલીની કાર્યવાહી થતાં જામનગર પોલીસબેડામાં ભારે ખળભળાટ મચી ગયો છે.

## બ્રેક ફેઈલ થતાં ટ્રક કોમ્પ્લેક્ષમાં ઘૂસ્યો, સળિયા નીચે દબાઈ જવાથી ડ્રાઈવરનું દર્દનાક મોત

સિહોર : સિહોર શહેરના ઐતિહાસિક અને ધમધમતા સુરકાના ડેલા નજીક ગઈકાલે મોડી રાત્રે એક કાળજું કંપાવી દેનારો ગોઝારો અકસ્માત સર્જાયો હતો. કાળ સમાન ધસી આવેલા અને આશરે ૩૦ થી ૪૦ ટન વજનદાર લોખંડના સળિયા તેમજ અન્ય સામાનથી ખચોખચ ભરેલા ટ્રકની બ્રેક અચાનક ફેઈલ થઈ જતાં, ટ્રક ચાલકે વાહન પરથી કાબૂ ગુમાવ્યો હતો. ગણતરીની સેકન્ડોમાં જ આ રાક્ષસી ટ્રક સામે આવેલા વસાહતી મકાન તેમજ કોમ્પ્લેક્ષમાં આવેલી ભંગાર અને હોસ્પિટલની દુકાનોને રોંધીને અંદર ઘૂસી ગયો હતો. આ ભયાનક દુર્ઘટનામાં ટ્રકની કેબિનમાં લોખંડના ભારેખમ સળિયા નીચે દબાઈ જવાથી યુવાન ડ્રાઈવરનું કરૂણ મોત નીપજ્યું હતું, જ્યારે ક્લીનર ગંભીર રીતે ઘવાયો હતો.મળતી વિગતો અનુસાર, ટાણા બાજુથી આવી રહેલો આ લોખંડના સળિયા ભરેલો ટ્રક રાત્રે આશરે ૧૦થ૩૦ વાગ્યાના સુમારે સુરકાના ડેલા નજીકના ભયાનક ઢાળ પરથી ઉતરી રહ્યો હતો. તે જ ક્ષણે વાહનની બ્રેક ફેઈલ થઈ જતાં ડ્રાઈવર માટે ટ્રકને નિયંત્રિત કરવો અશક્ય બન્યો હતો. અનિયંત્રિત બનેલો ટ્રક ભયાનક અવાજ સાથે સીધો દુકાનો અને મકાનમાં ખાબક્યો હતો. અકસ્માતના જોરદાર ધડાકા અને અફરાતફરીને કારણે સમગ્ર વિસ્તારમાં સન્નાટો અને દહેશતનો માહોલ છવાઈ ગયો હતો.

---

## ૧૭ ગુનાઓની હારમાળા સર્જનાર

### તરૂણીનું છ વર્ષ સુધી શારીરિક શોષણ કરનાર ભાજપનો નામચીન કાર્યકર મુંબઈથી ઝડપાયો

પોરબંદર : પોરબંદર નજીકના ઓડદર ગામના માથાભારે ગેંગલીડર એવા ભાજપના કાર્યકરે એક સગીરા ૧૧ વર્ષની હતી ત્યારથી ૧૭ વર્ષની થઈ ત્યાં સુધી છ -છ વર્ષ સુધી શારીરિક શોષણ કર્યું હોવાની ફરિયાદ થઈ હતી. હત્યા, ખુનની કોશિશ, મારામારી, શારીરિક-માનસિક ત્રાસ, હથિયાર ધારા, ગુજસીટોક સહિત ૧૭ ગુનાઓની હારમાળા સર્જનાર આ હિસ્ટ્રીશીટરને પોરબંદર લોકલ ક્રાઈમ બ્રાન્ચે મુંબઈથી પકડી પાડયો છે.

પોરબંદરના હાર્બર મરીન પોલીસ સ્ટેશનમાં થોડાં દિવસો પહેલા ૧૭ વર્ષની સગીરાએ એવી વિગત જાહેર કરી હતી કે તે ૧૧ વર્ષની હતી ત્યારથી ઓડદર ગામે મોમાઈ માતાજીના મઢ પાસે રબારી કેડામાં રહેતો કુખ્યાત છેલાણા ગેંગનો લીડર રમેશ ભીખા છેલાણા નામનો ૪૭ વર્ષનો ઈસમ અવારનવાર દુષ્કર્મમાં ગુજારતો હતો. છ-છ વર્ષ સુધી આ સગીરા ઉપર બળાત્કાર કરવામાં આવ્યો હતો અને 'જો આ વાત કોઈને કહીશ તો માતાજીના સમ છે અને નાના ભાઈના સમ છે' તેમ કહીને ધમકી આપતો હતો. આથી આ સગીરા તેનાથી ખૂબ જ ગભરાયેલી રહેતી હતી. અંતે તેને કોઈએ હિંમત આપતા પોલીસ ફરિયાદ કરવા માટે તે પોલીસ સ્ટેશનને પહોંચી ગઈ હતી અને પોલીસે બીજી ઓક્ટોબરના રોજ રમેશ ભીખા છેલાણા સામે પોક્સો એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કર્યો હતો. વળી, ગેંગલીડર રમેશ છેલાણા પોરબંદર ભાજપનો કાર્યકર પણ હોવાનું ખુલતા ઉહાપોહ મચી ગયો હતો. જેથી પોરબંદર એલસીબીને તપાસ સોંપવામાં આવી હતી અને ઈન્ચાર્જ ઈન્સ્પેક્ટર આર. કે. કાંબરીયાની ટીમે શોધખોળ શરૂ કરતા માહિતી મળી કે આરોપી રમેશ હાલમાં મુંબઈના વસઈ વિરાર વિસ્તારમાં હાઈવે પર આવેલી હોટલ સનસાઈન રેસિડેન્સી ખાતે રહે છે. જેથી ખાસ પોલીસ ટીમ બનાવીને તાત્કાલિક મુંબઈ ખાતે મોકલી હતી. પોલીસ જવાનો પહોંચ્યા ત્યારે રમેશ ભીખા હોટલ ખાતે હાજર મળી આવ્યો હતો, જેથી ત્યાંથી તેની ધરપકડ કરીને આગળની કાર્યવાહી માટે હાર્બર મરીન પોલીસને સોંપી દીધો છે.

નોંધનીય છે કે, કુખ્યાત રમેશ ભીખા સામે અત્યાર સુધીમાં ૧૭ જેટલા ગુનાઓ નોંધાયા હોવાનું પોલીસ દ્વારા જણાવ્યું હતું. જેમાં વર્ષ ૨૦૦૭થી માંડીને ૨૦૨૬ સુધીમાં ખૂનના ત્રણ ગુના, ખૂનની કોશિશ નો એક ગુનો, દારૂના ગુના, હથિયાર ધારાના ગુના, મારામારી અને ધાકધમકીના ગુના, ઉપરાંત ગુજસીટોક હેઠળ પણ તેની સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

## સંખેડા ગ્રામ પંચાયતે આજે સફાઈ કામગીરી શરૂ કરી

# ગામમાં સ્વચ્છતા જાળવવા અને નાગરિકોને સારું વાતાવરણ પૂરું પાડવાના હેતુથી પંચાયત સક્રિય

| કમલેશ પટેલ. સંખેડા

ગત રોજ સંખેડામાં યોજાયેલી ગ્રામસભામાં સ્થાનિક નાગરિકોએ સંખેડા ચોકડી પાસેના પંચવટી બાગમાં ગંદકીનો મુદ્દો ઉઠાવ્યો હતો. આ મુદ્દાને ગંભીરતાથી લઈ સંખેડા ગ્રામ પંચાયતે આજે સફાઈ કામગીરી શરૂ કરી છે.આગામી નવરાત્રી અને દિવાળી જેવા તહેવારોને ધ્યાનમાં રાખીને ગામમાં સ્વચ્છતા જાળવવા અને નાગરિકોને સારું વાતાવરણ પૂરું પાડવાના હેતુથી પંચાયત સક્રિય થઈ છે.આજે સવારથી જ પંચવટી બાગમાં ગ્રામ પંચાયતના સફાઈ કર્મચારીઓએ ઘાસ કાપવાની, કચરો ઉપાડવાની, નકામા છોડ દૂર કરવાની અને બાગને સુશોભિત કરવાની કામગીરી કરી. બાગમાંથી પ્લાસ્ટિક અને અન્ય કચરો પણ હટાવાયો.ગ્રામ પંચાયતે જણાવ્યું કે, ગ્રામસભામાં ઉઠેલા પ્રશ્નોનો ઉકેલ લાવવા તેઓ પ્રતિબદ્ધ છે. પંચવટી બાગ સંખેડાની ઓળખ હોવાથી તેને તહેવારો પહેલા સ્વચ્છ કરાશે. પંચાયતની આ ઝડપી કામગીરીને ગ્રામજનોએ આવકારી છે.



## ગુજરાત બોર્ડર પર દારૂના નશામાં પકડાયા બાદ કેસ નહી કરવા રૂપિયાની ડિમાન્ડ

વલસાડ : વલસાડ જિલ્લા લાંચ રૂશ્વત વિરોધી શાખાએ વાપીના કરવડ ખાતે પોલીસના વચેટિયાને રૂ.૫ હજારની લાંચ લેતા પકડી પાડયો હતો. ગુજરાત બોર્ડર પર ફરિયાદી અને મિત્ર દારૂના નશામાં પકડાયા બાદ પોલીસ ચોકીમાં લઈ જવાયા હતા. બાદમાં પોલીસના વચેટિયા દિપક જીવણભાઈ પટેલ (રહે. કોળીવાડ, વાપી) એ કેસ નહીં કરવા રૂ.10 હજારની માંગણી કરી હતી. બાદમાં રકઝકના અંતે રૂ.5 હજાર આપવાનું નક્કી કરાયું હતું.જો કે શખ્સ અને માત્ર લાંચની કરાયેલી માંગણીને વશ નહીં થવા અને નાણાં નહી આપવા નક્કી કરી વલસાડ લાંચ રૂશ્વત વિરોધી શાખાને ફરિયાદ કરી હતી. જેને પગલે ગઈકાલે બુધવારે બુધવારે વલસાડ જિલ્લા લાંચ રૂશ્વત વિરોધી શાખાના પી.આઈ. જે.આર.ગામીત અને ટીમે છટકુ ગોઠવ્યું હતું. તે દરમિયાન કરવડ ખાતે સાંઈવિહાર રેસીડન્સીમાં આવેલી દુકાન નજીક ફરિયાદીએ દિપક પટેલને રૂ.5 હજાર આપ્યા હતા. જો કે એસીબીની ટીમ દોડી જઈ દિપકને લાંચ લેતા રંગેહાથ પકડી પાડયો હતો.

## જાખાના આંગણવાડીની ભૂલકાંઓના વાલીઓએ મુલાકાત લઈ આંગણવાડીના ભૂલકાંઓને અપાતો નાસ્તો ભૂલકાંની રમતગમત સાથેની કાર્યશૈલીથી સંતોષ વ્યક્ત કર્યો

| નિતીન ઠાકર ચાણસ્મા

ચાણસ્મા તાલુકાના જાખાના ગામની આંગણવાડી - 1 અને 2 ની વાલીઓએ મુલાકાત લીધી હતી તે દરમિયાન આંગણવાડી કાર્યકરો દ્વારા ભૂલકાંઓને આપવામાં આવતો ગરમ નાસ્તો રમત-ગમત સાથે ભૂલકાંઓને અપાતા પ્રારંભિક શિક્ષણકાર્ય થી સંતોષ વ્યક્ત કર્યો હતો આંગણવાડીના ભુલકાંઓને ઢોકળાં માલપુડા જેવો પૌષ્ટિક અને ગરમ નાસ્તા સાથે નાના બાળકને ભણવા પ્રત્યે રૂચિ જાગે તે માટે. રમત-ગમત સાથે આંગણવાડી કાર્યકરો દ્વારા અપાતા સ્નેહભર્યા શિક્ષણથી વાલીઓ એ ખુશી વ્યક્ત કરી હતી જ્યારે આંગવાડી કાર્યકર ગીતાબેન પટેલ ધારાબેન મકવાણાએ મુલકાતી ભૂલકાંઓના વાલીઓને ભૂલકાંઓના આધારકાર્ડ લિંક કરવવા ખાસ સૂચન કર્યું હતું આ પ્રસંગે આંગણવાડી કાર્યકર ગીતા પટેલ ધારા મકવાણા તેડાગર બેન સૂર્યા ઠાકોર સહિત વાલીઓ ભૂલકાં ઉપસ્થિત રહ્યા હતા.



---

## મંદિર પરિસરમાં મગર આવતાં દર્શનાર્થીઓમાં ફફડાટ

# ભેસાલના ખોડિયાર મંદિરમાં આવી પહોંચ્યું માતાજીનું વાહન, 8 ફૂટ લાંબો મગર જોઈ લોકોમાં કૂતુહલ સાથે ફફડાટ

(એજન્સી) પંચમહાલ | તા.08

પંચમહાલના શહેરા તાલુકાના ભેસાલ ગામે ખોડિયાર મંદિરમાં 8 ફૂટ લાંબો મગર ઘૂસી જતાં ભય અને આશ્ચર્ય ફેલાયું હતું. માતાજીનું વાહન ગણાતા મગરને જોઈને લોકોમાં આસ્થા પણ જાગી હતી. વનવિભાગે તાત્કાલિક પહોંચી, મગરનું સફળતાપૂર્વક રેસ્ક્યૂ કરી તેને પાનમ ડેમના જંગલમાં સુરક્ષિત રીતે છોડી દીધો હતો. પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકામાં આવેલા ભેસાલ ગામે એક અનોખી અને ચોંકાવનારી ઘટના સામે આવી છે. ભેસાલ ગામમાં આવેલા સુપ્રસિદ્ધ ખોડીયાર મંદિરમાં અચાનક 8 ફૂટ લાંબો મગર ઘૂસી આવતાં સ્થાનિકો અને દર્શનાર્થીઓમાં ભારે કૂતુહલ સાથે



ભયનો માહોલ ફેલાયો હતો. ધાર્મિક માન્યતા મુજબ મગર એ ખોડિયાર માતાજીનું જ વાહન ગણાતું હોવાથી એક ક્ષણ માટે લોકો આશ્ચર્યચકિત થઈ ગયા હતા, પરંતુ મગરના વિશાળ કદને જોતાં સુરક્ષાના ભાગરૂપે તાત્કાલિક વનવિભાગને જાણ કરવામાં આવી હતી.

મળતી વિગતો અનુસાર, ભેસાલ ગામે ખોડીયાર મંદિર પરિસરમાં વહેલી સવારે દર્શન કરવા પહોંચેલા શ્રદ્ધાળુઓ અને આસપાસના રહીશોની નજર એકાએક 8 ફૂટ લાંબા મગર પર પડી હતી. મંદિરમાં ખુદ માતાજીનું વાહન ગણાતો મગર સાક્ષાત નજરે પડતાં લોકોમાં એક તરફ આસ્થાનું વાતાવરણ સર્જાયું હતું, તો બીજી તરફ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ફફડાટ વ્યાપી ગયો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને સ્થાનિકોએ વહેલી તકે શહેરા વનવિભાગને જાણ કરી હતી. બનાવની જાણ થતાં જ શહેરા વનવિભાગની રેસ્ક્યૂ ટીમ તાત્કાલિક ભેસાલ ગામે ખોડીયાર મંદિરે પહોંચી હતી. વનકર્મીઓએ ભારે જહેમત બાદ મગરનું સફળતાપૂર્વક અને સહી-સલામત રીતે રેસ્ક્યૂ હાથ ધર્યું હતું. મગરને રેસ્ક્યૂ કર્યા બાદ વનવિભાગની ટીમે તેને માનવ વસવાટથી દૂર પાનમ ડેમ વિસ્તારના જંગલમાં સહી-સલામત રીતે મુક્ત કરી દીધો હતો. ખોડીયાર મંદિરમાંથી મગરનું સફળ રેસ્ક્યૂ થતાં સ્થાનિક રહીશો અને દર્શનાર્થીઓએ આખરે હાશકારો અનુભવ્યો હતો.

## જ્વલનશીલ પદાર્થ છાંટી આગ લગાવાઈ હતી

### ચલામલી ગામે કરિયાણાની દુકાનમાં આગ ચાંપનાર આરોપીઓને પોલીસે ઝડપી પાડ્યા

છોટા ઉદેપુર : છોટા ઉદેપુરના બોડેલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા ચલામલી ગામે કરિયાણાની દુકાનમાં આગ લગાવવાના બનાવોનો બોડેલી પોલીસે ભેદ ઉકેલી નાખ્યો છે. પોલીસે હ્યુમન સોર્સ અને ટેકનિકલ સપોર્ટના આધારે સઘન તપાસ હાથ ધરીને દુકાનમાં આગ ચાંપનાર આરોપીઓને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.ગત 23 સપ્ટેમ્બરના રોજ મોડી રાત્રે કોઈ અજાણ્યા શખસોએ ચલામલી ગામે આવેલી એક વેપારીની કરિયાણાની દુકાનને નિશાન બનાવી હતી. દુકાનના શટર આગળ જ્વલનશીલ પદાર્થ છાંટીને આગ લગાવી દેવામાં આવી હતી. આ અચાનક લાગેલી આગના કારણે દુકાનમાં રાખેલો કરિયાણાનો સામાન બળીને ખાખ થઈ ગયો હતો, જેનાથી વેપારીને અંદાજે 70 હજાર રૂપિયાનું આર્થિક નુકસાન થયું હતું.બનાવ અંગે વેપારીની ફરિયાદના આધારે બોડેલી પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખસો સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. શરૂઆતમાં આ ગુનો તદ્દન અનડીટેક્ટ હતો અને આરોપીઓ અંગે કોઈ સ્પષ્ટ સુરાગ મળ્યો નહોતો. પરંતુ બોડેલી પોલીસે ઘટનાની ગંભીરતા સમજીને અલગ-અલગ ટીમો બનાવી તપાસ ધમધમાવી હતી.પોલીસે પોતાના ખાનગી હ્યુમન સોર્સીસ અને સીસીટીવી તેમજ મોબાઈલ લોકેશન સહિતના ટેકનિકલ એનાલિસિસની મદદથી તપાસ આગળ ધપાવી હતી. ટેકનિકલ પુરાવા અને બાતમીના આધારે પોલીસે દુકાનમાં આગ લગાવવામાં સંડોવાયેલા આરોપીઓની ઓળખ છતી કરી તેને દબોચી લીધા હતા. બોડેલી પોલીસની આ સફળ કામગીરીથી સ્થાનિક વેપારીઓમાં રાહતની લાગણી જોવા મળી છે.

## CAS ફ્રેમવર્કની ઈક્વિટી ડેરિવેટિવ્ઝ ટ્રેડિંગ પર નોંધપાત્ર અસર

# શેરબજાર અને કોમોડિટી બજારો વચ્ચે તીવ્ર વિપરીતતા

## Q2માં F&O અને કેશ સેગમેન્ટમાં નબળા ટ્રેડિંગને કારણે BSE દબાણ હેઠળ જ્યારે રેકોર્ડ કોમોડિટી ટ્રેડિંગને કારણે MCXનો નફો વધવાની ધારણા : અસ્થિરતાથી રિટેલ રોકાણકારો બજારથી દૂર

અમદાવાદ : જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટર દરમિયાન શેરબજાર અને કોમોડિટી બજારોમાં તીવ્ર વિપરીતતા જોવા મળી હતી. એક તરફ, નબળા શેરબજાર અને નવા નિયમોને કારણે ફ્યુચર્સ અને ઓપ્શન્સ (F&O) ટ્રેડિંગમાં તીવ્ર ઘટાડો થયો છે. બીજી તરફ, ક્રૂડ ઓઈલ, સોનું અને અન્ય કોમોડિટીમાં ઊંચી અસ્થિરતાને કારણે રેકોર્ડ કોમોડિટી ડેરિવેટિવ્ઝ ટ્રેડિંગ થયું હતું.




આ જ કારણ છે કે FY૨૦૨૬-૨૭ના બીજા ક્વાર્ટરમાં બીએસઈ અને એમસીએક્સની કમાણી વૃદ્ધિમાં નોંધપાત્ર તફાવતની અપેક્ષા છે. એવો અંદાજ છે કે બીએસઈનો નફો વાર્ષિક ધોરણે ૩૬% વધી શકે છે, પરંતુ પાછલા ક્વાર્ટરની તુલનામાં ૧૩% ઘટી શકે છે. દરમિયાન, એમસીએક્સના નફામાં વાર્ષિક ધોરણે આશરે ૧૬૮% અને ત્રિમાસિક ધોરણે ૨૮% વૃદ્ધિ થવાની ધારણા છે.અહેવાલ મુજબ, ઓગસ્ટ ૨૦૨૬ માં અમલમાં આવેલા નવા CAS ફ્રેમવર્કની ડેરિવેટિવ્ઝ ટ્રેડિંગ પર નોંધપાત્ર અસર પડી છે. જુલાઈમાં, સરેરાશ દૈનિક F&O ટ્રેડિંગ વોલ્યુમ પાછલા મહિનાની તુલનામાં ૯% ઘટયું છે. ઓગસ્ટમાં, તેમાં વધુ ૨૨% ઘટાડો થયો હતો. સપ્ટેમ્બરમાં પરિસ્થિતિમાં થોડો સુધારો થયો, ઓગસ્ટની તુલનામાં સરેરાશ દૈનિક ટ્રેડિંગ વોલ્યુમમાં ૧૦% વધારો થયો હતો. જોકે, ટ્રેડિંગ વોલ્યુમ પ્રથમ ક્વાર્ટરના સ્તરથી નોંધપાત્ર રીતે નીચે રહ્યું હતું. ઓપ્શન્સ પ્રીમિયમ ટ્રેડિંગમાં પણ આવું જ ચિત્ર જોવા મળ્યું છે. જુલાઈમાં સરેરાશ દૈનિક પ્રીમિયમ ટ્રેડિંગમાં ૧૪% અને ઓગસ્ટમાં ૧૯% ઘટાડો થયો હતો. સપ્ટેમ્બરમાં, તે ૨૨% વધ્યું હતું, પરંતુ હજુ પણ પ્રથમ ક્વાર્ટરના સ્તર કરતા નોંધપાત્ર રીતે ઓછું રહ્યું હતું.

આ દબાણ ફક્ત F&O પૂરતું મર્યાદિત નહોતું. નબળા બજાર અને રિટેલ રોકાણકારોની ઓછી પ્રવૃત્તિએ પણ કેશ સેગમેન્ટ પર અસર કરી હતી. અહેવાલો અનુસાર, જુલાઈ-ઓગસ્ટમાં કેશ માર્કેટમાં સરેરાશ દૈનિક ટર્નઓવર લગભગ ૧.૩ લાખ કરોડ હતું. પ્રથમ ક્વાર્ટરમાં, તે લગભગ ૧.૫ લાખ કરોડ હતું. સપ્ટેમ્બરમાં, તે વધુ ઘટીને લગભગ ૧.૨ લાખ કરોડ થયું હતું.એક્સચેન્જની આવકનો મોટો હિસ્સો ટ્રાન્ઝેક્શન ફીમાંથી આવે છે. તેથી, ઓછા ટ્રેડિંગ વોલ્યુમની સીધી કમાણી પર અસર પડી શકે છે. નીચા ટ્રેડિંગ વોલ્યુમની બીએસઈની ટ્રાન્ઝેક્શન ફી આવક પર અસર થવાની ધારણા છે. જોકે, કંપનીની કમાણી વાર્ષિક ધોરણે મજબૂત રહેવાની અપેક્ષા છે.

બદલાતી વૈશ્વિક આર્થિક પરિસ્થિતિઓએ ક્વાર્ટર દરમિયાન કોમોડિટી ડેરિવેટિવ્ઝ ટ્રેડિંગને ફાયદો કરાવ્યો છે. ખાસ કરીને ઊર્જા અને ધાતુઓના સેગમેન્ટમાં પ્રવૃત્તિમાં વધારો જોવાયો છે. ઓગસ્ટમાં કોમોડિટી ફ્યુચર્સ અને ઓપ્શન્સ બંને માટે સરેરાશ દૈનિક ટર્નઓવર રેકોર્ડ સ્તરે પહોંચ્યું હતું. જેની સીધી અસર એમસીએક્સના આવક અને નફામાં સીધું પ્રતિબિંબિત થવાની ધારણા છે.બીએસઈ અને એમસીએક્સ બંને એક્સચેન્જ છે, પરંતુ તેમના આવક-પ્રેરિત વ્યવસાયો અલગ છે. બીજા ક્વાર્ટરમાં નબળા બજારો અને F&O સંબંધિત ફેરફારોથી બંને પર અસર પડી હતી. તેનાથી વિપરીત, એમસીએક્સનો મુખ્ય વ્યવસાય કોમોડિટી સંબંધિત છે. વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતા અને કોમોડિટીના ભાવમાં તીવ્ર વધઘટને કારણે રોકાણકારો અને વેપારીઓમાં પ્રવૃત્તિમાં વધારો થયો છે, જેના કારણે એમસીએક્સ ટ્રેડિંગ રેકોર્ડ સ્તરે પહોંચી ગયું છે.

## એચડી ફાયર પ્રોટેક્ટ લિમિટેડનો આઈપીઓ મંગળવાર, 13 ઓક્ટોબર, 2026ના રોજ ખુલશે



અમદાવાદ | એચડી ફાયર પ્રોટેક્ટ લિમિટેડ (the "Company") તેના ઈક્વિટી શેરના આઈપીઓ માટે મંગળવાર, 13 ઓક્ટોબર, 2026ના રોજ બિડ/ઓફર શરૂ કરશે. બિડ/ઓફર ગુરુવાર, 15 ઓક્ટોબર, 2026ના રોજ બંધ થશે. એન્કર ઈન્વેસ્ટર માટે બિડીંગની તારીખ સોમવાર, 12 ઓક્ટોબર, 2026 રહેશે. ઓછામાં ઓછા 55 ઈક્વિટી શેર માટે બિડ કરી શકાશે અને ત્યારબાદ 55 ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ કરી શકાશે. દરેક ઈક્વિટી શેર માટે પ્રાઈઝ બેન્ડ રૂ. 258થી રૂ. 271 નક્કી કરવામાં આવ્યો છે. આ ઓફરમાં પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર્સ દ્વારા રૂ. 5ની ફેસ વેલ્યુ ધરાવતા વધુમાં વધુ 2,62,84,500 ઈક્વિટી શેરની ઓફર ફોર સેલ સામેલ છે. તેમાં હરીશ નરશી ધરમશી દ્વારા રૂ. 5ની ફેસ વેલ્યુ ધરાવતા વધુમાં વધુ 89,83,700 ઈક્વિટી શેર અને કુસુમ હરીશ ધરમશી દ્વારા રૂ. 5ની ફેસ વેલ્યુ ધરાવતા વધુમાં વધુ 1,73,00,800 ઈક્વિટી શેરના વેચાણનો સમાવેશ થાય છે. આ ઓફરમાં ફ્રેશ ઈશ્યૂનો કોઈ હિસ્સો નથી. એમ્પ્લોયી રિઝર્વેશન પોર્શન હેઠળ બિડ કરનારા પાત્ર કર્મચારીઓને દરેક ઈક્વિટી શેર પર રૂ. 25નું ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ મારફતે ઓફર કરવામાં આવનારા ઈક્વિટી શેરનું બોમ્બે સ્ટોક એક્સચેન્જ લિમિટેડ ("BSE") ને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ ("NSE", and together with BSE, the "Stock Exchanges") પર લિસ્ટિંગ કરવાનો પ્રસ્તાવ છે. ઓફરના હેતુ માટે બીએસઈને નિયુક્ત સ્ટોક એક્સચેન્જ તરીકે નક્કી કરવામાં આવ્યું છે.આ ઓફર સિક્યોરિટીઝ કોન્ટ્રાક્ટ્સ (રેગ્યુલેશન) રૂલ્સ, 1957ના નિયમ 19(2)(બી) અને તેમાં સમયાંતરે કરવામાં આવેલા સુધારા ("SCRR"), સેબી આઈસીડીઆર નિયમોના નિયમન 31 અને સેબી આઈસીડીઆર નિયમોના નિયમન 6(1)નું પાલન કરીને બુક બિલ્ડિંગ પ્રક્રિયા દ્વારા કરવામાં આવી રહી છે.

## કલ્યાણ જ્વેલર્સ - ત્રિમાસિક અપડેટ : નાણાકીય વર્ષ 2026-27નો બીજો ત્રિમાસિક ગાળો

નવી દિલ્હી | તાજેતરમાં પૂર્ણ થયેલા ત્રિમાસિક ગાળો કંપની માટે અતિ સંતોષકારક ત્રિમાસિક ગાળા પૈકીનો રહ્યો છે, જેમાં અગાઉના નાણાકીય વર્ષના સમાન ગાળાની સરખામણીમાં કુલ આવકમાં 26 ટકાની વૃદ્ધિ થઈ હતી. નાણાકીય વર્ષ 2025-26ના બીજા ત્રિમાસિક ગાળાની સરખામણીમાં નાણાકીય વર્ષ 2026-27ના બીજા ત્રિમાસિક ગાળામાં અમારી ભારતીય કામગીરીમાંથી આવકમાં અંદાજે 27 ટકાની વૃદ્ધિ થઈ હતી, જેને નવરાત્રિના ઊંચા વેચાણ (નવરાત્રિના નવ દિવસો નાણાકીય વર્ષ 2025-26ના બીજા ત્રિમાસિક ગાળાનો ભાગ હતા)ને કારણે ઊંચા આધાર છતાં દેશમાં તમામ મુખ્ય બજારોમાં સ્ટોરમાં વેચાણમાં ઊંચી વૃદ્ધિ સાથે પાયાની કામગીરીમાં વધારો જવાબદાર હતો. તાજેતરમાં પૂર્ણ થયેલા ત્રિમાસિક ગાળામાં સમાન સ્ટોરના વેચાણમાં અંદાજે 20 ટકાની વૃદ્ધિ થઈ હતી. અમે ઓગસ્ટમાં ચેન્નાઈમાં અમારી પ્રથમ પ્રાદેશિક બ્રાન્ડ અક્ષય થંગા મલિગાઈ (ATM) પ્રસ્તુત કરી હતી. અમને બ્રાન્ડે પ્રાપ્ત પ્રતિસાદથી બહુ પ્રોત્સાહન મળ્યું છે અને તમિલનાડુમાં 11મી ઓક્ટોબરથી શરૂ થયેલી સૌથી મોટી સીઝન સાથે કામગીરીના પ્રથમ 40થી વધારે દિવસોમાં ઊંચી આવક જોવા મળી હતી. અમે અમારા આગામી ચાર શોરૂમ શરૂ કરવાની યોજના બનાવી છે, જે ફ્રેન્ચાઈઝ મોડલ અંતર્ગત છે. આ ચારેય શોરૂમ ચાલુ નાણાકીય વર્ષમાં તબક્કાવાર શરૂ થશે, જેમાંથી બે શોરૂમ ચાલુ ત્રિમાસિક ગાળામાં અને અન્ય બે શોરૂમ ચોથા ત્રિમાસિક ગાળામાં શરૂ થશે.તાજેતરમાં પૂર્ણ થયેલા ત્રિમાસિક ગાળામાં ગયા વર્ષના સમાન ગાળાની સરખામણીમાં અમારી આંતરરાષ્ટ્રીય કામગીરીની આવકમાં અંદાજે 18 ટકાની વૃદ્ધિ થઈ હતી. ખાસ કરીને મધ્ય પૂર્વમાં અમે નાણાકીય વર્ષ 2025-26ના બીજા ત્રિમાસિક ગાળાની સરખામણીમાં નાણાકીય વર્ષ 2026-27ના બીજા ત્રિમાસિક ગાળામાં સમાન સ્ટોરના વેચાણમાંથી આવકમાં અંદાજે 12 ટકાની વૃદ્ધિ જોઈ હતી.

## એમેઝોને ફરી ચલાવી છટણીની કાતર, ભારત સહિત 3 દેશોના કર્મચારીઓને ઝટકો




અમદાવાદ : ઈ-કોમર્સ કંપની એમેઝોને ફરી એકવાર કર્મચારીઓની છટણી કરી છે. કંપનીએ તેના રિટેલ બિઝનેસ સાથે જોડાયેલા વિભાગોમાં અંદાજે 1,000 જેટલા કર્મચારીઓને નોકરીમાંથી હટાવ્યા છે. આ છટણીની અસર અમેરિકા ઉપરાંત ભારત અને બ્રિટનમાં કામ કરતા કર્મચારીઓ પર પણ પડી છે.હાલમાં કંપનીની મોટી શોપિંગ ઈવેન્ટ પ્રાઈમ બિગ ડીલ ડેઝ ચાલી રહ્યું છે અને તે દરમિયાન જ એમેઝોને છટણીની જાહેરાત કરી છે. કંપનીએ તેના રિટેલ બિઝનેસમાં કર્મચારીઓની સંખ્યા ઘટાડવાનો નિર્ણય લીધો છે.એમેઝોનના જણાવ્યા અનુસાર, કંપનીએ તેના રિટેલ બિઝનેસના કેટલાક વિભાગોમાં ફેરફાર કર્યા છે. કંપનીનું કહેવું છે કે નવા માળખા સાથે તે વધુ સારી રીતે કામ કરી શકશે. એટલે કે કંપની પોતાની કામ કરવાની પદ્ધતિ અને ટીમના માળખાને ફરીથી ગોઠવી રહી છે. આ છટણીથી રિટેલ વિભાગના અલગ-અલગ ભાગોને અસર થઈ છે. તેમાં ગ્રાહક સેવા અને સેલિંગ પાર્ટનર સર્વિસિસ જેવા વિભાગોનો પણ સમાવેશ થાય છે. જોકે, કંપનીએ કયા દેશમાં કેટલા કર્મચારીઓની નોકરી ગઈ છે તેની ચોક્કસ માહિતી આપી નથી.આ છટણીમાં ભારતમાં કામ કરતા એમેઝોનના કર્મચારીઓનો પણ સમાવેશ થાય છે. જોકે, ભારતમાં કુલ કેટલા કર્મચારીઓને નોકરીમાંથી હટાવવામાં આવ્યા છે તે હજુ સ્પષ્ટ નથી.અમેરિકા, ભારત અને બ્રિટનમાં મળીને અંદાજે 1,000 જેટલા વ્હાઈટ-કોલર કર્મચારીઓ પર તેની અસર પડી છે.એમેઝોનમાં આ પહેલીવાર નથી જ્યારે મોટી સંખ્યામાં કર્મચારીઓની છટણી કરવામાં આવી હોય. કંપની અગાઉ પણ કર્મચારીઓની સંખ્યા ઘટાડી ચૂકી છે.

## તહેવારો પહેલા સનફ્લાવર ઓઈલનો મોટો ઝટકો, 20,000 ટનની ખેપ રદ અને 60,000 ટન માલ મોડો



(એજન્સી) નવી દિલ્હી | તા.08

રશિયાથી ભારત આવી રહેલી 20,000 ટન સનફ્લાવર ઓઈલની એક ખેપ રદ કરી દેવામાં આવી છે. બ્લેક સી વિસ્તારમાં બંદર અને સ્ટોરેજ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને થયેલા નુકસાનને કારણે સપ્લાયર આ માલ મોકલી શક્યો નહોતો. સનફ્લાવર ઓઈલના વેપારમાં આ પ્રકારની ખેપ રદ થવી એટલે કે 'વોશઆઉટ' થવાની ઘટના ઘણા વર્ષોથી જોવા મળી નથી. આ ઉપરાંત ભારત માટે આવતી લગભગ 60,000 ટન સનફ્લાવર ઓઈલની અન્ય ખેપો પણ મોડા પડી રહી છે. રશિયા અને યુક્રેન બંને તરફથી બ્લેક સી મારફતે સપ્લાય પર યુદ્ધની અસર પડી રહી છે.બ્લેક સી બંદરો પરથી માલ મોકલવામાં મુશ્કેલી વધતાં રશિયન સપ્લાયર્સ હવે સેન્ટ પીટર્સબર્ગ અને ઉસ્ટ-લુગા જેવા બાલ્ટિક સી બંદરો પરથી સનફ્લાવર ઓઈલ મોકલવાનો વિકલ્પ જોઈ રહ્યા છે. જોકે આ રૂટથી ભારત સુધી માલ પહોંચાડવામાં વધુ સમય અને ખર્ચ બંને થશે. ઈન્ટરનેશનલ સનફ્લાવર ઓઈલ એસોસિયેશનના પ્રમુખ સંદીપ બજોરિયાના જણાવ્યા મુજબ બાલ્ટિક બંદરો પરથી શિપમેન્ટ કરવામાં ફ્રેઈટ ખર્ચ વધશે અને મુસાફરીનો સમય લગભગ 10 દિવસ વધી શકે છે. તેમ છતાં હાલ બ્લેક સી વિસ્તારમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરને થયેલા નુકસાનને જોતા આ વિકલ્પ અપનાવવો પડી શકે છે. ભારત પોતાની સનફ્લાવર ઓઈલની લગભગ સમગ્ર જરૂરિયાત આયાતથી પૂરી કરે છે. દેશમાં દર મહિને આશરે 2.5 લાખ ટન સનફ્લાવર ઓઈલની જરૂર પડે છે. પરંતુ ઓક્ટોબરમાં રશિયા અને યુક્રેનમાં લોડિંગમાં વિલંબને કારણે આયાત ઘટીને લગભગ 1.6 લાખ ટન રહી શકે છે. આ સંકટની અસર સપ્ટેમ્બરમાં જ જોવા મળી હતી. સપ્ટેમ્બરમાં ભારતની સનફ્લાવર ઓઈલ આયાત 36% ઘટીને 1.03 લાખ ટન થઈ હતી, જે એપ્રિલ 2022 પછીનું સૌથી નીચું સ્તર છે. બીજી તરફ પામ ઓઈલની આયાત 3.5% વધીને 8.10 લાખ ટનના 7 મહિનાના ઉચ્ચ સ્તરે પહોંચી હતી. ભારતમાં સપ્ટેમ્બરથી નવેમ્બર દરમિયાન તહેવારોની સિઝનમાં ખાદ્ય તેલની માંગ સામાન્ય રીતે વધી જાય છે. સનફ્લાવર ઓઈલના સ્ટોકમાં ઘટાડો અને નવી ખેપોમાં વિલંબ વચ્ચે ભારતીય ખરીદદારો હવે પામ ઓઈલ તરફ વધુ વળી રહ્યા છે. ભારતીય ખરીદદારોને આ સપ્તાહે માત્ર 3 દિવસમાં નવેમ્બર અને ડિસેમ્બરની ડિલિવરી માટે લગભગ 1.5 લાખ ટન ક્રૂડ પામ ઓઈલ ખરીદ્યું છે. આ માલ ભારતના પૂર્વ અને પશ્ચિમ બંને કાંઠે પહોંચાડવામાં આવશે. ભારતની પામ ઓઈલની વધતી ખરીદીની અસર માત્ર સ્થાનિક બજાર પૂરતી સીમિત રહી શકે તેમ નથી. ભારત વિશ્વના સૌથી મોટા વેજિટેબલ ઓઈલ આયાતકારોમાંનું એક છે અને તેની વધેલી ખરીદીથી ઈન્ડોનેશિયા અને મલેશિયામાં રહેલા પામ ઓઈલના સ્ટોકમાં ઘટાડો થઈ શકે છે. તેના કારણે વૈશ્વિક બજારમાં પામ ઓઈલના ભાવને ટેકો મળી શકે છે.આ સ્થિતિ દર્શાવે છે કે રશિયા-યુક્રેન યુદ્ધની અસર માત્ર ક્રૂડ ઓઈલ કે ગેસ સુધી મર્યાદિત નથી. બ્લેક સી વિસ્તારમાં પરિવહન અને બંદર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખોરવાતા ભારત જેવા મોટા આયાતકાર દેશમાં ખાદ્ય તેલની સપ્લાય ચેઈન પર પણ સીધી અસર પડી રહી છે.

## ગુજરાતના આ બે શહેરોમાં ઘટ્યા પેટ્રોલ ડીઝલના ભાવ!

(એજન્સી) નવી દિલ્હી | તા.08

ઓઈલ કંપનીઓએ 8 ઓક્ટોબર માટે પેટ્રોલ અને ડીઝલના ભાવ અંગેની માહિતી જાહેર કરી છે. દેશભરમાં ઈંધણના ભાવમાં દરરોજ સવારે 6 વાગ્યે ફેરફાર કરવામાં આવે છે. તેથી, વાહનચાલકો માટે તાજેતરના ભાવ વિશે માહિતગાર રહેવું મહત્વપૂર્ણ છે. ઓક્ટોબરની 8મી તારીખે પણ દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ સ્થિર રહ્યા છે. સરકારી ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ દરરોજની પરંપરા મુજબ સવારે 6 વાગ્યે ઈંધણના ભાવોની સમીક્ષા કરી હતી, પરંતુ મુખ્ય શહેરોમાં કિંમતોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. બીજી તરફ, આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. મધ્ય પૂર્વમાં ચાલી રહેલા તણાવ અને હોર્મુઝ સ્ટ્રેટ (સમુદ્ર માર્ગ) ની આસપાસ વધતા જોખમોને કારણે વૈશ્વિક સ્તરે તેલનો પુરવઠો ખોરડાવાની ચિંતા ઊભી થઈ છે. હાલમાં ભારતની સરકારી ઓઈલ કંપનીઓએ આંતરરાષ્ટ્રીય બજારના વધેલા ભાવનો બોજ સીધો ગ્રાહકો પર નાખ્યો નથી અને રાહત જાળવી રાખી છે. જોકે, ખાનગી ક્ષેત્રની અગ્રણી ઈંધણ રિટેલર કંપની 'નાયરા એનર્જી' દ્વારા તાજેતરમાં જ પેટ્રોલના ભાવમાં પ્રતિ લિટર રૂપિયા 5 અને ડીઝલના ભાવમાં પ્રતિ લિટર રૂપિયા 3 નો વધારો કરવામાં આવ્યો છે. મધ્ય પૂર્વના સંઘર્ષ બાદ આંતરરાષ્ટ્રીય તેલના ભાવવધારાની સીધી અસર ગ્રાહકો સુધી પહોંચાડનારી તે પ્રથમ કંપનીઓમાંની એક હતી.અગાઉ, સરકારી ઓઈલ કંપનીઓએ પણ થોડા સમય માટે વધેલા ખર્ચને પોતાની મેળે જાળવી રાખ્યો હતો, પરંતુ બાદમાં મે મહિના દરમિયાન વિવિધ તબક્કામાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કર્યો હતો. મે મહિનાના અંત સુધીમાં બંને ઈંધણના ભાવમાં પ્રતિ લિટર આશરે રૂપિયા 7.50 નો વધારો થયો હતો.

## એમેઝોનનો ગ્રેટ ઈન્ડિયન ફેસ્ટિવલ તમામ ગ્રાહકો માટે શરૂ, લાખો પ્રોડક્ટ્સ ઉપર વર્ષની સૌથી ઓછી કિંમતો, સૌથી ઝડપી ડિલિવરી

(એજન્સી) બેંગલુરુ | તા.08

એમેઝોને આજે તેના તમામ ગ્રાહકો માટે એમેઝોન ગ્રેટ ઈન્ડિયન ફેસ્ટિવલ ખુલ્લો મુકવાની જાહેરાત કરી છે, જે લાખો પ્રોડક્ટ્સ ઉપર વર્ષની સૌથી ઓછી કિંમતો, પ્રાઈમ મેમ્બર્સ માટે એક્સ્ટ્રા સેવિંગ્સ અને કંપનીની સૌથી ઝડપી ફેસ્ટિવ ડિલિવરી ઉપલબ્ધ કરાવે છે. ગ્રાહકો સ્માર્ટફોન, ઈલેક્ટ્રોનિક્સ, ફેશન, બ્યુટી, હોમ, કિચન અને અગ્રગણ્ય બ્રાન્ડ્સ અને લાખો વિક્રેતાઓ પાસેથી બેન્ક ઓફર્સ, નો-કોસ્ટ EMI, એમેઝોન પે લેટર અને એક્સચેન્જ ઓફર્સ સાથે શોપિંગનો આનંદ માણી શકે છે, જે દરેક એમેઝોનની અત્યાર સુધીની સૌથી વધુ ઝડપ સાથે ડિલિવર કરવામાં આવે છે. 8 ઓક્ટોબરના રોજ સરપ્રાઈઝ ડિલાઈટરમાં બેંગલુરુ, મુંબઈ, દિલ્હી અને હૈદરાબાદમાં ગ્રાહકો એમેઝોન નાઉ ઉપર માત્ર મિનિટોમાં વર્ષની સૌથી ઓછી કિંમતોએ iPhone16 મેળવી શકે છે. એમેઝોન ઈન્ડિયાના વાઈસ પ્રેસિડન્ટ સૌરભ શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે,'આ અમારા દ્વારા ગ્રાહકો માટે અત્યાર સુધી લાવવામાં આવેલો સૌથી મોટો, ઝડપી અને સૌથી લાભદાયી એમેઝોન ગ્રેટ ઈન્ડિયન ફેસ્ટિવલ છે. લાખો વિક્રેતાઓ અને ટોપ બ્રાન્ડ્સ ગ્રાહકોને રોજિંદા એસેન્સિયલ્સથી લઈને પ્રિમિયમ ફ્લેગશિપ સુધી દરેક બિંદુએ વર્ષની અત્યાર સુધીની સૌથી ઓછી કિંમતો ઉપલબ્ધ કરાવી રહ્યાં છે, જે ઈન્સ્ટન્ટ બેન્ક ડિસ્કાઉન્ટ, નો-કોસ્ટ EMI, એક્સચેન્જ ઓફર્સ, એમેઝોન પે લેટર અને પ્રાઈમ મેમ્બર્સ માટે એક્સ્ટ્રા સેવિંગ્સ સાથે વધુ એફોર્ડેબલ બને છે, જેથી ગ્રાહકો તેમની મનગમતી પ્રોડક્ટ્સ સરળતાથી ખરીદી શકે છે. અને અમે આ પ્રોડક્ટ્સ માત્ર મિનિટોમાં અત્યાર સુધીની સૌથી વધુ ઝડપે, સેમ ડે અને નેક્સ્ટ ડે દેશના દરેક ખુણામાં રહેલા ગ્રાહકોને ડિલિવર કરીએ છીએ. આ ફેસ્ટિવ સીઝન માટે અમારું પ્રોમિસ એકદમ સરળ છે: દરેક બજેટને અનુકૂળ સૌથી વ્યાપક સિલેક્શન, બેસ્ટ વેલ્યુ અને ભારતની સૌથી ઝડપી ડિલિવરી, દરેક ગ્રાહકો માટે, ભલે તમે ગમે ત્યાં હોવ. આ સ્માર્ટફોન અને એપલાયન્સિસથી લઈને ફેશન, બ્યુટી, હોમ એસેન્સિયલ્સ સહિતની દરેક ચીજ-વસ્તુઓ ખરીદવાનો શ્રેષ્ઠ સમય છે. 'ગ્રાહકો એમેઝોન નાઉ ઉપર ગ્રોસરી અને રોજિંદા એસેન્સિયલ્સ ઉપર 50% સુધીની છૂટ મેળવી શકે છે, જેણે માત્ર બે અઠવાડિયામાં જ તેની પહોંચ બમણી કરીને સમગ્ર ભારતભરના 120થી વધુ શહેરો સુધી કરી છે. અમૃતસર, આબોહાર, જાલંધર, અંબાલા, મેંગ્લોર, મનિપાલ, વિઝાગ, કોચી, ચંગાનાસરી, ભુવનેશ્વર અને કરવાલ સહિતના શહેરોમાં વસતા ગ્રાહકો હવે એમેઝોન નાઉની મદદથી માત્ર મિનિટોમાં જ અલ્ટ્રા-ફાસ્ટ ડિલિવરી મેળવી શકે છે.એમેઝોન ઈન્ડિયા AI સાથે ફેસ્ટિવ શોપિંગને વધુ સરળ અને વધુ માહિતીસભર બનાવી રહ્યું છે. ગ્રાહકો માટે, રૂફુસ પ્રોડક્ટની ડિસ્કવરી વધુ માહિતીપ્રદ બનાવે છે અને લોકોને પ્રોડક્ટ્સની સરખામણી કરવા, ડીલ એલર્ટ્સ મુકવા અને પ્રોડક્ટ્સની પ્રાઈસ હિસ્ટ્રી જાણવામાં મદદ કરે છે. તેનો અનુભવ મેળવવા '25,000થી ઓછી કિંમતનો સ્માર્ટફોન' અથવા 'એસી છે?' જેવા કહીને તે અજમાવી જૂઓ.સ્માર્ટફોન ઉપર ગ્રેડ ડીલ્સ : એપલ iPhone16 129 GB, બ્લ્યૂ: સુપર-સ્માર્ટ A18 ચિપની સુવિધા ધરાવતો અને એપલ ઈન્ટેલિજન્સ માટે નિર્માણ થયેલો આ iPhone એડવાન્સ કેમેરા કેપેબિલિટી સાથે પાવરફુલ પરફોર્મન્સ ડિલિવર કરે છે. તે 48MP ફ્યુઝન કેમેરા, ઑટોફોકસ ધરાવતો અદ્યતન અલ્ટ્રા વાઈડ કેમેરા, 2x ઓપ્ટિકલ-ક્વૉલિટી ટેલિફોટો, કેમેરા કંટ્રોલ અને વધુ સારી ક્રિએટિવ ફ્લેક્સિબિલિટી માટે નેક્સ્ટ-જનરેશન ફોટોગ્રાફિક સ્ટાઈલ્સ ધરાવે છે.

## આવક બંધ થઈ જાય તો SIPનું શું થશે? રોકાણ ચાલુ રાખવું કે નહીં

(એજન્સી) નવી દિલ્હી | તા.08

જો તમે SIP એટલે કે સિસ્ટમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાનમાં રોકાણ કરો છો, તો શું તમે ક્યારેય વિચાર્યું છે કે જો તમારી આવક બંધ થઈ જાય તો SIPમાં રોકાણ ચાલુ રાખવું જોઈએ કે નહીં?ભવિષ્યને સુરક્ષિત રાખવા માટે ઘણા લોકો SIP એટલે કે સિસ્ટમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાનમાં રોકાણ કરે છે. આ લાંબા ગાળાનું રોકાણ છે અને તેને શરૂ કરવું પણ સરળ છે. પૈસા એકઠા કરવાની આ એક સરળ રીત માનવામાં આવે છે.SIPમાં રોકાણકાર દર મહિને એક નિશ્ચિત રકમ મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરે છે. તેના કારણે દર મહિને અલગથી રોકાણ કરવાનો નિર્ણય લેવાની જરૂર પડતી નથી.નોકરી કરતા લોકો માટે SIP શરૂ કરવી સરળ હોય છે. દર મહિને નક્કી કરેલી તારીખે બેંક ખાતામાંથી પૈસા આપમેળે કપાઈ જાય છે. ઘણા લોકો પગાર આવવાની તારીખની આસપાસ SIPની તારીખ રાખે છે, જેથી પહેલા રોકાણ થઈ જાય અને ત્યારબાદ બાકીના ખર્ચ કરી શકાય.પરંતુ શું તમે ક્યારેય વિચાર્યું છે કે જો તમારી નોકરી અથવા આવક બંધ થઈ જાય તો શું થશે? આવક બંધ થઈ જાય તો રોકાણ કેવી રીતે કરવું?માની લો કે તમારી નોકરી જતી રહે, કરિયરમાં થોડો વિરામ લેવો પડે અથવા થોડા સમય માટે પૈસાની અછત સર્જાય. આવી સ્થિતિમાં દર મહિને SIPની રકમ જમા કરાવવી મુશ્કેલ બની શકે છે.આવા સમયે એ જ રકમની SIP ચાલુ રાખવી જરૂરી નથી. સૌથી પહેલાં એ સમજવું જરૂરી છે કે SIP પોતે કોઈ અલગ રોકાણ પ્રોડક્ટ નથી, પરંતુ મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવાની એક રીત છે.જો કોઈ મહિને તમે SIPની હપ્તાની રકમ ચૂકવી ન શકો તો અગાઉ રોકાણ કરેલા પૈસા ખતમ થતા નથી. તમારું પહેલેથી રોકાણ કરેલું નાણું મ્યુચ્યુઅલ ફંડમાં જ રોકાયેલું રહે છે. ભારતમાં મોટાભાગની મ્યુચ્યુઅલ ફંડ કંપનીઓ સામાન્ય રીતે સતત આશરે 3 મહિના સુધી SIPનો હપ્તો ન ભરાય તો SIP બંધ કરી દે છે.સામાન્ય રીતે તેના માટે અલગથી દંડ લેવામાં આવતો નથી.

## Swiggy-Zomatoની ડિલિવરી ફી પર લાગતા GSTને 18%થી ઘટાડીને 5% કરવાના પ્રસ્તાવની ચર્ચા કરી શકાશે.

(એજન્સી) નવી દિલ્હી | તા.08

Swiggy તેમજ Zomatoના ડિલિવરી ચાર્જ પર લાગતો GST 18%થી ઘટાડીને 5% કરવાનો પ્રસ્તાવ વિચારણા હેઠળ છે. જોકે, અંતિમ નિર્ણય બેઠકમાં જ લેવામાં આવશે. હાલમાં ઓનલાઈન પ્લેટફોર્મ પરથી ખાવાનું ઓર્ડર કરવા પર ખાવાની કિંમત પર 5% GST લાગે છે, પરંતુ ડિલિવરી ફીને અલગ સેવા ગણીને તેના પર 18% GST વસૂલવામાં આવે છે. હવે GST કાઉન્સિલ આ તફાવત દૂર કરવા અંગે વિચારણા કરી રહી છે.જો પ્રસ્તાવને મંજૂરી મળે છે, તો Swiggy અને Zomato જેવા પ્લેટફોર્મ પર લાગતી ડિલિવરી ફી પર પણ 5% GST લાગુ થઈ શકે છે. તેનાથી બિલિંગ વ્યવસ્થા સરળ બનવાની સાથે ગ્રાહકોને પણ થોડી રાહત મળવાની અપેક્ષા છે.હોટેલ અને રેસ્ટોરન્ટને ITCનો લાભ મળશે?બેઠકમાં હોટેલ, રેસ્ટોરન્ટ અને ફિટનેસ સેન્ટર જેવા વ્યવસાયો માટે ITC સાથે જોડાયેલા પ્રસ્તાવ પર પણ ચર્ચા થઈ શકે છે. 5% GST ચૂકવતા આ સેવા પ્રદાતાઓને કેટલાક ઈનપુટ ખર્ચ પર ટેક્સ ક્રેડિટ આપવાની શક્યતા અંગે વિચારણા થઈ રહી છે. તેનાથી વેપારીઓનો ખર્ચ ઘટાડવામાં મદદ મળી શકે છે.GST કાઉન્સિલ દુર્લભ બીમારીઓની સારવારમાં ઉપયોગમાં લેવાતી દવાઓ અંગે પણ મહત્વપૂર્ણ નિર્ણય લઈ શકે છે. વધુ 7 દુર્લભ બીમારીઓને GSTમાંથી મુક્તિ મળતી દવાઓની યાદીમાં સામેલ કરવાનો પ્રસ્તાવ છે. તેનાથી મોંઘી અને જીવનરક્ષક દવાઓનો ખર્ચ ઉઠાવતા દર્દીઓ પરનો આર્થિક બોજ ઘટી શકે છે.ડિફેન્સ ક્ષેત્રમાં મિસાઈલના પાર્ટ્સ, સ્પેર પાર્ટ્સ અને ખાસ ટેસ્ટિંગ સાધનોને IGSTમાંથી મુક્તિ આપવાની શક્યતા અંગે વિચારણા થઈ શકે છે.બીજી તરફ, કૃષિ ક્ષેત્રમાં બીજના સંગ્રહ અને વેરહાઉસિંગ સેવાઓને GSTમાંથી મુક્તિ આપવાનો પ્રસ્તાવ પણ સામે આવ્યો છે.આ ઉપરાંત વિદેશી શિપિંગ કંપનીઓને આપવામાં આવતી કેટલીક સેવાઓ અને સિક્યોરિટી પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશનની સેવાઓને પણ ટેક્સમાં રાહત આપવાના પ્રસ્તાવ પર ચર્ચા થઈ શકે છે.GST કાઉન્સિલની 57મી બેઠક 8 ઓક્ટોબરે યોજાશે.

### મહારાષ્ટ્રમાં બાઈક ટેક્સી પર નવો નિયમ

## Ola-Uber-Rapidoને બાઈક પેટ્રોલમાંથી ઈલેક્ટ્રિક કરવાની સૂચના

(એજન્સી) મુંબઈ | તા.08

આજના સમયમાં બાઈક ટેક્સીનો ઉપયોગ સતત વધી રહ્યો છે. મહારાષ્ટ્રમાં બાઈક ટેક્સીનો ઉપયોગ પરિવહન માટે કરનારા અથવા બાઈક ટેક્સી ચલાવીને જીવનનિર્વાહ કરતા લોકો માટે મહારાષ્ટ્રની સરકાર દ્વારા Ola, Uber અને Rapido સહિત તમામ બાઈક ટેક્સી કંપનીઓને પોતાની બાઈક ઈલેક્ટ્રિક કરવા માટે નિર્દેશ આપ્યો છે.મળતી માહિતી મુજબ, કંપનીઓને પોતાનો સંપૂર્ણ બાઈક ટેક્સી કાફલો ઈલેક્ટ્રિક કરવા માટે થોડા મહિનાનો સમય આપવામાં આવ્યો છે. એટલે હવે બાઈક ટેક્સીને પેટ્રોલમાંથી ઈલેક્ટ્રિક વાહન તરફ ખસેડવાની પ્રક્રિયા શરૂ થશે.અહેવાલ મુજબ, હાલમાં પેટ્રોલથી ચાલતી બાઈકનો ઉપયોગ કરતી કંપનીઓએ ઈલેક્ટ્રિક વાહનો તરફ ખસવું પડશે. તેના માટે તેમને 6 મહિનાનો સમય આપવામાં આવ્યો છે.જોકે, આ સમયમર્યાદા તમામ કંપનીઓ માટે એકસરખી નથી. કેટલીક કંપનીઓને વધારાનો સમય આપવામાં આવશે અને તેની પાછળ ચોક્કસ કારણ પણ છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસના નિર્દેશ બાદ મહારાષ્ટ્ર પરિવહન વિભાગે RTO અને બાઈક ટેક્સી કંપનીઓને આ નિયમ લાગુ કરવા માટે સૂચના આપી છે.આનો અર્થ એ છે કે આવનારા સમયમાં મહારાષ્ટ્રમાં બાઈક ટેક્સી માટે પેટ્રોલ બાઈકની જગ્યાએ ઈલેક્ટ્રિક બાઈકનો ઉપયોગ કરવામાં આવશે.મહારાષ્ટ્ર બાઈક ટેક્સી નિયમો, 2025 હેઠળ પ્રોવિઝનલ લાઈસન્સ માટે જે ઓપરેટર્સે અગાઉથી અરજી કરી છે, તેમને પેટ્રોલ વાહનમાંથી ઈલેક્ટ્રિક વાહન તરફ ખસવા માટે વધારાના 3 મહિનાનો સમય આપવામાં આવશે.એટલે અલગ-અલગ કિસ્સામાં કંપનીઓને પોતાની તમામ પેટ્રોલ બાઈકને ઈલેક્ટ્રિક બાઈકમાં બદલવા માટે કુલ 9 મહિના સુધીનો સમય મળી શકે છે.હવે સવાલ એ છે કે સરકારે આ નિર્ણય શા માટે લીધો છે અને તેની પાછળનો હેતુ શું છે?આ નિર્દેશ પાછળ સરકારનો મુખ્ય હેતુ રાજ્યમાં વધી રહેલા પ્રદૂષણને ઘટાડવાનો અને ઈલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન આપવાનો છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, ભાદરવા વદ-14

# ફોર્મ -6 : દેશમાં SIR વિવાદનું કેન્દ્ર બનેલો મતદાર દસ્તાવેજ

દેશભરમાં હાલમાં એસઆઈઆર મુદ્દે વિવાદ ચાલી રહ્યો છે. ખાસ કરીને થોડા સમય પહેલાં ચૂંટણી કમિશનમાં જે તડાં પડયા અને વિવિધ અધિકારીઓ તથા બે ચૂંટણી કમિશનર દ્વારા જે અહેવાલો આપવામાં આવ્યા ત્યારબાદ સમગ્ર ઘટના મુદ્દે દેશભરમાં આક્રોશ જોવા મળી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, વિપક્ષો આ મુદ્દે આકરાપાણીએ છે અને મતદારો પણ હવે લડી લેવાના મૂડમાં આવી ગયા છે. સડકથી લઈને સંસદ સુધી અને ચૂંટણી કમિશનના ઝાંપા સુધી અને સીઈસી જ્ઞાનેશ કુમારના ઘરના ઝાંપા સુધી વિરોધ પહોંચી ગયો છે. ઉલ્લેખનીય છે કે, જૂન ૨૦૨૫થી જ્યારે મતદાર યાદીનું ખાસ સઘન સુધારણા (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન - SIR) શરૂ થયું, ત્યારથી આ પ્રક્રિયા જે રીતે હાથ ધરવામાં આવી રહી છે અને તેના અમલીકરણની જે ગતિ છે તેને લઈને વિવાદોમાં ઘેરાયેલી છે.જોકે, આ બાબત ત્યારે વધુ ગંભીર બની જ્યારે લગભગ બે અઠવાડિયા પહેલા એક અહેવાલમાં ઘટસ્ફોટ થયો કે ચૂંટણી કમિશનર સુખબીર સિંહ સંધુ અને વિવેક જોશીએ SIR સંબંધિત કેટલાક નિર્ણયો સામે વાંધો નોંધાવ્યો હતો, જેમાં ફોર્મ ૬માં કરાયેલા ફેરફારો અને મતદારોના નામ રદ કરવાનો સમાવેશ થાય છે. આ મુદ્દો હવે કાનૂની લડાઈમાં ફેરવાઈ ગયો છે અને સુપ્રીમ કોર્ટમાં હવે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને સસ્પેન્ડ કરવાની માંગ કરતી અરજીઓ પર સુનાવણી ચાલી રહી છે. સોમવારે જ આ કેસમાં સુનાવણી કરતી વખતે ભારતના મુખ્ય ન્યાયાધીશે જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટે ફોર્મ ૬માં કરાયેલા કોઈપણ ફેરફારને મંજૂરી આપી નથી. હકિકતે આ ફોર્મ ૬ અને તેની આસપાસ જે વિવાદ વકરી રહ્યો છે તેના વિશે લોકોને ખાસ સમજ આપવામાં આવી જ નથી. જાણકારોના મતે આ ફેરફારોને જ ગુપ્ત હથિયાર બનાવીને કરોડો મતદારો સાથે અન્યાય કરવામાં આવ્યો હોવાની ફરિયાદો ઉઠી રહી છે. ઉલ્લેખનીય છે કે, ભારતીય ચૂંટણી પંચ દ્વારા જારી કરવામાં આવતું ફોર્મ ૬, નવા મતદાર તરીકે નોંધણી કરાવવા માટેનું અરજીપત્રક છે. જે મતદારોના નામ યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા હોય અને તેઓ ફરીથી નવી નોંધણી કરાવવા માંગતા હોય તેમના માટે પણ આ જ ફોર્મ છે. આ ફોર્મમાં અરજદારની વ્યક્તિગત વિગતો, ઉંમર અને સામાન્ય રહેઠાણનો પુરાવો, નાગરિકતા અંગેનું ડિક્લેરેશન તથા અરજદારનું નામ અન્ય કોઈ સ્થળે નોંધાયેલું છે કે કેમ તે અંગેની વિગતો માંગવામાં આવે છે.વાત એવી છે કે, ઓનલાઈન રજીસ્ટ્રેશન દરમિયાન ઉમેરવામાં આવેલા એક વધારાના ડિક્લેરેશનના કારણે આ ફોર્મ ૬ સામે વિવાદ ઊભો થયો છે. જુલાઈમાં પ્રસિદ્ધ થયેલા નવા ફોર્મ ૬માં, અરજદારોને ત્રણ બાબતોમાંથી એક પસંદ કરવા માટે કહેવામાં આવ્યું છે. સૌથી પહેલાં તો ૨૦૦૦ના દાયકાની શરૂઆતમાં થયેલા છેલ્લા SIR દરમિયાન મતદાર યાદીમાં તેમનું નામ સામેલ હતું કે કેમ. તે ઉપરાંત તે સમયની મતદાર યાદીમાં તેમના માતા-પિતા કે દાદા-દાદીનું નામ સામેલ હતું કે કેમ. આ ઉપરાંત તે યાદીમાં તેમનું કે તેમના માતા-પિતા બંનેમાંથી કોઈનું નામ સામેલ નહોતું. જોકે આ નવા ડિક્લેરેશનને ફરજિયાત તરીકે ચિહ્નિત કરવામાં આવ્યું નથી, તેમ છતાં અરજદારો આ વિકલ્પ ભર્યા વગર ઓનલાઈન ફોર્મ સબમિટ કરી શકતા નથી. વધુમાં, માર્ગદર્શિકા એવી ચેતવણી પણ આપે છે કે તેમાં ખોટું નિવેદન આપવું એ લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦ની કલમ ૩૧ હેઠળ દંડનીય ગુનો છે. અહેવાલ મુજબ, ચૂંટણી કમિશનર જોશી અને સંધુએ ફોર્મમાં કરાયેલા આ ફેરફાર સામે વાંધો ઉઠાવતા કહ્યું હતું કે, નિયમોમાં સુધારો કર્યા વિના આ પ્રકારનો ફેરફાર કરી શકાય નહીં. કલમ ૨૮ જણાવે છે કે, કેન્દ્ર સરકાર, ચૂંટણી પંચ સાથે ચર્ચા-વિચારણા કર્યા પછી સત્તાવાર ગેઝેટમાં જાહેરનામું બહાર પાડીને આ અધિનિયમના હેતુઓને પૂર્ણ કરવા માટે નિયમો બનાવી શકે છે. તેમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે આ કાયદા હેઠળ બનેલો દરેક નિયમ બનાવ્યા પછી શક્ય તેટલી વહેલી તકે સંસદના બંને ગૃહો સમક્ષ રજૂ કરવામાં આવશે. જોકે, સરકાર દ્વારા કોઈ નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું ન હતું. આ ફેરફાર મીડિયામાં આવ્યા પછી, સંધુએ નોંધાવ્યું હતું કે આ પગલું અનધિકૃત અને ગેરકાયદેસર છે અને તેને તરત જ દૂર કરવું જોઈએ.

## બનાસકાંઠા: રવિ ઋતુમાં વિવિધ કૃષિ સહાય ઘટકો માટે ૧૫ ઓક્ટોબર સુધી આઈ-ખેડૂત પોર્ટલ પર અરજી કરી શકાશે

માહિતી બ્યુરો, પાલનપુર | રાજ્ય અને કેન્દ્ર સરકાર પુરસ્કૃત વિવિધ કૃષિ યોજનાઓ અંતર્ગત રવિ ઋતુ માટે પ્રમાણિત બીજ વિતરણ, સીડ મિનીકીટ તેમજ પાક નિદર્શન ઘટકોનો લાભ ખેડૂતો સુધી પહોંચાડવા માટે 'આઈ-ખેડૂત' (i-Khedut) પોર્ટલ ઓનલાઈન અરજીઓ સ્વીકારવા ખુલ્લું મૂકવામાં આવ્યું છે. બનાસકાંઠા જિલ્લાના ખેડૂતો આ યોજનાઓનો વધુમાં વધુ લાભ મેળવી શકે તે હેતુથી આગામી તારીખ ૧૫ ઓક્ટોબર, ૨૦૨૬ સુધી પોર્ટલ પર અરજી કરવાની સુવિધા ઉપલબ્ધ રહેશે. જિલ્લાના તમામ પાત્રતા ધરાવતા ખેડૂત મિત્રોએ નિયત સમયમર્યાદા ધ્યાને રાખી વહેલી તકે 'આઈ-ખેડૂત' પોર્ટલ પર ઓનલાઈન અરજી કરી યોજનાઓનો મહત્તમ લાભ મેળવવા જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, બનાસકાંઠા દ્વારા અખબારી યાદી મારફત અનુરોધ કરવામાં આવ્યો છે.*

# જૂનાગઢમાં રક્તદાન મહાશિબિર

નરેન્દ્ર દવે જૂનાગઢ

રાજકોટ નાગરિક સહકારી બેંક લી. તેનો ૭૪મો સ્થાપના દિવસ ઉજવી રહી છે, આ નિમિત્તે દિનાંક : ૧૦ ઓક્ટોબર ૨૦૨૬ ને શનિવારના રોજ સવારે ૯.૦૦ થી બપોરના ૧.૦૦ વાગ્યા સુધી રાજકોટ નાગરિક બેંક શાખા, મહાત્મા ગાંધી રોડ, જૂનાગઢ ખાતે રક્તદાન શિબિર નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ 'નાના માણસોની મોટી બેંક દ્વારા નાનું પણ મૂલ્યવાન સેવા કાર્ય' થી આ અવસર ઉજવવામાં આવશે જેમાં રક્તદાન કરનાર દાતા ને બેંક તરફથી એક સુંદર ઉપહાર આપવામાં આવશે. આ દિવસે આપ રક્તદાન કરવા માટે પધારો, આપનાં પરિવારમાંથી અને મિત્ર મંડળ માંથી રક્તદાન કરી શકે તેવા લોકોને પણ સાથે લાવો ₹ આવો, રાજકોટ નાગરિક સહકારી બેંકનાં આ સ્થાપના દિન પર આપણે પણ કોઈનું મૂલ્યવાન જીવન બચાવવામાં ભાગીદાર બનીએ, તેમ સંસ્થા તરફથી જણાવવામાં આવ્યું છે.



ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગર ના આર્થિક સહયોગ થી અનુસુચિત જાતિ વારસાગત સાંસ્કૃતિક કલા યોજના હેઠળ શ્રી ચામુંડા કલા મંડળ રોડા ના લીડર તુરી હસમુખ ભાઈ મણાભાઈ દ્વારા ધધાણા ગામે તા.3.10.2026 ના રોજ લોક ડાયરા નો કાર્યક્રમ યોજાયો હતો જેમાં યોગેશ જાદવ કાન્તિ ભાઈ બારોટ રાહુલ બારોટ જયરાજ જાદવ મનુ ભાઈ હરેશ ભાઈ જીગર ભાઈ નગીન ભાઈ ભાવેશ ભાઈ દ્વારા રમઝટ બોલાવવામાં આવી હતી.

# તહેવારોની આગમન પહેલાં દેશલપર-ગુંતલીમાં સ્વચ્છતાની સરાહનીય પહેલ

## મારું આંગણું સ્વચ્છ તો મારું ગામ સ્વચ્છ'ના સંદેશ સાથે જાહેર રસ્તા અને બજાર વિસ્તારમાં સફાઈ



જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

તહેવારોની ઉજવણીને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે દેશલપર (ગુંતલી) ગામમાં સ્વચ્છતા અંગે જાગૃતિ કેળવવાના હેતુથી વ્યાપારી કુલદીપસિંહ જાડેજા સહિત જાગૃત નાગરિકોએ સ્વયં આગળ આવી જાહેર રસ્તાઓ તેમજ બજાર વિસ્તારમાં સફાઈ અભિયાન હાથ ધર્યું હતું.આ સફાઈ કામગીરીમાં ધોસમામદ જત, મહિપતસિંહ જાડેજા સહિતના લોકોએ જોડાઈને શ્રમદાન કર્યું હતું. કોઈપણ સરકારી તંત્રની રાહ જોયા વિના નાગરિકો દ્વારા સ્વયં સફાઈ માટે આગળ આવવાની આ પહેલ સ્વચ્છતા પ્રત્યેની જાગૃતિનો સુંદર સંદેશ આપે છે.આ પ્રસંગે કુલદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં ધાર્મિક તહેવારો, નવરાત્રિ તેમજ દિવાળી જેવા પર્વો આવી રહ્યા છે ત્યારે ગામના જાહેર સ્થળો, રસ્તાઓ અને બજાર વિસ્તારો સ્વચ્છ રહે તે જરૂરી છે. 'મારું આંગણું હું સ્વચ્છ રાખું' જેવી ભાવના દરેક વ્યક્તિ કેળવે તો તેનું સકારાત્મક પરિણામ ગામથી લઈને તાલુકા, જિલ્લા, રાજ્ય અને સમગ્ર દેશની સ્વચ્છતામાં જોવા મળી શકે.સ્વચ્છતા માત્ર તંત્રની જવાબદારી ન બની રહે, પરંતુ 'મારું ગામ - મારી જવાબદારી' ની સ્વભાવિક ભાવના સાથે દરેક નાગરિક પોતાની આસપાસનો વિસ્તાર સ્વચ્છ રાખવા આગળ આવે તેવો સંદેશ આ સ્વયંસેવી સફાઈ અભિયાને આપ્યો હતો. તહેવારોના માહોલ વચ્ચે નાગરિકો દ્વારા હાથ ધરાયેલી આ પહેલ અનુકરણ કરવા જેવી બની છે.

# શનિવારથી પુ.મોરારિબાપુની સંન્નિધિમાં સ્વસ્તિક કથાયાત્રાનું પ્રથમ ચરણ પ્રારંભાશે

તખુભાઈ સાંડસુર | વેળાવદર

પૂ.મોરારીબાપુનો હંમેશા મંત્ર રહ્યો છે કે 'ચરૈવૈતી ચરૈવૈતી' તેથી વ્યાસગાદી સમગ્ર વિશ્વમાં સત્ય પ્રેમને કરુણાનો સંદેશ લઈને જન સમુદાયમાં મૂલ્યોના વાવેતર માટે વિચરતી રહી છે. તેના ભાગરૂપે



બાપુનો એક સંકલ્પ હતો કે ભારતના નકશામાં એક સ્વસ્તિક યાત્રાનું આયોજન કરીને વ્યાસપીઠ ભારતની તીર્થ ભૂમિની યાત્રા કરે. આ સંકલ્પના પરિપાકરૂપે દક્ષિણથી ઉત્તર તરફની સ્વસ્તિક યાત્રાનું પ્રથમ ચરણ કન્યાકુમારીથી 10 ઓક્ટોબરના રોજ પ્રારંભ થવાનું છે. ભારતીય રેલ વિભાગના સહયોગથી અને સનાતન ધર્મ સેવા સંસ્થાન ઉદેપુરના મનોરથથી યોજાઈ રહેલી આ મંગલ અને પાવનકારી યાત્રા દક્ષિણ ભારતના તમિલનાડુ રાજ્યના કન્યાકુમારીથી આરંભ થશે.હિન્દુ ધર્મના અધ્યાત્મના શિખર મહાપુરુષ એવા સ્વામી વિવેકાનંદને અહીં મહાધ્યાનની અનૂભૂતિ થઈ હતી.બાણાસુરનો વધ પણ અહીં થયાનું કહેવાય છે.તે સ્થળેથી આ કથા આરંભાશે.10 મી ઓક્ટોબર ના સવારે 11:00 કલાકે કન્યાકુમારીના રેલ્વે સ્ટેશન ખાતે ખાતે કથાનો ઉદ્ઘાટન સમારોહ યોજાશે. જેમાં પૂ. મોરારિબાપુ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહી અને પોતાનો ભાવ વ્યક્ત કરશે. તે જ દિવસે બપોર પછી કન્યાકુમારીના વિવેકાનંદ પરિસરમાં પ્રથમ દિવસની કથાનું ગાન થશે.રાત્રે ટ્રેન મારફતે કુલ 12 દિવસ ચાલનારી આ કથા યાત્રા પોતાના અલગ અલગ ગંતવ્ય સ્થાન તરફ ગતિ કરશે. 11મી એ કાલડી 12મીએ શૃંગેરી, 13 હંપી, 14 મી એ પંપા સરોવર,15 મે તુલજાપુર,16 મી ઓમકારેશ્વર, 17મી ઝાંસી, 18 મી મથુરા, 19 મી કુરુક્ષેત્ર, 20 મી વાઘા બોર્ડર, 21 મી જમ્મુ, 23 મીએ કેદારનાથમાં કથા વિરામ થશે.આ યાત્રા ભારતના કુલ 9 રાજ્યોમાંથી પસાર થશે.આ દક્ષિણથી ઉત્તર છેડાનો પહેલો તબક્કો પુરો થયા બાદ તા 14/11 થી દ્વારકાથી પુરી એટલે કે પશ્ચિમથી પુર્વનો બીજો મણકો યોજાશે.કથાના યાત્રિકોમા ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# વાઈલ્ડલાઈફ કન્ઝર્વેશન અને હ્યુમન-વાઈલ્ડલાઈફ કો-એક્ઝિસ્ટન્સ અંગે જાગૃતિ ફેલાવવાના હેતુથી વાઈલ્ડલાઈફ વીકની થઈ ઉજવણી

નરેન્દ્ર દવે જૂનાગઢ

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી જૂનાગઢ ખાતે કાર્યરત સેન્ટર ઑફ એક્સેલન્સ ફોર વાઈલ્ડલાઈફ એન્ડ કન્ઝર્વેશન સ્ટડીઝ દ્વારા વાઈલ્ડ લાઈફ કન્ઝર્વેશન અને હ્યુમન-વાઈલ્ડ લાઈફ કો-એક્ઝિસ્ટન્સ અંગે જાગૃતિ ફેલાવવાના હેતુથી વાઈલ્ડલાઈફ વીક ૨૦૨૬ની વિવિધ શૈક્ષણિક, ફિલ્ડ અને અવેરનેસ એક્ટિવિટીઝ સાથે ઉજવણી કરવામાં આવી, ઉજવણીની શરૂઆત ગીરનાર ખાતે નેચર વોકથી કરવામાં આવી, જેમાં ફેકલ્ટી મેમ્બર્સ અને Ph.D. સ્કોલર્સે ભાગ લીધો. નેચર વોક દરમિયાન વિવિધ પ્લાન્ટ સ્પીસીઝ અને તેમના ઈકોલોજિકલ ઈમ્પોર્ટન્સ વિશે માહિતી આપવામાં આવી. સાથે જ વાઈલ્ડલાઈફ સાઈન સર્વે અને ફિલ્ડ સર્વે દ્વારા પ્રાણીઓ ના વિવિધ સાઈન્સની ઓળખ તથા તેના મહત્વ અંગે પ્રાયોગિક માહિતી આપવામાં આવી હતી. વાઈલ્ડલાઈફ અવેરનેસને શાળા સ્તર સુધી પહોંચાડવા માટે જવાહર નવોદય વિદ્યાલય, ખડિયા અને કેન્દ્રીય વિદ્યાલય, જૂનાગઢ ખાતે ખાસ વાઈલ્ડ લાઈફ અવેરનેસ પ્રોગ્રામ યોજવામાં આવ્યો, CWCSના M. Sc. વાઈલ્ડલાઈફ સાયન્સના વિદ્યાર્થીઓ દ્વારા વિદ્યાર્થીઓને હ્યુમન-વાઈલ્ડલાઈફ કૉન્ફ્લિક્ટ, ખાસ કરીને હ્યુમન-લાયન ઈન્ટરેક્શન અંગે જાગૃત કરવામાં આવ્યા. સિંહ સાથે ઈન્ટરેક્શન થાય ત્યારે શું કરવું અને શું ન કરવું (ડૂઝ એન્ડ ડોન્ટ્સ) અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. આ માટે ખાસ તૈયાર કરવામાં આવેલા અવેરનેસ પેમ્ફલેટ્સ પણ વિદ્યાર્થીઓમાં વહેંચવામાં આવ્યા.જવાહર નવોદય વિદ્યાલય, ખડિયાના પ્રિન્સિપાલ શ્રી વિનોદ લેવે અને કેન્દ્રીય વિદ્યાલય, જૂનાગઢના પ્રિન્સિપાલશ્રી રજનિકાંત સુતરિયાએ CWCSની આ પહેલને બિરદાવતાં જણાવ્યું કે વાઈલ્ડલાઈફ હેબિટેટની નજીક હ્યુમન સેટલમેન્ટ્સ અને સ્કૂલ્સ આવેલાં હોવાથી આવા અવેરનેસ પ્રોગ્રામ્સનું મહત્વ ખૂબ વધી ગયું છે. સ્કૂલ અવેરનેસ પ્રોગ્રામ દરમિયાન વાઈલ્ડલાઈફ અને કન્ઝર્વેશન આધારિત ડ્રોઈંગ કોમ્પિટિશન પણ યોજવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ વાઈલ્ડલાઈફ કન્ઝર્વેશન અંગે પોતાના વિચારો અને સર્જનાત્મકતા રજૂ કરી. ભાગ લેનાર વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ્સ આપવામાં આવ્યા. યુવાનોને વાઈલ્ડલાઈફ કન્ઝર્વેશન સાથે જોડવા માટે UG અને PG વિદ્યાર્થીઓ માટે વાઈલ્ડલાઈફ કન્ઝર્વેશન થીમ પર પોસ્ટર પ્રેઝન્ટેશનનું આયોજન કરવામાં આવ્યું. જેમાં જૂનાગઢની શુભાષ યુનિવર્સિટી અને બહાઉદ્દીન સાયન્સ કોલેજ જેવી અગ્રણી શૈક્ષણિક સંસ્થાઓ ના વિદ્યાર્થીઓએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. વિદ્યાર્થીઓએ વાઈલ્ડલાઈફ કન્ઝર્વેશન અંગે પોતાના વિચારો અને પર્સ્પેક્ટિવ રજૂ કર્યા. શ્રેષ્ઠ પ્રથમ, દ્વિતીય અને તૃતીય પોસ્ટર્સને પ્રાઈઝ તથા તમામ પાર્ટિસિપન્ટ્સને સર્ટિફિકેટ્સ આપવામાં આવ્યા , આ પ્રસંગે વાઈસ ચાન્સેલર પ્રો. પ્રતાપસિંહ ચૌહાણે CWCSની આ પહેલને બિરદાવતાં જણાવ્યું કે વિદ્યાર્થીઓમાં વન્યજીવ અને વન્યજીવ સંરક્ષણ પ્રત્યે સંવેદનશીલતા વિકસાવવા માટે આવી પ્રવૃત્તિઓ ખૂબ જ જરૂરી છે. વિદ્યાર્થીઓને માત્ર પુસ્તકી જ્ઞાન પૂરતું મર્યાદિત ન રાખી, તેમને ફિલ્ડ એક્સપિરિયન્સ અને પ્રકૃતિ સાથેના પ્રત્યક્ષ જોડાણ દ્વારા વાઈલ્ડલાઈફ કન્ઝર્વેશનનું મહત્વ સમજાવવું જરૂરી છે. CWCSના ડિરેક્ટર ડૉ.નિશિથ ધરૈયાએ જણાવ્યું કે વાઈલ્ડલાઈફ વીક જેવી એક્ટિવિટીઝ દ્વારા સંશોધન અને કન્ઝર્વેશનનું સાચું અને સચોટ જ્ઞાન સમાજ સુધી પહોંચાડવું જરૂરી છે. આવા કાર્યક્રમો દ્વારા વાઈલ્ડલાઈફ અંગેની સાચી માહિતી અને વૈજ્ઞાનિક સમજ લોકો સુધી પહોંચે છે તથા સમાજમાં જવાબદારી અને કન્ઝર્વેશન માટેની સક્રિય ભાગીદારી વિકસાવવામાં મદદ મળે છે. સમગ્ર કાર્યક્રમનું આયોજન CWCSના સાયન્ટિસ્ટ-ડી ડૉ.શબનમ સૈયદના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું. તેમણે જણાવ્યું કે વાઈલ્ડલાઈફ કન્ઝર્વેશનમાં ઈન્ક્લુઝિવનેસ ખૂબ મહત્વપૂર્ણ છે અને લોકલ કમ્યુનિટીઝ, સ્કૂલ્સ, કોલેજ્સ, યુનિવર્સિટીઝ, સ્ટુડન્ટ્સ, સંશોધકો અને સંબંધિત વિભાગો સહિત તમામ સ્ટેકહોલ્ડર્સની સક્રિય ભાગીદારી જરૂરી છે. ખાસ કરીને હ્યુમન-વાઈલ્ડલાઈફ કૉન્ફ્લિક્ટથી અસરગ્રસ્ત વિસ્તારોમાં લોકલ કમ્યુનિટીઝના જ્ઞાન અને સહયોગને કન્ઝર્વેશન પ્રોસેસ સાથે જોડવાથી વધુ અસરકારક અને લાંબા ગાળાના પરિણામો મેળવી શકાય છે. વાઈલ્ડલાઈફ વીક ૨૦૨૬ દ્વારા ફિલ્ડ લર્નિંગ, યુવા પાર્ટિસિપેશન અને સમાજમાં અવેરનેસને જોડીને વાઈલ્ડલાઈફ કન્ઝર્વેશન માટે સહિયારા પ્રયાસનો સંદેશ આપવામાં આવ્યો.

# પશુચિકિત્સા અને પશુપાલન મહા વિદ્યાલય, કામધેનું યુનિવર્સિટી, જૂનાગઢ ખાતે વન્યજીવ સપ્તાહ-૨૦૨૬ની ઉજવણી

નરેન્દ્ર દવે જૂનાગઢ

કામધેનુ યુનિવર્સિટી, જૂનાગઢની પશુચિકિત્સા વિજ્ઞાન અને પશુપાલન મહાવિદ્યાલયની વિદ્યાર્થી પ્રતિનિધિ પરિષદ (એસ.આર.સી.) દ્વારા વન વિભાગ, જૂનાગઢના સહયોગથી વન્યજીવ સપ્તાહ-૨૦૨૬ની ઉજવણી અંતર્ગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં વન્યજીવ સંરક્ષણ,



જૈવવિવિધતાની સુરક્ષા તથા માનવ અને વન્યજીવ વચ્ચે સુમેળપૂર્ણ સહઅસ્તિત્વ અંગે જાગૃતિ કેળવવાનો હતો. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે શ્રી અક્ષય જોશી, નાયબ વન સંરક્ષક, જૂનાગઢ, શ્રી એમ. આર.ઓડેદરા, મદદનીશ વન સંરક્ષક, જૂનાગઢ તથા કાર્યક્રમના અધ્યક્ષ તરીકે મહાવિદ્યાલયના આચાર્યશ્રી ડૉ. એમ.ડી. ઓડેદરા, એસ.આર.સી.ના ચેરમેન ડૉ. વી.આર.નિમાવત (૮૯૮૦૮૦૭૭૨૮)તથા શ્રીમતી પી.ડી. સુહાગિયા, રેન્જ ફોરેસ્ટ ઓફિસર, સાઉથ રેન્જ, ગિરનાર ઉપસ્થિત રહ્યા હતા.ડૉ.વી. આર. નિમાવતે સ્વાગત પ્રવચનમાં યુવા પેઢીમાં વન્યજીવ તથા કુદરતી સંસાધનોના સંરક્ષણ પ્રત્યે સંવેદના વિકસાવવામાં વન્યજીવ સપ્તાહના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. શ્રી અક્ષય જોશીએ વન્યજીવ સંરક્ષણ વિષય પર પ્રેરણાદાયી ઉદ્બોધન આપતાં સામુદાયિક ભાગીદારી, કુદરતી આવાસો પ્રત્યે જવાબદાર વર્તન તથા જૈવવિવિધતાના સંરક્ષણમાં યુવા વ્યાવસાયિકોના સક્રિય યોગદાનની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો. અધ્યક્ષીય ઉદ્બોધનમાં ડૉ.એમ.ડી. ઓડેદરા એ વન્યજીવ આરોગ્ય, રોગ સર્વેલન્સ, સંરક્ષણ તથા વ્યાપક 'વન હેલ્થ' અભિગમમાં પશુચિકિત્સકો અને પશુ ચિકિત્સા વિદ્યાર્થીઓની મહત્વપૂર્ણ ભૂમિકા રેખાંકિત કરી હતી.કાર્યક્રમમાં પ્રો. સંજયકુમાર ભૂત, એસોસિએટ પ્રોફેસર, મહિલા કોલેજ, વેરાવળ; શ્રી ભાવેશભાઈ ચાવડા, પ્રાચાર્ય, વડલા પ્રાથમિક શાળા; તથા શ્રી કેયુરભાઈ સંચલા,પીજીવીસીએલ દ્વારા વન્યજીવ સંરક્ષણ સંબંધિત પોતાના મૂલ્યવાન અનુભવો, નિરીક્ષણો અને વ્યવહારુ દૃષ્ટિકોણ રજૂ કર્યા, જેના કારણે વિદ્યાર્થીઓ તથા ઉપસ્થિતોમાં વિશેષ રસ અને જાગૃતિ સર્જાઈ હતી. આ ઉજવણી માં વિદ્યાર્થીઓ, અધ્યાપકો તેમજ વન વિભાગના કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમ વન્યજીવ સુરક્ષા, જૈવવિવિધતા સંરક્ષણ અને જવાબદાર સહઅસ્તિત્વ અંગે જાગૃતિ મજબૂત કરવા માટે એક અર્થપૂર્ણ મંચ સાબિત થયો હતો અને યુવા પશુચિકિત્સા વ્યાવસાયિકોને દેશની સમૃદ્ધ કુદરતી ધરોહરના સંરક્ષણમાં સક્રિય સહભાગી બનવા માટે પ્રેરિત કર્યા હતા.

# કલોલના રકનપુરમાં ૨૨૨૨૨૨ વૃક્ષોનું વાવેતર

કલોલ | ગ્લોબલ વોર્મિંગના ગંભીર પડકારો સામે ધરતીને બચાવવા અને પર્યાવરણની સમતુલા જાળવવાના દ્રઢ સંકલ્પ સાથે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૨૫મા ગૌરવવંતા વર્ષ નિમિત્તે તથા ગાંધીનગરના સાંસદ અને કેન્દ્રીય ગૃહ તથા સહકાર મંત્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ, કલોલ



તાલુકાના રકનપુર ખાતે 'કાનનમ્ પાર્ક' માં ૨,૨૨,૨૨૨ સ્થાનિક વૃક્ષોના વાવેતરના મહાઅભિયાનનો શુભારંભ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબ ના વરદ્ હસ્તે દીપ પ્રાગટ્ય અને વૃક્ષારોપણ દ્વારા ભવ્યતાપૂર્વક સંપન્ન થયો હતો. ધરતીમાતાનું ઋણ ચૂકવવાના આ ભગીરથ કાર્યમાં ધારાસભ્ય શ્રી બકાજી ઠાકોર, ગાંધીનગર જિલ્લાના કલેક્ટરશ્રી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર હિતેશભાઈ બારોટ અને જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમના નિમંત્રક તરીકે ઔડાના ચેરમેન બંછાનિધી પાની અને મુખ્ય કાર્યપાલક અધિકારી (સી.ઈ.ઓ.) મીરાંત પરીખ રહ્યા હતા, જ્યારે આ વિશાળ પર્યાવરણીય યજ્ઞમાં સાફલ્ય ગ્રુપ તેમજ મણીધર ડેવલપર્સના કિરીટભાઈ ડી. પટેલ, તેમનો પરિવાર અને સમગ્ર ટીમ-મિત્રોનું ખૂબ જ મોટું અને વિશેષ યોગદાન રહ્યું હતું, જે બદલ કિરીટભાઈ ડી. પટેલનો વિશેષ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત શફાલ્ય ગ્રુપ, ઝેડ ડેવલપર્સ, મણીધર સ્પેસિસ તથા ગ્રીન પ્લેનેટ સંસ્થા-કલોલ દ્વારા પણ સહયોગ સાંપડ્યો હતો. કાર્યક્રમમાં ઉમિયા એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ પંકજભાઈ પટેલ, નીરવ પ્રકૃતિ ટ્રસ્ટ ચુંવાલ-ડાંગરવાના પ્રમુખ મિનેશ પટેલ, ગ્રીન પ્લેનેટ કલોલના પ્રમુખ એહમદભાઈ પઠાણ, મહામંત્રી પ્રોફેસર રાજેશભાઈ પટેલ અને તેમની ટીમ, તાલુકા પંચાયત પ્રમુખ વિષ્ણુભાઈ પટેલ, ભાર્ગવ પટેલ, તાલુકા સભ્ય રજુજી ઠાકોર અને રકનપુર ગ્રામ પંચાયતના સરપંચ વિપુલભાઈ પટેલ જોડાયા હતા. સાથોસાથ મણિપુર ગાદીના સ્વામિનારાયણ સંસ્થાના સંતો, ગ્રામ-તાલુકા-જિલ્લા પંચાયતના પદાધિકારીઓ, અધિકારીઓ, અન્ય ધારાસભ્યો, મોટી સંખ્યામાં પ્રકૃતિ પ્રેમીઓ, યુવાનો, વિદ્યાર્થીઓ અને સામાજિક-ધાર્મિક-રાજકીય આગેવાનોએ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી વૈશ્વિક તાપમાન ઘટાડવાના આ સંકલ્પને સાકાર કરવા પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

## કોંગ્રેસનું વિરોધ પ્રદર્શન: ભાજપ સરકાર સામે ઉગ્ર સૂત્રોચ્ચાર



### કોંગ્રેસ નેતાઓ પર લાઠીચાર્જ સામે વિરોધ નોંધાયો

ડાંગ | ડાંગ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ભાજપ સરકાર સામે એક ઉગ્ર વિરોધ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યુ હતુ.કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓ મલ્લિકાર્જુન ખડગે અને રાહુલ ગાંધી સહિત ઈન્ડિયા (INDIA) ગઠબંધનના અગ્રણી નેતાઓ સામે પોલીસે કરેલી કાર્યવાહી અને લાઠીચાર્જના આક્ષેપોના વિરોધમાં આ પ્રદર્શન યોજાયું હતુ. ડાંગ જિલ્લા કોંગ્રેસના આગેવાનો અને મોટી સંખ્યામાં કાર્યકરો ગાંધી ઉદ્યાન નજીક એકત્રિત થયા હતા, જ્યાં તેમણે હાથમાં બેનરો અને પ્લેકાર્ડ્સ સાથે ભાજપ સરકાર વિરુદ્ધ ભારે નારેબાજી કરી રોષ વ્યક્ત કર્યો હતો.વિરોધ પ્રદર્શન દરમિયાન કોંગ્રેસી નેતાઓએ આક્ષેપ કર્યો હતો કે વર્તમાન સરકાર વિપક્ષના નેતાઓ સામે પોલીસ દ્વારા દમનકારી વલણ અપનાવી રહી છે. લોકશાહી વ્યવસ્થામાં વિપક્ષને પોતાની વાત રજૂ કરવાનો અને શાંતિપૂર્ણ વિરોધ નોંધાવવાનો બંધારણીય અધિકાર છે, પરંતુ વિરોધ પ્રદર્શન દરમિયાન લાઠીચાર્જ જેવી કારવાઈ કરવી તદ્દન અયોગ્ય છે. આ કાર્યક્રમમાં ડાંગ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સ્નેહલભાઈ ઠાકરે, વિરોધ પક્ષના નેતા મંગળભાઈ ગાવિત તેમજ તાલુકા અને જિલ્લાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ સહિત મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા. કોંગ્રેસના આગેવાનોએ સરકારને સ્પષ્ટ ચેતવણી આપતા જણાવ્યું હતુ કે જો આગામી દિવસોમાં વિપક્ષના નેતાઓ અને કાર્યકરો સાથે ફરીથી આ પ્રકારનું હિંસક કે દમનકારી વર્તન કરવામાં આવશે, તો સમગ્ર ડાંગ જિલ્લામાં આંદોલનને વધુ ઉગ્ર બનાવવામાં આવશે. જરૂર પડીએ ચક્કાજામ જેવા જલદ કાર્યક્રમો યોજવાની પણ ચીમકી આપવામાં આવી હતી. ગાંધી ઉદ્યાન આસપાસ યોજાયેલા આ વિરોધ પ્રદર્શનને કારણે સમગ્ર વિસ્તારમાં રાજકીય માહોલ ગરમાયો છે અને આગામી દિવસોમાં પણ આ મુદ્દે કોંગ્રેસ દ્વારા વધુ વિરોધ કાર્યક્રમો યોજાય તેવી શક્યતા સેવાઈ રહી છે.

# કરમસદ આણંદ મહાનગરપાલિકા દ્વારા મચ્છરના પોરા મળી આવતા 07 એકમો સામે કાર્યવાહી કરી રૂ.17,000 નો દંડ વસૂલ કરાયો

આણંદ | કરમસદ આણંદ મહાનગરપાલિકા દ્વારા મચ્છરજન્ય રોગચાળાને નિયંત્રિત કરવા અને જાહેર આરોગ્યની સુખાકારી જાળવવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. કરમસદ આણંદ મહાનગરપાલિકાના મેલેરિયા વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલી આ ખાસ તપાસ ઝુંબેશનો મુખ્ય ઉદ્દેશ્ય શહેરમાં મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા જેવા વાહકજન્ય રોગોના ફેલાવાને અટકાવવાનો છે.આ તપાસ દરમિયાન શહેરના વિવિધ વિસ્તારોમાં કુલ ૭ જેટલા એકમોમાં મચ્છરના પોરા મળી આવતા તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી હતી. આ કામગીરી દ્વારા પાલિકાએ મચ્છરોના સંવર્ધનને રોકવા માટે બેદરકારી દાખવતા એકમો સામે સખત વલણ અપનાવ્યું છે. મેલેરિયા વિભાગની ટીમ દ્વારા શહેરના અલગ-અલગ વિસ્તારોમાં સર્વે અને તપાસની કામગીરી કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન જ્યાં પાણીનો ભરાવો જોવા મળ્યો હતો અને મચ્છરોના પોરા જીવંત મળી આવ્યા હતા, તેવા ૦૭ એકમો પાસેથી નિયમોનુસાર વહીવટી ચાર્જ પેટે કુલ રૂ. ૧૭,૦૦૦/- ના દંડની વસૂલાત કરવામાં આવી છે.મહાનગરપાલિકા દ્વારા આ તબક્કે શહેરના તમામ નાગરિકો, વેપારીઓ અને સંસ્થાઓને જાહેર અપીલ કરવામાં આવી છે કે નાગરિકોએ પોતાની આસપાસના પરિસરમાં ક્યાંય પણ બિનજરૂરી પાણીનો ભરાવો ન થાય તેની સતત કાળજી લેવી જોઈએ. ખાસ કરીને ચોમાસા બાદ અથવા સામાન્ય સંજોગોમાં પણ ખુલ્લા પાત્રો, કુંડા કે ટાયરોમાં જમા થતું પાણી મચ્છરોના સંવર્ધન માટે અનુકૂળ પરિસ્થિતિ પૂરી પાડે છે તેથી આવી બેદરકારી ટાળવી અનિવાર્ય છે.

# ન્યુ એરા પ્રોફેસર એકેડેમી, કેશોદ ખાતે બેકરી તાલીમ શિબિર યોજાઈ



નરેન્દ્ર દવે જૂનાગઢ

ન્યુ એરા પ્રોફેસર એકેડેમી ખાતે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી અંતર્ગત સરદાર સ્મૃતિ કેન્દ્ર, વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરી સંલગ્ન બેકરી શાળા દ્વારા બેકરી તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં બેકરી શાળા, જૂનાગઢના પ્રો. ડો.ડી.એસ.ઠાકર, આસિસ્ટન્ટ પ્રોફેસર ડો.કે.પી.વધાસિયા તથા કુ.એસ. ડી.ચાવડાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. નિષ્ણાતોએ વિદ્યાર્થીઓને કેક, પેસ્ટ્રી, બિસ્કીટ સહિતની વિવિધ બેકરી પ્રોડક્ટ બનાવવાની આધુનિક પદ્ધતિઓ અંગે પ્રત્યક્ષ માર્ગદર્શન અને તાલીમ આપી હતી. તાલીમ દરમિયાન બેકરી પ્રોડક્ટની ગુણવત્તા, સ્વચ્છતા, ઉત્પાદન પ્રક્રિયા તેમજ બેકરી વ્યવસાય અંગે વિદ્યાર્થીઓને ઉપયોગી માહિતી આપવામાં આવી હતી. ન્યુ એરા પ્રોફેસર એકેડેમીના વિદ્યાર્થીઓ એ ઉત્સાહપૂર્વક ભાગ લઈ તાલીમનો લાભ લીધો હતો.આ તાલીમ નો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં કૌશલ્ય વિકાસ, આત્મ વિશ્વાસ અને સ્વનિર્ભરતાની ભાવના વિકસાવવાનો હતો, બેકરી ક્ષેત્રે સ્વરોજગાર ની તકો અંગે પણ વિદ્યાર્થીઓને માર્ગદર્શન મળતાં સમગ્ર કાર્યક્રમ સફળ રહ્યો હતો.

## જાફરાબાદ સરકારી હોસ્પિટલ JOSH ટીમ લોન્ચિંગ કાર્યક્રમ યોજાયો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

આજ રોજ જાફરાબાદ તાલુકા માં JOSH ટીમ લોન્ચિંગ કાર્યક્રમ યોજાયો આ તકે જીલ્લા ક્ષય અધિકારી શ્રી ડો.કુરેશી તાલુકા આરોગ્ય અધિકારી શ્રી ડો.મયુર સાહેબ ની ઉપસ્થિતિ માં ઉત્તમ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું સાથે TB મુક્ત ગ્રામ પંચાયત ના સરપંચ શ્રી ને પ્રમાણપત્ર આપવામાં આવ્યા સાથે જીલ્લા ક્ષય અધિકારી સાહેબ દ્વારા ટીબી મુક્ત ભારત માટે પ્રાસંગિક પ્રવચન આપવામાં આવ્યું.તેમજ મેડિકલ ઓફિસર શ્રી ડો.નકુમ. સિનિયર ટ્રીટમેન્ટ સુપરવાઈઝર સંદિપભાઈ જોષી.આરોગ્ય કર્મચારી. ભાવસીગભાઈ. મનીષભાઈ. અશ્વીનભાઈ. જસુભાઈ.નિધિબેન. આશા વર્કર બહેનો નિજારભાઈ.ડો. પુજાબેન. હાજર રહયા હતા.

# NEP-૨૦૨૦ અન્વયે શિક્ષણ મંત્રી શ્રી પ્રદ્યુમન વાજા દ્વારા 'PARAKH CELL' અને 'DigiLocker' સેવાઓનો શુભારંભ કરાવ્યો

ગાંધીનગર | રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) ૨૦૨૦ના સફળ અમલીકરણના ભાગરૂપે આજે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર ખાતે શિક્ષણ મંત્રી શ્રી પ્રદ્યુમન વાજાના વરદ હસ્તે 'PARAKH CELL' નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ સાથે જ 'ડિજિટલ ઈન્ડિયા' પ્રોગ્રામને વધુ વેગ આપતાં, ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની જાહેર પરીક્ષાઓની માર્કશીટ 'ડીજીલોકર' (DigiLocker) પ્લેટફોર્મ પર ઉપલબ્ધ કરાવવાની મહત્વકાંક્ષી ડિજિટલ સેવાનો પણ શુભારંભ કરવામાં આવ્યો હતો. આ નવીન સુવિધાથી વિદ્યાર્થીઓ માટે માર્કશીટ ડાઉનલોડ કરવી તથા તેની ચકાસણી -વેરિફિકેશન કરાવવાની કામગીરી અત્યંત સરળ અને ઝડપી બનશે.આ પ્રસંગે શિક્ષણ મંત્રી શ્રી પ્રદ્યુમન વાજાએ પોતાનો પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ એ દેશના શિક્ષણ ક્ષેત્રે ક્રાંતિકારી પરિવર્તન લાવનારી નીતિ છે. રાજ્યના વિદ્યાર્થીઓને વૈશ્વિક કક્ષાનું ગુણવત્તાયુક્ત શિક્ષણ અને પારદર્શી મૂલ્યાંકન વ્યવસ્થા મળે તે માટે ગુજરાત સરકાર સતત કટિબદ્ધ છે. PARAKH CELL ના પ્રારંભથી આપણા વિદ્યાર્થીઓ ગોખણપટ્ટીથી મુક્ત થઈ ક્ષમતા-આધારિત શિક્ષણ તરફ આગળ વધશે તેઓ વિશ્વાસ મંત્રી શ્રી વાજાએ વ્યકત કર્યો હતો. વધુમાં મંત્રી શ્રી વાજાએ ઉમેર્યું હતું કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા યોજાતી ધોરણ-૧૦ અને ૧૨ની જાહેર પરીક્ષાઓના પરિણામ જાહેર થયા બાદ તમામ માર્કશીટ હવેથી ડીજીલોકર (DigiLocker) પ્લેટફોર્મ પર ઉપલબ્ધ કરાવવામાં આવશે.

# ADIT ખાતે એન્જિનિયરીંગના વિદ્યાર્થીઓ માટે આપત્તિ વ્યવસ્થાપન તાલીમ યોજાઈ



આણંદ | આણંદ જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન એકમ અને ADIT કોલેજના સંયુક્ત ઉપક્રમે એ.ડી. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (ADIT) ખાતે એન્જિનિયરીંગના વિદ્યાર્થીઓને આપત્તિના સમયે સ્વ-બચાવ અને જન-બચાવની પાયાની કામગીરીથી સજ્જ કરવા માટે આપત્તિ વ્યવસ્થાપન વિષય પર એક વિશેષ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.આ તાલીમ કાર્યક્રમમાં આણંદ જિલ્લા પ્રોજેક્ટ અધિકારી દ્વારા વિદ્યાર્થીઓને આપત્તિ વ્યવસ્થાપન અંગે સર્વગ્રાહી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. તેમણે આપત્તિના વિવિધ પ્રકારો, તેની અસરો અને આપત્તિ સમયે અનુસરવાની થતી કાર્યપદ્ધતિ વિશે ઊંડાણપૂર્વક સમજ આપી હતી. આ ઉપરાંત, સરકાર અને વહીવટી તંત્ર દ્વારા આપત્તિ વ્યવસ્થાપન માટે કયા પ્રકારનું માળખું કાર્યરત છે અને તેમાં ટેકનિકલ વિદ્યાર્થીઓનો ફાળો કઈ રીતે મહત્વનો બની શકે છે, તે અંગે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમના વિશેષ સત્રમાં અગ્નિશમન અને સુરક્ષા અંગે પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવી હતી. આગ લાગે ત્યારે ગભરાયા વગર કઈ રીતે પરિસ્થિતિ પર કાબૂ મેળવવો અને અગ્નિશામક સાધનોનો (Fire Extinguishers) વૈજ્ઞાનિક ઢબે કઈ રીતે ઉપયોગ કરવો, તે અંગેનું જીવંત નિદર્શન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના માધ્યમથી વિદ્યાર્થીઓને સાધનો ચલાવવાની પ્રત્યક્ષ માહિતી આપીને તેમને આપત્તિ સામે લડવા માટે માનસિક રીતે તૈયાર કરવામાં આવ્યા હતા. આ તાલીમ થકી વિદ્યાર્થીઓમાં આપત્તિ વ્યવસ્થાપન પ્રત્યે જાગૃતિ કેળવવાનો અને આકસ્મિક સંજોગોમાં એક જવાબદાર નાગરિક તરીકે ભૂમિકા ભજવવા માટે પ્રેરિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ તાલીમમાં એન્જિનિયરીંગના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને આપત્તિ નિવારણની ટેકનિકો વિશે જાણકારી મેળવી હતી.

# વાળ ધોતી વખતે તમે તો નથી કરતાને આ ભુલ ? આ ભુલોના કારણે શરુ થાય છે ભયંકર હેરફોલ

આજે દરેક વ્યક્તિને મોઢે સાંભળવા મળે કે વાળ ખૂબ જ ખરે છે... વધારે પ્રમાણમાં વાળ ખરતા હોય તો તેની પાછળ વાળ ધોવાની ખોટી રીત પણ જવાબદાર હોય શકે છે. મોટાભાગના લોકો સ્કૈલ્પને બરાબર ક્લીન કરતા નથી જેના કારણે હેર ફોલિકલ્સમાં ગંદગી જામી જાય છે અને નવા વાળ ઊગી શકતા નથી. અને જે વાળ ઊગેલા હોય તે તુટવા લાગે છે. આ સ્થિતિમાં થોડા સમયમાં માથામાં ટાલ દેખાવા લાગે છે.



**જાણીને નવાઈ લાગશે પરંતુ વાળ ધોતી વખતે કરેલી કેટલીક ભુલ હેર ફોલની સમસ્યાને ભયંકર રીતે વધારી શકે છે. ઘણા લોકો એવા હશે જેઓ હેર વૉશ કરે એટલે બાથરુમ વાળથી ભરાઈ જાય. આમ થવાનું કારણ હોય છે ખોટી રીતે વાળ ધોવા.**

### વાળ ધોવાની સાચી રીત

વાળ ધોવાના હોય તેની 30 મિનિટ પહેલા વાળમાં તેલ લગાવો. ત્યારબાદ વાળને શેમ્પૂ કરવા જોઈએ. શેમ્પૂ કરતા પહેલા પણ વાળને સારી રીતે ભીના કરો. ત્યારબાદ વાળને સ્કેલ્પમાં લગાવી સારી રીતે મસાજ કરો. પછી વાળને સારી રીતે સાફ કરો. શેમ્પૂ કર્યા પછી વાળના મૂળમાં ન જાય તે રીતે કંડીશનર લગાવું જોઈએ. કંડીશનર લગાવ્યા પછી 2 મિનિટમાં જ હેર વૉશ કરી લેવા.

### વાળ સુકાવવાની સાચી રીત

વાળ ધોયા પછી તેને કોરા કરવામાં પણ જે ભુલ થતી હોય છે તે વાળ ખરવાનું કારણ બને છે. જેમકે વાળમાં શક્ય હોય ત્યાં સુધી ડ્રાયર ન કરો. તેનાથી વાળ નબળા પડી જાય છે. નિયમિત ડ્રાયરનો ઉપયોગ ન કરો. વાળને કપડાથી ઝાટકીને કોરા ન કરવા જોઈએ. વાળને નેચરલ રીતે જ કોરા થવા દેવા જોઈએ.

### વાળ ધોયા પછી આ ભુલ ન કરો

- વાળ ભીના હોય ત્યારે કાંસકો ન ફેરવો. તેનાથી વાળ ખરી જાય છે.
- અઠવાડીયામાં 2 થી 3 વારથી વધુ વાર વાળ ધોવાથી બચો.
- વાળ ધોયા પછી તુરંત તેલ ન લગાવો.
- વાળને નેચરલ હવાથી સુકાવા દો અને પછી તેમાં કાંસકો ફેરવો.

# આજથી શરૂ કરો Self Care માનસિક સ્વાસ્થ્યથી લઈને પ્રોડક્ટિવિટી થશે વધુ સારી



સેલ્ફ કેર શું છે- તમારી સંભાળ લેવી એ સેલ્ફ કેર છે. આપણે સૌ પ્રથમ આપણી જાતનું ધ્યાન રાખવું જોઈએ અને દરેક પરિસ્થિતિમાં આપણી જાતને પ્રથમ રાખવી જોઈએ. સેલ્ફ કેરમાં, વ્યક્તિએ પોતાના શારીરિક, માનસિક, ભાવનાત્મક અને આધ્યાત્મિક સ્વાસ્થ્યની કાળજી લેવી જોઈએ. આજના સમયમાં ખરાબ ખાનપાન અને ખરાબ જીવનશૈલીના કારણે આપણે ઘણી બીમારીઓનો શિકાર બનીએ છીએ. શારીરિક બીમારીઓ સાથે માનસિક બીમારીઓ પણ આપણને સતાવે છે. તણાવ, ચિંતા, વધુ પડતી વિચારસરણી જેવી સમસ્યાઓ આપણા મિત્રો બની જાય છે. જ્યારે આપણે સેલ્ફ કેર કરીએ છીએ, ત્યારે આપણે આ વસ્તુઓથી પણ દૂર જઈએ છીએ. સેલ્ફ કેર આપણને આપણી જાતનું ધ્યાન રાખવાની સલાહ આપે છે. પોતાની જાતને અને પોતાના સ્વાસ્થ્યનું મૂલ્ય રાખવાની સમજણ આપે છે. જ્યારે આપણે આપણી ખુશીનું ધ્યાન રાખીએ છીએ. તેથી આપણે બીજાઓ પાસેથી અપેક્ષાઓ રાખીશું નહીં, જેનાથી આપણું દુઃખ ઓછું થશે. સેલ્ફ કેર માનસિક સમસ્યાઓમાં પણ રાહત આપે છે. હતાશા અને ચિંતા ઓછી થાય છે. વ્યક્તિ સેલ્ફ કેર દ્વારા પણ વધુ ઉત્પાદક બને છે.

# દાડમના આ ફાયદા જાણીને તમે પણ રોજ દાડમ ખાવાનું શરૂ કરી દેશો

દાડમનો સૌથી મોટો ફાયદો એ છે કે તેની હિમોગ્લોબિનનું સ્તર વધારવાની ક્ષમતા છે. હિમોગ્લોબિન તમારા ફેફસાંમાંથી તમારા બાકીના શરીરમાં ઓક્સિજન વહન કરવા માટે જરૂરી છે. દાડમમાં રહેલું આયર્ન, વિટામિન સી સાથે, હિમોગ્લોબિનનું સ્તર સુધારવામાં મદદ કરી શકે છે. દાડમ પોલીફેનોલ્સથી સમૃદ્ધ છે, જે એન્ટીઑકિસડન્ટો છે જે ઓક્સિડેટીવ તણાવ અને બળતરા ઘટાડીને હૃદયનું રક્ષણ કરે છે. અભ્યાસોએ દર્શાવ્યું છે કે દાડમના રસનો નિયમિત વપરાશ બ્લડ પ્રેશર ઘટાડી શકે છે, કોલેસ્ટ્રોલનું સ્તર ઘટાડી શકે છે અને એલડીએલ કોલેસ્ટ્રોલના ઓક્સિડેશનને અટકાવી શકે છે, જે હૃદય રોગના વિકાસમાં એક મહત્વપૂર્ણ પરિબળ છે.દાડમમાં હાજર ઉચ્ચ ફાઈબર તત્વ પાચન સ્વાસ્થ્ય માટે ઉત્તમ છે. ફાઈબર સ્ટૂલને વધારે છે, કબજિયાત અટકાવે છે અને નિયમિત આંતરડાની ગતિને પ્રોત્સાહન આપે છે. તે તંદુરસ્ત આંતરડાના માઈક્રોબાયોમને પણ સમર્થન આપે છે, જે આરોગ્ય અને રોગપ્રતિકારક શક્તિને સુધારવામાં ભૂમિકા ભજવે છે. દાડમમાં શક્તિશાળી બળતરા વિરોધી ગુણધર્મો છે કારણ કે તે એન્ટીઑકિસડન્ટોથી સમૃદ્ધ છે. હૃદયરોગ, કેન્સર અને ડાયાબિટીસ સહિતની વિવિધ સ્વાસ્થ્ય સમસ્યાઓ સાથે ક્રોનિક સોજા જોડાયેલ છે. તમારા આહારમાં દાડમનો સમાવેશ કરીને, તમે બળતરા ઘટાડવામાં અને તમારા શરીરને આ પરિસ્થિતિઓથી સુરક્ષિત કરવામાં મદદ કરી શકો છો. દાડમમાં કેલરી ઓછી હોય છે અને ફાઈબર વધારે હોય છે, જે વજન ઘટાડવા માંગતા લોકો માટે તે એક ઉત્તમ વિકલ્પ બનાવે છે. ફાઈબરની સામગ્રી તમને લાંબા સમય સુધી ભરપૂર અનુભવે છે, તમારી કેલરીની માત્રા ઘટાડે છે અને દાડમમાં રહેલી કુદરતી શર્કરા સ્વસ્થ રીતે મીઠી તૃષ્ણાઓને સંતોષે છે. દાડમ તમારી ત્વચા માટે પણ ફાયદાકારક છે. દાડમમાં હાજર એન્ટીઑકિસડન્ટો ત્વચાને મુક્ત રેડિકલ નુકસાનથી બચાવવામાં મદદ કરે છે, જે અકાળ વૃદ્ધત્વનું કારણ બની શકે છે. આ સિવાય દાડમમાં હાજર વિટામિન સી કોલેજન ઉત્પાદનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, જે ત્વચાને ચમકદાર અને યુવાન રાખે છે.



# 'ઓવર એક્ટિવ મગજ' બની શકે છે રાત્રે ઊંઘ ન આવવાનું કારણ!

આ નકારાત્મક અને સકારાત્મક બંને હોઈ શકે છે. ઓવરએક્ટિવ મગજમાં નકારાત્મક અને સકારાત્મક બંને વિચારો આવી શકે છે. ઓવરએક્ટિવ મગજ બે પરિસ્થિતિઓમાં થઈ શકે છે. પ્રથમ, આખા દિવસ દરમિયાન તમારી સાથે કંઈક ખૂબ જ ખરાબ થયું છે, જેને તમે ઇચ્છવા છતાં ભૂલી શકતા નથી અને તમારું મન તે વસ્તુ વિશે વિચારી રહ્યું છે. બીજું, આખો દિવસ તમારી સાથે કંઈક સારું થયું હશે, જેની ઉત્તેજના તમારા મનમાં ઘૂમી રહી છે. ઓવરએક્ટિવ મગજની આ સ્થિતિમાં ઊંઘ પર ખરાબ અસર પડે છે. પહેલા તમારી રાતની ઊંઘ ખરાબ છે અને પછી બીજા દિવસે ખરાબ છે. જો તેને સુધારવામાં ન આવે, તો તે તમારું નિત્યક્રમ બની જાય છે. થોડા સમય પછી તેમાં સુધારો કરવો મુશ્કેલ બની જાય છે. મસલ રિલેક્સ- તણાવથી દૂર રહેવાનો પ્રયાસ કરો. તમારા શરીરને ઢીલું મૂકીને સપાટ જગ્યાએ સૂઈ જાઓ. ઊંડા શ્વાસ લો અને તમારા મનને શાંત કરો. આમ કરવાથી ઊંઘ આવશે. દિનચર્યા- સૂવાની દિનચર્યા બનાવો. સૂવાનો અને જાગવાનો ચોક્કસ સમય નક્કી કરો. તે સમયે જ સૂવાની અને જાગવાની ટેવ પાડો. લખો- જો તમારા મગજમાં ઘણી બધી વાતો ચાલી રહી છે અને તમે ઊંઘી શકતા નથી, તો તમારા વિચારો લખવાનું શરૂ કરો. લખવાથી મનને શાંતિ મળે છે અને ઝડપથી ઊંઘ આવવામાં મદદ મળે છે. સ્ક્રીન ટાઇમ- સૂતા પહેલા તમારા ફોનને સંપૂર્ણપણે છોડી દો. સૂતા પહેલા સ્ક્રીન જોવાથી ઊંઘ ગાયબ થઈ જાય છે.



# પંચાત રસ



- રુપાલી દવે



નારાયણ...નારાયણ.. નારાયણ.. કેટલાય દિવસો થી ફ્લેટ ની બાલ્કની માં ધરતી પુત્રી ના દર્શન ન થતા નારદજી ઉદાસ હતા,આખરે ગઈ તો ક્યાં ગઈ?આકાશ પાતળ અને અન્ય લોકમાં તપાસ કરવા છતાંય નારદજી ને ધરતી પુત્રી ના દર્શન ન થયા તો ન જ થયા.સ્વર્ગ લોક માં અપ્સરાઓ એ નારદજી ના ચહેરા પર નું સ્મિત ગાયબ જોતા પૂછ્યું કે ક્યાં હાલ હૈ જનાબ કા?...નારદજી એ અપ્સરાઓ ને કહ્યું કે આજકાલ જીવન ના દિવસો સારા જતા નથી ધરતી માંથી આનંદ ગાયબ છે પરાજીત પક્ષો એ વજનદાર સંવિધાન ની બુક નું ટૂંકું વર્ઝન એટલી હદે કરી નાખ્યું છે ને કે ઉંદર ના પીઠ પર મૂકો તો એને પણ વજન ન લાગે.સંવિધાન બનાવનાર ને આટલી મોટી આબાદી વાળા દેશ માટે કાયદા કાનુન બનાવતા બનાવતા ફીણ આવી ગયા હતા.પરાજિત પક્ષો સંવિધાનને બદલવા યુદ્ધે ચડ્યા છે,મને તો એ જ સમજાતું નથી કે સંવિધાન બનાવ્યું હતું તો કોઈકે તો લડાઈ અન્ય સાથે કેમ? બાપરે!!આ લડાઈ માં પહેરવેશ સાડી ના તો એવા હાલ કર્યા છે ને કે વાત ન પૂછો.

અપ્સરા ઓ ખુબ ચાલક એટલે સ્મિત કરતા પૂછ્યું કે નારદજી,તમારા મુખ પર અમને દર્દ ના નિશાન ના કારણો બીજા દેખાય છે.શરમાયા વગર વ્યક્ત કરો અમારા પાસે દરેક દર્દ ની દવાઓ છે..નારદજી એ અપ્સરાઓ ના કાન માં ગુમસુધા ધરતી પુત્રી વાળી વાત કરી.વાત સાંભળતા જ ખડખડાટ હસતા હસતા અપ્સરા બોલી કે અરે!! રે,બસ આટલી જ વાત છે તો ફોન કરો ધન ધના ધન..

આકાશ માં ચંદ્રમાં ની નજીક નારદજી ને મહિના બાદ વિહાર કરતા જોતા જ આનંદ માં આવી ને ચીલા ચાલુ ગૃહિણી બની ને પૂછ્યું કે મારા પ્રભુ,ઘણા વખતે તમારા દર્શન થયા આજુ બાજુ મકાન એટલા બધા છે ને કે આકાશ ના ટાવર પકડાતા જ નથી. બાલ્કની માંથી દૂર દૂર નજર કરું બિલ્ડીંગ.. બિલ્ડિંગ દેખાય છે ધન્ય ભાગ ધન્ય ઘડી કે તમે થોડું નીચેની તરફ લેન્ડિંગ કર્યું.નારદજી એ કહ્યું કે અરે!!આ સ્વર્ગ જેવી જગ્યા પણ ધરતી નો ભાગ છે એતો મને ખબર જ નહતી.ખૂબ સુંદર..ખુબ સુંદર પણ આટલી બધી ઊંચી બિલ્ડિંગો નું નિર્માણ કેમ કર્યું છે? કીધું કે વિકાસ ગાંડો ઘેલો થઈ ગયો એમાં હરખ ના માર્યા નેતાઓ એ પચાસ થી વધારે માળ ની બિલ્ડિંગો બનાવવા ની પરવાનગી આપી દીધી છે. કમાણી ની કમાણી ને વિકાસ નો વિકાસ સમજો. મેઘદૂત ના દર્શન થતા જ ભૂલી ગયા કે ઈન્ટરનેશનલ મોબાઈલ ટાવર સમાન નારદજી સાથે વાર્તાલાપ કરી રહી છું.સાચું કહું મારા જેવી ટિપિકલ ગુજરાતી ગૃહિણીઓ નું કેવું હોય કે ભલે પતિદેવની પર્સનાલિટી ટ્રેક્ટર માફક ની હોય પણ એને એના પતિઓમાં મોંઘીદાટ ચમચમતી કાર ના દર્શન થતા હોય છે,કેમ કાર? હીરો કેમ નહીં? અરે!! ભઈલા, ગૂજરાત ના હવા પાણીમાં વેપાર એટલે તો દિલ્હી ગયા બાદ પણ અમારા મોદીજી ના દિલોદિમાગ માં "વેપાર" ધબકે છે.ખબર છ કોંગ્રેસ પાર્ટી એ સંવિધાન રેલી કાઢી એમાંથી પણ મોદીજી એ ફાયદો શોધ્યો. અરે!!પ્રિયંકાજી એ સાડી પહેરી ને વિવિધ પોઝ સૂવાના,બેસવા ના,પિન અપ કરવાના આપ્યા ને એમાં એણે એ સાડી ની બ્રાન્ડ નો વેપલો કરી નાખ્યો. નારદજી મારા મનની અંદર ચાલી મથામણ સમજી જતા એ ધીમું સુંદર હાસ્ય રેલાવી ને બોલ્યા કે દેવી,ચિંતા ન કરો ઘરે બધું સહી સલામત છે ને તમારી રોલ્સ રોય કાર સોસાયટી ના નવરાત્રિ કાર્યક્રમની તૈયારીઓમાં અતિ વ્યસ્ત છે બોલી ને એ ગંતવ્ય તરફ જવા નીકળી ગયા.

જય મંગલ સોસાયટી માં નવરાત્રી ની ધમાલ આખા એરિયા ની રોનક એટલે દર વર્ષે નવરાત્રી ની તડામાર તૈયારીઓ થાય છે.A થી લઈને E બ્લોક સુધી ના અમુક પરિવાર તો ભારત ના વિવિધ રાજ્યો માંથી આવી ને જય મંગલ સોસાયટી માં વરસો થી વસ્યા બાદ પૂરેપૂરા ગુજરાતી બની ગયા છે. b blok ના સરદારજી નો પડોશી સિંધી પરિવાર પંકજ અડવાણી ની સાથે સારો સબંધ.સરદારજી ની પત્ની મહેર અને પૂજા અડવાણી બન્ને બેસ્ટ ફ્રેન્ડ શોપિંગ થી લઈને આઉટિંગ કરવા પણ સાથે જ જતી. બન્ને દેખાવે રૂપાળી ખરી પણ નમણાશ બિલકુલ જોવા ના મળે. પૂજા અડવાણી નો ચહેરો એકદમ ચોરસ ને દાઢીનો ભાગ પાતળો એની આંખ બ્લુ એટલે એને ફિલ્મ અભિનેત્રી સારિકા નો વહેમ હતો. એની 18વર્ષની દીકરી પ્રિયા તો એની મમ્મી ને મિસ ઈન્ડિયા માનતી હતી. હાલાકી પ્રિયા નો ચહેરો મહોરો પંકજ ભાઈ જેવો એટલે કે ઠીકઠાક નમણાશ વાળો. જય મંગલ સોસાયટી ની સૌથી હિરોઈન પૂજા અડવાણી એટલે એનો રોફ ભારે હતો.

સરદારજી ની પત્ની મહેર ની લંબાઈ ૫ફૂટ ૯ ઈચ અને સરદારજી ની ઊંચાઈ માત્ર ૫ફૂટ ૪ઈચ એટલે સોસાયટી ના ભાઈબંધો એની મજાક ઉડાવતા હતા.પત્ની મહેર ની સુંદર લગ્ગા જેવી મોટી કાળી આખો સરદારજી ની તરફ પડતા જ એ નજર જુકાવી દેતા હતા. કમળા બેન અને પટેલ ભાઈની જેવી જ જોડી મહેર અને સરદારજી ની એટલે જય મંગલ સોસાયટી માં પંચાત રસ ના કેન્દ્ર સ્થાને કાયમ રહેતી હતી.મજાક મસ્તી માં લોકો હસ્તા છતાંય આ બન્ને જોડી ને ક્યારેય ખોટું લાગતું નહતું ઊલટાનું સરદારજી તો હસ્તા ને કહેતા કે કોઈ ગલ નહિ ભાઈઓ કે બીચ મજાક મસ્તી ચલતી હે. યે સોસાયટી તો મેરી માં હે ઓર યહિ કે સબ મતલબ મહેર કો છોડ સબ મેરે ભાઈ બહેન્ હ

સરદારજી હોવા છતાંય ઠંડા મગજ ના એને ગુસ્સે થતા ક્યારેય આવતો જ નહતો.હદથી વધારે મોટા ગાલ ની અંદર નાનકડા પાતળા હોઠ પરની ઝીણી મૂછ અને વિના કારણ દાઢીમાં હસ્યા કરે. પત્ની મહેર થી ખૂબ પ્રભાવિત એટલે એનો પડ્યો બોલ ઝીલે

આજ સોસાયટી માં ફેન્સી ડ્રેસ સ્પર્ધા હતી એમાં સરદારજીની દીકરી ભોલી પરી બની હતી.સરદારજી એ એની લાઈફ માં ક્યારેય પણ ન કર્યું હોય એવું કામ દીકરી ભોલી નુ સફેદ ગાવુંનનો લાંબો દુપટ્ટો મેલો ન થાય એટલે પાછળ થી ઊંચકવાનો હતો.ઊંડા વિચારો માં ખોવાયેલા સરદાર જી ના હાથ માંથી અચાનક દુપટ્ટા નો છેડો સરકી ને સોસાયટી ની જમીન પર પડ્યો. અણધારી આફત થી અપરિચિત સરદારજી તો એની દિકરી પાછળ ચાલતા હતા. અચાનક ઓળખીતો અવાજ સાથે ચીસ એના કાને અથડાતા એણે ઘરની બાલ્કની તરફ નજર કરી તો મરણ તોલ ચીસ સાથે ઘોઘરા અવાજ માં એની પત્ની મહેર તાડુકી કે ઓય!!સરદારજી..લો આપ તો ખોયે પડે હો, ગાવુંન કે દુપટ્ટે કા પૂરા સત્યાનાશ કર દિયા એક કામ આપશે ઠીક નહી હોતા હૈ..હાય!; રબ્બા મેં આપ કા ક્યાં કરું? જય મંગલ સોસાયટી માં પંચાત રસ ની તાજી હવા ફરકે એ ભેગા આખી સોસાયટી પોતપોતાની બાલ્કની માં એકઠી થઈ જાય છે.આજે સરદારજી ની મજાક એવી ઉડી ને કે હવા માં શિકાર શોધતા મચ્છર ને પણ એકીસાથે A blok થી E બ્લોક ના ફ્લેટ્સ માં પ્રવેશવા ની ફ્રી માં એન્ટ્રી મળી ગઈ.

સાલા એક મચ્છર આદમી કો હીજડા બના દેતા હૈ.. એકદમ સાચી વાત છે આ ડાયલોગ બોલિવૂડ ના ઉત્કૃષ્ટ અભિનેતા નાના પાટેકર બોલ્યા હતા ત્યારે એ સુપર હિટ ડાયલોગ બની ગયો હતો.નાના પાટેકર ની અદાકારી અને અવાજ માં એવી તાકાત હતી કે એની મોટાભાગ ના ફિલ્મો દર્શકો ને ખુબ જ પસંદ પડી છે.આજે એના અચાનક મૃત્યુ ના સમાચાર સાંભળતા દર્શકો ને ઉમદા કલાકાર ગુમાવ્યા ની લાગણી અનુભવાય છે.

### પીએમ મોદીની નાના પાટેકરને શ્રદ્ધાંજલિ : 6 ફિલ્મો- 'તિરંગા', 'પરિંદા', 'પ્રહાર', ક્રાંતિવીર', 'ખામોશી', 'અંકુશ'નો ઉલ્લેખ; બોલિવૂડ સેલેબ્સ પણ ભાવુક થયા...

# નાના પાટેકરનું 75 વર્ષની ઉંમરે નિધન

(એજન્સી) મુંબઈ | તા.08 નાના પાટેકરનું આજે 75 વર્ષની ઉંમરે નિધન થયું. ગોવામાં કાર્ડિયાક અરેસ્ટ બાદ તેમને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા, પરંતુ ડૉક્ટરો તેમને બચાવી શક્યા નહીં. તેમના નિધન પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિત અનેક લોકોએ નાના પાટેકરને શ્રદ્ધાંજલિ આપી. ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસના બીજા દિવસે પીએમ મોદીએ કહ્યું કે, 'નાના અસાધારણ કલાકાર હતા, જેમણે અલગ-અલગ પાત્રો દ્વારા દર્શકોના દિલમાં સ્થાન બનાવ્યું.'
પીએમ મોદીએ કહ્યું કે, 'નાના પાટેકરજીનું જીવન તિરંગાની આન, બાન અને શાન માટે સમર્પિત રહ્યું. તેઓ બંધનોમાં રહ્યા નહીં, પરંતુ પક્ષીની જેમ ફિલ્મોના આકાશમાં ઉડ્યા. તેમણે સમાજમાં વ્યાપેલી વ્યવસ્થા પર પોતાની ફિલ્મો દ્વારા આકરો પ્રહાર કર્યો.' તેમણે આગળ કહ્યું કે, 'તેઓ એવા ક્રાંતિવીર હતા, જેમણે બુરાઈઓ વિરુદ્ધ કામ કર્યું. તેમની વાણી જેટલી તેજ હતી, તેમનું મૌન પણ એટલું જ અસરકારક હતું. તેઓ દેશવિરોધી તત્ત્વો પર સતત અંકુશના સમર્થક હતા. હું નાના પાટેકરજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું અને તેમના પરિવારજનો તથા પ્રશંસકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરું છું.'

**• રાહુલ ગાંધીએ કહ્યું- દર્શકોના દિલોમાં અમીટ છાપ છોડી**

વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ પણ નાના પાટેકરને શ્રદ્ધાંજલિ આપી. તેમણે લખ્યું, "પ્રસિદ્ધ અભિનેતા નાના પાટેકરજીના નિધનના સમાચાર અત્યંત દુઃખદ છે. પોતાના અભિનય અને પાત્રો દ્વારા તેમણે ભારતીય સિનેમા પર અને દર્શકોના દિલોમાં અમીટ છાપ છોડી છે. આ દુઃખની ઘડીમાં મારી ઊંડી સંવેદનાઓ તેમના શોકગ્રસ્ત પરિવારજનો, મિત્રો અને સમર્થકો સાથે છે."

અક્ષય કુમારે કહ્યું, 'નાનાજીના નિધનના સમાચારથી ખૂબ દુઃખી છું. તેઓ એવા પસંદગીના કલાકારોમાંના એક હતા, જેમને રોકાઈને જોવા માટે તમારે ઘણું કરવાની જરૂર પડતી નહોતી. હું પોતાને નસીબદાર માનું છું કે મને તેમની સાથે (વેલકમ) અને તાજેતરમાં (હાઉસફુલ 5)માં કામ કરવાની તક મળી. આ બંને ફિલ્મોના સેટની ઘણી બધી યાદો છે, જેને હું હંમેશા મારા દિલની નજીક રાખીશ.'

**• રિતેશ દેશમુખ બોલ્યા- એક યુગનો અંત**

મારી પાસે શબ્દો નથી. નાના પાટેકરજીના નિધનના સમાચારથી એવું લાગી રહ્યું છે, જાણે મારા પરથી કોઈ ટ્રક પસાર થઈ ગયો હોય. હું ખૂબ જ દુઃખી છું. તેઓ એક અદભુત અભિનેતા હતા અને તેમનો કોઈ મુકાબલો નહોતો. તેઓ પડદાની બહાર પણ હીરો હતા. લોકોની ભલાઈ માટે તેમણે પોતાની ચેરિટી દ્વારા સતત કામ કર્યું.

ડિરેક્ટર મેહુલ કુમારે નાના પાટેકરને યાદ કરતાં કહ્યું કે, 'તેમની સાથે 'તિરંગા', 'ક્રાંતિવીર' અને 'કોહરામ' જેવી ત્રણ યાદગાર ફિલ્મો કરી હતી.' તેમણે કહ્યું કે, 'નાના ખૂબ જ જમીન સાથે જોડાયેલા અને સચ્ચાઈના માર્ગે ચાલનારા વ્યક્તિ હતા. ફિલ્મોની સફળતા અને અનેક પુરસ્કારો મળ્યા પછી પણ તેમનું વર્તન ક્યારેય બદલાયું નહોતું.' મેહુલ કુમારે કહ્યું કે, 'નાનાએ અન્ય કોઈ ડિરેક્ટર સાથે ત્રણ ફિલ્મો કરી નહોતી. ક્રાંતિવીરને લઈને દિલીપ કુમારે પણ કહ્યું હતું કે, લોકો નાનાને હંમેશાં આ પાત્રના નામથી યાદ રાખશે.'

તેમણે કહ્યું કે, ''કોહરામ' દરમિયાન શરૂઆતમાં અમિતાભ બચ્ચનને નાના સાથે કામ કરવામાં થોડો સંકોચ હતો, પરંતુ બાદમાં નાના અને અમિતાભ વચ્ચે સારી મિત્રતા થઈ ગઈ. બીજી તરફ, 'તિરંગા'ના સેટ પર નાના અને રાજ કુમાર વચ્ચે પણ સારી બોન્ડિંગ બની ગઈ હતી.' મેહુલ કુમારે કહ્યું કે, 'નાના માત્ર એક સ્ટાર નહોતા, પરંતુ સારા માણસ પણ હતા. તેમણે ગરીબો અને ખેડૂતોની ઘણી મદદ કરી હતી. તેમનું નામ હંમેશાં યાદ રાખવામાં આવશે.'

**• ઉદિત નારાયણ બોલ્યા- 'નાનાના નિધનના સમાચાર સાંભળીને હું હચમચી ગયો છું'**

સિંગર ઉદિત નારાયણે નાના પાટેકરના નિધન પર દુઃખ વ્યક્ત કરતાં કહ્યું કે, 'સવાર-સવારમાં આ સમાચાર સાંભળીને મને વિશ્વાસ જ નહોતો થયો.' તેમણે આગળ કહ્યું કે, '75 વર્ષની ઉંમરે નાનાનું અવસાન ફિલ્મ ઈન્ડસ્ટ્રી અને દેશ માટે ખૂબ મોટી ખોટ છે. અભિનેતા તરીકે તેમનો કોઈ જવાબ નહોતો અને વ્યક્તિ તરીકે પણ તેમનું વ્યક્તિત્વ અદભુત હતું. ઉદિતે જણાવ્યું કે તેમને નાના સાથે કામ કરવાની તક મળી હતી. એક ફિલ્મના રેકોર્ડિંગ દરમિયાન નાનાએ પોતે માઈક પર ગાઈને જણાવ્યું હતું કે તેઓ ગીતને કેવી રીતે ઈચ્છે છે. ઉદિતે તેમના માટે એક જ ટેકમાં ગીત ગાયું, ત્યારબાદ નાનાએ તેમની પ્રશંસા કરી હતી. તેમણે 'તિરંગા'માં પણ નાના સાથે કામ કરવાની યાદો શેર કરી.

**• જુનિયર NTR બોલ્યા- 'દરેક પાત્રમાં ઈમાનદારી દેખાતી હતી'**

સાઉથ સ્ટાર જુનિયર NTRએ નાનાને ભારતીય સિનેમાના શ્રેષ્ઠ કલાકારોમાંના એક ગણાવ્યા. તેણે કહ્યું કે, 'નાનાના દરેક પાત્રમાં એક ખાસ ઈમાનદારી અને ઈન્ટેન્સિટી જોવા મળતી હતી. તેમનું પર્ફોર્મન્સ અભિનય જેવું નહીં, પરંતુ પડદા પર જીવન સાકાર થતું હોય એવું લાગતું હતું.' NTRએ કહ્યું કે, 'ભારતીય સિનેમામાં નાનાનું યોગદાન પેઢીઓ સુધી યાદ કરવામાં આવશે.'

પ્રકાશ રાજ બોલ્યા- 'વાતચીત અને ચર્ચાઓ હંમેશાં યાદ રહેશે'

એક્ટર પ્રકાશ રાજે નાનાને યાદ કરતાં કહ્યું કે, 'હું તેમની સાથે વિતાવેલી ક્ષણો, વાતચીત, ચર્ચાઓ અને નાનાના હાથનું બનાવેલું ભોજન હંમેશાં યાદ રાખીશ.' તેમણે નાના પાસેથી મળેલા બોધને પણ યાદ કર્યો અને કહ્યું કે, 'મારા જીવનમાં આવવા બદલ હું હંમેશાં આભારી રહીશ.'

**• નિતિન ગડકરીએ મિત્રતાને યાદ કરી**

કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહ્યું કે, તેમના અને નાના પાટેકર વચ્ચે અત્યંત નજીકના અને મિત્રતાભર્યા સંબંધો હતા. તેમણે નાનાની પાંચ દાયકાથી વધુ લાંબી કારકિર્દી અને તેમની આગવી સંવાદ રજૂઆતને યાદ કરી. ગડકરીએ (નામ ફાઉન્ડેશન) દ્વારા ખેડૂતો અને ગ્રામીણ પરિવારો માટે નાનાએ કરેલા કાર્યને પણ શ્રદ્ધાંજલિ રૂપે યાદ કર્યું.

**• સુવેન્દુ અધિકારી બોલ્યા- 'ભારતીય સિનેમાએ એક આગવો અવાજ ગુમાવ્યો'**

પશ્ચિમ બંગાળના નેતા સુવેન્દુ અધિકારીએ નાનાને ભારતીય સિનેમાનો નિર્ભીક અને આગવો અવાજ ગણાવ્યો. તેમણે 'પરિંદા', 'ક્રાંતિવીર', 'પ્રહાર' અને 'અબ તક છપ્પન'માં તેમના અભિનયને યાદ કર્યો. તેમણે નાનાના સામાજિક કાર્ય અને ગ્રામીણ સમુદાયો માટે કરાયેલા પ્રયાસોનો પણ ઉલ્લેખ કર્યો.

**• નાનાની લગભગ પાંચ દાયકાની કારકિર્દી**

નાના પાટેકરે 1978માં 'ગમન'થી ફિલ્મી કારકિર્દીની શરૂઆત કરી હતી. તેમણે હિન્દી અને મરાઠી સિનેમાની સાથે થિયેટરમાં પણ કામ કર્યું. 'પરિંદા', 'ક્રાંતિવીર', 'પ્રહાર', 'અબ તક છપ્પન', 'નટસમ્રાટ', 'વેલકમ' અને 'હાઉસફુલ 5' જેવી ફિલ્મોમાં તેમના પાત્રો યાદગાર રહ્યા. તેમને ત્રણ નેશનલ ફિલ્મ અવોર્ડ મળ્યા હતા.

# નાના પાટેકરે 'અંકુશ' માટે ઘર ગીરવે રાખ્યું હતું...

### પ્રોડ્યુસર પાસે વાસણ ધોવડાવ્યા, 'પરિંદા'ના ક્લાઈમેક્સમાં આગથી દાઝ્યા; દિગ્ગજ એક્ટરના વણકહ્યા કિસ્સા

નાના પાટેકરનું આજે, ગુરુવારે 75 વર્ષની વયે નિધન થયું. ગોવાના ડોના પાઉલા સ્થિત તેમના ઘરે તેમને હૃદયરોગનો હુમલો આવ્યો હતો. ત્યારબાદ તેમને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા, જ્યાં લગભગ 45 મિનિટ સુધી સીપીઆર આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો, પરંતુ તેમને બચાવી શકાયા નહીં.
નાના પાટેકરની ફિલ્મી કારકિર્દી લગભગ પાંચ દાયકા લાંબી રહી. તેમણે થિયેટરથી શરૂઆત કરી અને બાદમાં ફિલ્મો તરફ વળ્યા. 'ગમન', 'અંકુશ', 'પરિંદા', 'ક્રાંતિવીર', 'તિરંગા', 'અબ તક છપ્પન', 'અપહરણ' અને 'વેલકમ' જેવી ફિલ્મોમાં તેમણે યાદગાર ભૂમિકાઓ ભજવી હતી.
1 જાન્યુઆરી, 1951ના રોજ મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લાના મુરુડ-જંજીરા ગામમાં જન્મેલા વિશ્વનાથ ગજાનન પાટેકરને દુનિયા નાના પાટેકર તરીકે ઓળખે છે.
નાના બાળપણથી જ અન્ય બાળકો કરતાં અલગ રહ્યા. તેમના સ્વભાવમાં બળવાખોર વલણ હતું. તેઓ સમાજની કુરિવાજોને કળાના માધ્યમથી રજૂ કરવા માંગતા હતા. તેથી પહેલાં તેઓ થિયેટરમાં આવ્યા અને ત્યારબાદ ફિલ્મો તરફ વળ્યા.




નાના પોતાના ગુસ્સાવાળા સ્વભાવ માટે પણ ચર્ચામાં રહેતા હતા. જ્યારે રવિ ચોપડાએ તેમને દુષ્કર્મીની ભૂમિકા ઓફર કરી, ત્યારે તેમણે અપશબ્દ કહી દીધો હતો. ફિલ્મ 'પરિંદા'ના શૂટિંગ દરમિયાન નાના અને ફિલ્મના ડિરેક્ટર વિધુ વિનોદ ચોપડા વચ્ચે ઝઘડો થઈ ગયો હતો. 13 વર્ષની ઉંમરે દિવસે 16 કિમી પગપાળા ચાલતા હતા નાના પાટેકરના પિતા ટેક્સટાઈલ પેઈન્ટિંગનો નાનો વ્યવસાય ચલાવતા હતા. નાના જ્યારે 13 વર્ષના હતા, ત્યારે કોઈએ તેમના પિતા સાથે છેતરપિંડી કરી. રાતોરાત તેમનો વ્યવસાય બરબાદ થઈ ગયો.
બધી મિલકત વેચાઈ ગઈ. પૈસા કમાવવા માટે નાનાજીને પણ રસ્તા પર આવવું પડ્યું. તેઓ સવારે શાળાએ જતા અને સાંજે ફિલ્મોના પોસ્ટરો રંગતા હતા. જ્યાં પોસ્ટરો રંગતા હતા, ત્યાંથી ઘરનું અંતર 8 કિલોમીટર હતું.



# સલમાન ખાનને મળવા પાકિસ્તાની ચાહકોની ભીડ

### દુબઈમાં પરફ્યુમ બ્રાન્ડના લોન્ચમાં સામેલ થયો; નક્કી સમયથી 2 કલાક મોડો પહોંચ્યો...

(એજન્સી) મુંબઈ | તા.08

બોલિવૂડ એક્ટર સલમાન ખાન દુબઈમાં આયોજિત 'બ્યુટીવર્લ્ડ મિડલ ઈસ્ટ' ઈવેન્ટમાં સામેલ થયો. અહીં તેણે રસાસી પરફ્યુમ્સની નવી બ્રાન્ડનું અનાવરણ કર્યું.
આ દરમિયાન તેને મળવા માટે ઘણા પાકિસ્તાની ચાહકો પણ પહોંચ્યા હતા. ઈવેન્ટના અહેવાલો અનુસાર, સલમાન ખાન નિર્ધારિત સમય કરતાં બે કલાક મોડો પહોંચ્યો અને બ્રાન્ડનું અનાવરણ કર્યા બાદ તરત જ કોઈ ભાષણ આપ્યા વિના ત્યાંથી નીકળી ગયો. તેણે એકત્રિત થયેલી ભીડને સંબોધિત કરી નહોતી, જેના કારણે કલાકો સુધી રાહ જોઈ રહેલા ઘણા ચાહકોને તેની એક ઝલક જોયા વિના જ પરત ફરવું પડ્યું. બાદમાં તે કેઝ્યુઅલ ટી-શર્ટમાં પોતાની ટીમ સાથે એક મૉલમાં ફરતો નજરે પડ્યો.
ઈવેન્ટમાં પહોંચેલી પાકિસ્તાનની મહા નૂરે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું કે, તે સલમાન ખાનની ખૂબ મોટી પ્રશંસક છે. મહા નૂરે કહ્યું કે, 'એક્ટર મોડા આવવાને કારણે હું તેમની એક ઝલક જોવાથી ચૂકી ગઈ. આ છતાં સલમાન પ્રત્યે મારો લગાવ ઓછો થયો નથી.' તેણે જણાવ્યું કે, 'હું બાળપણથી જ સલમાનની ફેન રહી છું. સલમાન ખૂબ હેન્ડસમ, રમૂજી અને કરિશ્માઈ વ્યક્તિત્વ ધરાવતા વ્યક્તિ છે. તે અમારા ભાઈ છે અને લોકો તેમને ખૂબ પસંદ કરે છે.'
દુબઈ વર્લ્ડ ટ્રેડ સેન્ટર ખાતે આયોજિત 'બ્યુટીવર્લ્ડ મિડલ ઈસ્ટ' પ્રદર્શનની 30મી આવૃત્તિમાં સલમાન ખાન મુખ્ય અતિથિ તરીકે સામેલ થયો હતો. રસાસી પરફ્યુમ્સના નવા બ્રાન્ડ 'કેન્ઝ ડી રસાસી'ના લોન્ચિંગ ઈવેન્ટમાં તેને બપોરે 2:00 વાગ્યે પહોંચવાનું હતું. જોકે, સલમાન લગભગ 4:00 વાગ્યે જાબીલ હોલ 6માં પહોંચ્યો. તે બ્લેક સૂટમાં પોતાની સુરક્ષા ટીમ અને બોડીગાર્ડ્સ સાથે આવ્યો હતો.

# ઝીનત અમાને જયપુરમાંથી ચાંદીના દાગીના અને સાડી ખરીદ્યાં

### 'ધ રોયલ્સ'ની શૂટિંગ વચ્ચે શહેરમાં ફર્યાં; રામબાગમાં જ્યોતિષીને હાથ બતાવ્યો



(એજન્સી) મુંબઈ | તા.08

રાજસ્થાનના જયપુરમાં વેબ સિરીઝ 'ધ રોયલ્સ'નું શૂટિંગ ચાલી રહ્યું છે. વેબ સિરીઝના પ્રથમ તબક્કામાં શૂટિંગ માટે આવેલા પીઢ એક્ટ્રેસ ઝીનત અમાને શહેરમાં વિતાવેલા એક દિવસની અલગ-અલગ તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી. તેમણે પરકોટા વિસ્તારની ગલીઓમાં ફરવાથી લઈને જોહરી બજારમાં ચાંદીના આભૂષણો સહિત સાડીઓની ખરીદી કરી અને રામબાગ પેલેસમાં હાઈ ટીનો આનંદ માણ્યો.
ઝીનત અમાને ઈન્સ્ટાગ્રામ પરની પોતાની પોસ્ટમાં લખ્યું- 'રજાનો દિવસ મળ્યો તો મેં એ જ કર્યું, જેના માટે જયપુર ખાસ રીતે જાણીતું છે. મેં જૂના શહેરની અત્યંત વ્યસ્ત ગલીઓમાં ચાંદીના આભૂષણો અને સાડીઓની ખરીદી કરી.' તેમણે લખ્યું કે જયપુરે મારા આ રજાના દિવસને યાદગાર બનાવી દીધો.
આ દરમિયાન ઝીનત અમાને રામબાગ પેલેસમાં હસ્તરેખા નિષ્ણાતને પોતાના હાથની રેખાઓ બતાવી. ઝીનત અમાને જોહરી બજારને પોતાના પ્રકારનો એક અલગ અનુભવ ગણાવતા લખ્યું- અહીંની ગલીઓ સાંકડી અને ભીડભાડવાળી છે. દુકાનોની બહાર સજાવેલો સામાન, અલગ-અલગ પ્રકારની સુગંધ, રંગબેરંગી વસ્તુઓ અને દુકાનદારોની અવરજવર બજારને જીવંત બનાવી રાખે છે. ઝીનતે જણાવ્યું- બજારમાં દુકાનદારો એક પછી એક વસ્તુઓ બતાવતા રહે છે અને ગ્રાહક માટે યોગ્ય વસ્તુ શોધવાનો સિલસિલો ચાલુ રહે છે.
જૂના શહેરમાં શોપિંગ કર્યા બાદ ઝીનત અમાન રામબાગ પેલેસ પહોંચ્યાં. તેમણે જોહરી બજારની ભીડ અને રામબાગ પેલેસની શાહી શાંતિ વચ્ચેનો તફાવત અનુભવ્યો. ઝીનતે રામબાગ પેલેસના વાતાવરણનો ઉલ્લેખ કરતાં ત્યાંની સ્થાપત્યકળા, ફુવારા, બગીચા અને મોરનું વર્ણન કર્યું. અહીં તેમણે હાઈ ટીનો આનંદ માણ્યો. આ દરમિયાન તેમણે એક હસ્તરેખા નિષ્ણાત (જ્યોતિષી)ને હાથ બતાવ્યો. ઝીનતે રમૂજી અંદાજમાં લખ્યું કે 'હસ્તરેખા નિષ્ણાતે મારા જીવનની પરિસ્થિતિઓ વિશે પોતાની વાતોથી મને ખુશ કરી દીધી.'

# જાહ્નવી કપૂરે જીભને 360 ડિગ્રી વાળવાને ટેલેન્ટ ગણાવ્યું...



(એજન્સી) મુંબઈ | તા.08

બોલિવૂડ એક્ટ્રેસ જાહ્નવી કપૂર આ દિવસોમાં પેરિસ ફેશન વીક 2026માં ભાગ લેવા માટે ફ્રાન્સમાં છે. આ દરમિયાન એક ઈન્ટરવ્યૂમાં તેણે પોતાની એક વિચિત્ર આવડતનો ખુલાસો કર્યો. જાહ્નવીએ જણાવ્યું કે, તે પોતાની જીભને લગભગ 360 ડિગ્રી સુધી વાળી શકે છે. જોકે, તેણે પોતે આ કામને મૂર્ખતાભર્યું અને બિનજરૂરી ગણાવ્યું.
તેમ છતાં સોશિયલ મીડિયા પર યુઝર્સે તેની મજાક ઉડાવવાનું શરૂ કરી દીધું છે અને ઘણા લોકોએ તેને ટ્રોલ કરી છે. ઈન્ટરનેશનલ મીડિયા પ્લેટફોર્મ 'ધ કટ' સાથેની વાતચીત દરમિયાન જાહ્નવી કપૂરને તેની કોઈ છુપાયેલી કુશળતા (હિડન ટેલેન્ટ) વિશે પૂછવામાં આવ્યું હતું. તેના જવાબમાં જાહ્નવીએ હસતાં-હસતાં પોતાની આ વિચિત્ર આદત વિશે જણાવ્યું. તેણે કહ્યું કે તે પોતાની જીભને 360 ડિગ્રી સુધી ફેરવી શકે છે. જાહ્નવીએ એ પણ સ્પષ્ટ કર્યું કે, આ કોઈ મોટી કાબેલિયત નથી, પરંતુ એક ખૂબ જ વિચિત્ર અને કોઈ કામમાં ન આવતી ટ્રિક છે.
જાહ્નવીએ આ ટ્રિક શીખવા પાછળનું કારણ પણ શેર કર્યું. તેણે જણાવ્યું કે, જ્યારે તે સ્કૂલમાં ભણતી હતી, ત્યારે બાકીના બાળકો પોતાની જીભથી નાકને અડાડવાનો પ્રયાસ કરતા હતા. તે એવું કરી શકતી નહોતી.
આવી સ્થિતિમાં ક્લાસના બીજા બાળકોને પ્રભાવિત કરવા માટે તેણે પોતાની જીભથી કંઈક અલગ કરવાનો પ્રયાસ શરૂ કર્યો.

# જાણીતી ટીવી એન્કર શેફાલી બગ્ગાએ EDને સોંપ્યા 1.20 કરોડ રૂપિયા

(એજન્સી) મુંબઈ | તા.08

ટીવી પ્રેઝન્ટર અને બિગ બોસ ફેમ શેફાલી બગ્ગાએ મહાદેવ બેટિંગ એપ સિન્ડિકેટ પાસેથી મેળવેલા 1.5 કરોડ EDને સ્વેચ્છાએ પરત કર્યા. EDની ચાર્જશીટ મુજબ, પ્રમોશનલ વીડિયો માટે તેને આ રકમ મળી હતી. તપાસમાં આ એક મોટો વળાંક છે કારણ કે કોઈ વ્યક્તિએ ગેરકાયદેસર કમાણી પરત કરી હોય તેવો આ પ્રથમ કિસ્સો છે. આ કેસમાં અત્યાર સુધીમાં 42 લોકો સામે ચાર્જશીટ દાખલ થઈ છે.



ટીવી પ્રેઝન્ટર અને બિગ બોસની પૂર્વ કન્ટેસ્ટન્ટ શેફાલી બગ્ગાએ ચર્ચાસ્પદ મહાદેવ બેટિંગ એપ સિન્ડિકેટ પાસેથી મળેલી રકમ સ્વેચ્છાએ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ને સોંપી દીધી છે. તપાસના ઈતિહાસમાં આ એક મોટો વળાંક માનવામાં આવી રહ્યો છે, કારણ કે કદાચ આ પહેલો એવો મામલો છે જ્યાં કોઈ વ્યક્તિએ ગેરકાયદેસર સિન્ડિકેટમાંથી મળેલી ગુનાહિત આવક જાતે જ EDને પરત કરી હોય. ED દ્વારા છત્તીસગઢની રાયપુર કોર્ટમાં દાખલ કરવામાં આવેલી ચાર્જશીટ મુજબ, શેફાલી બગ્ગાને આ ગેરકાયદેસર એપના પ્રમોશનલ વીડિયો બનાવવા માટે કુલ 1.5 કરોડ રૂપિયા ચૂકવવામાં આવ્યા હતા. EDની પૂછપરછ બાદ બગ્ગાએ એજન્સીને વધારાના 1.20 કરોડ રૂપિયા પણ સોંપી દીધા છે. તેણે સ્પષ્ટતા કરી હતી કે, 'મને ખબર નહોતી કે આ એપ ગેરકાયદેસર રીતે ચલાવવામાં આવી રહી છે.' ઉલ્લેખનીય છે કે સોશિયલ મીડિયા પર શેફાલી બગ્ગાની લાખોની સંખ્યામાં મોટી ફેન ફોલોઈંગ છે.

EDએ તાજેતરમાં 42 લોકો સામે ચાર્જશીટ દાખલ કરી છે, જેમાં Ebix ગ્રુપના ચેરમેન વિકાસ ગર્ગ પણ સામેલ છે. ગર્ગની અગાઉ ધરપકડ કરવામાં આવી હતી અને તેની 940 કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ જપ્ત કરવામાં આવી છે. આરોપ છે કે ગર્ગ મહાદેવ સિંડિકેટના માસ્ટરમાઈન્ડ હરિશંકર તિબ્રેવાલના માધ્યમથી ગેરકાયદેસર નાણાં પોતાની કંપનીઓમાં પહોંચાડતો હતો અને શેરબજારમાં હેરાફેરી કરતો હતો. આ કેસમાં EaseMyTripના પ્રમોટર નિશાંત પિટ્ટી પર પણ હરિશંકર તિબ્રેવાલ પાસેથી 59 કરોડ રૂપિયાની ગુનાહિત આવક મેળવવાનો આરોપ છે.
EDની ચાર્જશીટ અનુસાર, મહાદેવ ઓનલાઈન સિંડિકેટમાં ગેરકાયદેસર આવક 75,000 કરોડ રૂપિયાથી વધુની છે અને આ આંકડો હજુ વધી શકે છે. આ કેસમાં સૌરભ ચંદ્રાકર અને રવિ ઉપ્પલ સહિતના મુખ્ય પ્રમોટરો હજુ પણ ફરાર છે.

**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ**

**સોશિયલ મીડિયા પોસ્ટે જગાવી ચર્ચા**

## ગુજરાતના દિગ્ગજ ક્રિકેટરને BCCIના ચીફ સિલેક્ટર બનવાની ઈચ્છા!



(એજન્સી) નવી દિલ્હી । તા. 08

ટીમ ઈન્ડિયાના ચીફ સિલેક્ટર તરીકે અજીત અગરકરનો સફળ કાર્યકાળ પૂરો થતાં જ ભારતીય ક્રિકેટ નિયંત્રણ બોર્ડ (BCCI) દ્વારા નવા પસંદગીકારની શોધ શરૂ કરી દેવામાં આવી છે. બોર્ડ દ્વારા સત્તાવાર રીતે નવા ચીફ સિલેક્ટરના પદ માટે અરજીઓ મંગાવવામાં આવી છે, જેના કારણે ક્રિકેટ જગતમાં અનેક નામોને લઈને ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. આ દરમિયાન, ગુજરાતના દિગ્ગજ ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાએ BCCIની સોશિયલ મીડિયા પોસ્ટ પર કરેલી એક મજાકિયા કોમેન્ટને કારણે આ ચર્ચા વધુ રસપ્રદ અને વાયરલ બની ગઈ છે.

વાસ્તવિક રીતે, BCCI દ્વારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' (X) પર ચીફ સિલેક્ટરના ખાલી પદ માટે અરજી પ્રક્રિયા શરૂ થયાની માહિતી શેર કરવામાં આવી હતી. આ પોસ્ટ પર પ્રતિક્રિયા આપતા રવિન્દ્ર જાડેજાએ હસતા-હસતા લખ્યું, "What the procedure?" એટલે કે અરજી કરવાની પ્રક્રિયા શું છે? જાડેજાની આ કોમેન્ટ માત્ર એક મજાક અને મસ્તીના ભાગરૂપે હતી, પરંતુ નવા ચીફ સિલેક્ટરને લઈને ચાલી રહેલી અટકળો વચ્ચે તેમની આ કોમેન્ટ પર સોશિયલ મીડિયા યુઝર્સનું ભારે ધ્યાન ખેંચાયું હતું.

જો કે, સવાલ એ થાય છે કે શું રવિન્દ્ર જાડેજા ખરેખર ચીફ સિલેક્ટર બની શકે છે? તો તેનો જવાબ સ્પષ્ટપણે 'ના' છે. BCCIના કડક નિયમો અનુસાર, કોઈ પણ સક્રિય ક્રિકેટર પસંદગી સમિતિ કે પ્રશાસનિક પદ પર નિયુક્ત થઈ શકતો નથી. ચીફ સિલેક્ટર બનવા માટે ઉમેદવારનું તમામ પ્રકારના આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી ઓછામાં ઓછા ૫ વર્ષ પહેલાં નિવૃત્ત થવું અનિવાર્ય છે. રવિન્દ્ર જાડેજાએ અગાઉ T20 ઈન્ટરનેશનલમાંથી નિવૃત્તિ લઈ લીધી છે, પરંતુ તેઓ હજુ પણ ટેસ્ટ અને વનડે ક્રિકેટની સાથે-સાથે IPLમાં પણ સંપૂર્ણપણે સક્રિય છે, જેના કારણે વર્તમાન નિયમો મુજબ તેઓ આ પદ માટે યોગ્ય નથી.

**અશ્રુભીની આંખો સાથે છેલ્લી મેચમાં લિયોનેલ મેસીનું સ્ટાર પરફોર્મન્સ**

# આર્જેન્ટિનાને અપાવી શાનદાર જીત

(એજન્સી) નવી દિલ્હી । તા. 08

વિશ્વ ફૂટબોલના મહાનતમ ખેલાડી અને કરોડો દિલના ધબકારા સમાન લિયોનેલ મેસી (Lionel Messi) એ ૬ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ પોતાની છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ રમીને ઈન્ટરનેશનલ ફૂટબોલને કાયમ માટે અલવિદા કહી દીધું છે. ૨૧ વર્ષ લાંબી શાનદાર કારકિર્દી પર પૂર્ણવિરામ મૂકતી આ ઐતિહાસિક ક્ષણ આર્જેન્ટિનાના હોમ ગ્રાઉન્ડ બ્યુનોસ આયર્સના મોન્યુમેન્ટલ સ્ટેડિયમ ખાતે સાક્ષી રહી હતી. આ વિદાય મેચમાં આર્જેન્ટિનાએ બેનિન સામે ૩-૦થી શાનદાર વિજય મેળવ્યો હતો. આ ઐતિહાસિક ક્ષણે મેસી તેમજ સ્ટેડિયમમાં ઉપસ્થિત ૮૫,૦૦૦થી વધુ પ્રશંસકોની આંખો ખુશી અને દર્દના આંસુઓથી ભીંજાઈ ગઈ હતી.

૩૯ વર્ષીય મેસીએ પોતાની રેકોર્ડબ્રેક ૨૦૮મી આંતરરાષ્ટ્રીય મેચ રમતા કારકિર્દીનો ૧૨૬મો આંતરરાષ્ટ્રીય ગોલ ફટકારીને આ આખરી મેચને ચાર ચાંદ લગાવી દીધા હતા. આ મેચને 'ધ લાસ્ટ ટેન્ગો' નામ આપવામાં આવ્યું હતું. મેસીએ માત્ર ગોલ જ ન કર્યો, પરંતુ સાથી ખેલાડી નિકોલસ ઓટામેન્ડીના પ્રારંભિક



ગોલ કરવામાં પણ મદદ કરી હતી, જ્યારે નિકો પાઝે પણ અન્ય એક ગોલ નોંધાવ્યો હતો. મેચ શરૂ થતા પહેલા જ વાતાવરણ અત્યંત ભાવુક બની ગયું હતું. જ્યારે ખેલાડીઓની બસ સ્ટેડિયમ તરફ જઈ રહી હતી, ત્યારે રસ્તા પર હજારો ચાહકોની ભીડ જોઈને મેસી પોતાના આંસુ રોકી શક્યા ન હતા અને આંસુ લૂછતાં નજરે પડ્યા હતા. મેદાન પર પ્રવેશતી વખતે મેસી પોતાના ત્રણેય પુત્રો સાથે આવ્યા હતા, જ્યારે વીઆઈપી બોક્સમાં બેઠેલાં તેમના પત્ની એન્ટોનેલા રોકુઝો અને માતા સેલિયા કુસિટિનીએ હાથ હલાવીને ભાવુક સ્મિત સાથે તેમનું સ્વાગત કર્યું હતું. મેચ શરૂ થાય તે પહેલાં મેદાનની વચ્ચે નંબર ૧૦ ની વિશાળ આર્જેન્ટિના જર્સી પાથરવામાં આવી હતી, જેના પર સ્પેનિશ ભાષામાં 'ગ્રેસિયસ' (Gracas - આભાર) લખેલું હતું. ફોકલેન્ડ યુદ્ધના લડવૈયા ફેબિયો સેન્ટાનાએ જ્યારે રાષ્ટ્રગીત ગાયું ત્યારે મેસી ફરી એકવાર ભાવોત્સુક થઈને રડી પડ્યા હતા.

કારકિર્દીમાં કુલ ૬ ફિફા વર્લ્ડ કપ રમનાર મેસીએ વર્ષ ૨૦૨૨માં કતાર ખાતે આર્જેન્ટિનાને વિશ્વ ચેમ્પિયન બનાવવાનું પોતાનું સ્વપ્ન પૂરું કર્યું હતું. ત્યારબાદ ૨૦૨૬ના વર્લ્ડ કપમાં પણ તેમણે ટીમને ફાઈનલ સુધી પહોંચાડી હતી. ઓગસ્ટના અંતમાં સોશિયલ મીડિયા પર નિવૃત્તિની પુષ્ટિ કરતાં મેસીએ જણાવ્યું હતું કે, "આ નિર્ણય લેવો મારા માટે અત્યંત પીડાદાયક હતો અને આજે પણ તેનું દર્દ અકબંધ છે, પરંતુ યોગ્ય સમયે ખસી જવું જરૂરી છે. મેં હંમેશાં આ જર્સી માટે સર્વસ્વ આપી દીધું છે." મેસીની આ વિદાય સાથે ફૂટબોલના એક સોનેરી યુગનો અંત આવ્યો છે.

## 4 વર્ષ સુધી વેદના સહી પણ જુસ્સો ન ગુમાવ્યો... અગરકરના જતા જ સ્ટાર બોલર ભુવનેશ્વર કુમારની ચમકી કિસ્મત

(એજન્સી) નવી દિલ્હી । તા. 08

ક્રિકેટ ટીમના અનુભવી અને ઘાતક સ્વિંગ બોલર ભુવનેશ્વર કુમારે (Bhuvneshwar Kumar) ૪ વર્ષની લાંબી પ્રતિક્ષા બાદ રાષ્ટ્રીય ટીમમાં શાનદાર વાપસી કરી છે. વર્ષ ૨૦૨૨ના T20 વર્લ્ડ કપ બાદ જ્યારે તેમને ટીમમાંથી ડ્રોપ કરવામાં આવ્યા હતા, ત્યારે એવું માનવામાં આવી રહ્યું હતું કે તેમની આંતરરાષ્ટ્રીય કારકિર્દીનો અંત આવી ગયો છે. જો કે, ૩૬ વર્ષીય ભુવનેશ્વરે હાર ન માનતા પોતાની મહેનત, ધીરજ અને કૌશલ્યના દમ પર આગામી ન્યૂઝીલેન્ડ પ્રવાસ માટે ટીમ ઈન્ડિયામાં પુનઃ સ્થાન મેળવી લીધું છે.

ભુવનેશ્વર કુમારની આ ઐતિહાસિક વાપસી પાછળ ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) માં તેમનું અદભુત પ્રદર્શન મુખ્ય પરિબળ સાબિત થયું છે. રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) તરફથી રમતાં તેમણે ૨૦૨૫ અને ૨૦૨૬ બંને સીઝન મળીને કુલ ૪૫ વિકેટ પોતાના નામે કરી હતી. ભુવીની બોલિંગની ખાસિયત એ રહી છે કે તેમની ઝડપમાં ભલે સામાન્ય ઘટાડો થયો હોય, પરંતુ નવી બોલને બંને તરફ સ્વિંગ કરાવવાની અને



ડેથ ઓવરોમાં બેટ્સમેનોને થાપ આપવાની તેમની કુશળતા આજે પણ એટલી જ ધારદાર છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, સિલેક્શન કમિટીમાં થયેલા ફેરફારો બાદ પસંદગીકારોએ યુવા ખેલાડીઓની સાથે-સાથે અનુભવ અને મેચ-વિનિંગ સ્કીલને પ્રાધાન્ય આપતા ભુવી પર ફરી એકવાર ભરોસો વ્યક્ત કર્યો છે. ૨૦૨૨માં T20 વર્લ્ડ કપની સેમિફાઈનલ બાદ અને ન્યૂઝીલેન્ડ પ્રવાસ પર ફોર્મ અંગે સવાલો ઉઠાવીને તેમને ટીમમાંથી બાકાત રાખવામાં આવ્યા હતા. તે સમયે યુવા અને અતિશય ઝડપ ધરાવતા બોલરોને વધુ પ્રાથમિકતા મળી રહી હતી. પરંતુ ભુવનેશ્વરે આ મુશ્કેલ સમયમાં ક્યારેય સિલેક્ટર્સ કે બોર્ડ સામે કોઈ વિવાદાસ્પદ નિવેદનબાજી ન કરી.

તેમણે પૂરા સંયમ સાથે ઉત્તર પ્રદેશ માટે ડોમેસ્ટિક વ્હાઈટ-બોલ ક્રિકેટ રમવાનું ચાલુ રાખ્યું, યુવા ખેલાડીઓને માર્ગદર્શન આપ્યું અને પોતાની ફિટનેસ તથા સ્વિંગ પર સતત કાળજીપૂર્વક કામ કર્યું. તેમની આ મહેનત આખરે રંગ લાવી છે અને હવે ફેન્સ તેમને ફરી એકવાર ભારતની બ્લુ જર્સીમાં એક્શનમાં જોવા માટે ઉત્સુક છે.

## નિત્યા રામરાજનું હવે સબ-૫૪ સેકન્ડનું મોટું લક્ષ્ય

**પી.ટી. ઉષાનો 42 વર્ષ જૂનો રેકોર્ડ તોડનાર**



(એજન્સી) કોઈમ્બતુર । તા. 08

જાપાનમાં યોજાયેલી આઈચી-નાગોયા એશિયન ગેમ્સ ૨૦૨૬માં ભારતનું નામ રોશન કરનાર સ્ટાર એથ્લીટ નિત્યા રામરાજે (Vithya Ramraj) શાનદાર પ્રદર્શન કરતા ઈતિહાસ રચ્યો છે. એશિયન ગેમ્સમાં ત્રણ મેડલ પોતાના નામે કરવા ઉપરાંત નિત્યાએ દંતકથા સમાન પી.ટી. ઉષાના ૪૨ વર્ષ જૂના ૪૦૦ મીટર હર્ડલ્સના રાષ્ટ્રીય રેકોર્ડને ધ્વસ્ત કરી દીધો છે. હવે નિત્યાએ પોતાની નજર આગામી લક્ષ્યો પર મંડાવી દીધી છે, જેમાં ૫૪ સેકન્ડથી ઓછો સમય (સબ-૫૪) હાંસલ કરવો અને વર્લ્ડ ચેમ્પિયનશિપની ફાઈનલમાં પ્રવેશ મેળવવાનો સમાવેશ થાય છે.

કોઈમ્બતુર ખાતે તાજેતરમાં આયોજિત એક સન્માન સમારોહમાં બોલતા નિત્યાએ જણાવ્યું હતું કે, "અગાઉ હાંગઝોઉ એશિયન ગેમ્સ (૨૦૨૩) માં પણ મેં ત્રણ મેડલ જીત્યા હતા, પરંતુ આ વખતે મને મળી રહેલા પ્રેમ અને લોકપ્રિયતાથી હું અભિભૂત છું." ૪૦૦ મીટર હર્ડલ્સ: ૫૪.૭૫ સેકન્ડના શાનદાર ટાઈમિંગ સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો અને પી.ટી. ઉષાનો વર્ષો જૂનો રેકોર્ડ તોડ્યો. વિમેન્સ ૪x૪૦૦ મીટર રિલે: શાનદાર એન્કર લેગ દોડીને ભારતને ગોલ્ડ મેડલ અપાવવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી. મિક્સ ૪x૪૦૦ મીટર રિલે: ટીમનું ઉત્તમ માર્ગદર્શન કરીને ભારતને સિલ્વર મેડલ અપાવ્યો.

ભલે નિત્યાએ મેડલ જીતી લીધા હોય, પરંતુ તેમના પર્સનલ કોચ નેહપાલ સિંહ તેમના ટાઈમિંગથી હજુ સંપૂર્ણ સંતુષ્ટ નથી. નિત્યાએ જણાવ્યું હતું કે, "મારા કોચ જાપાનમાં મારા ટાઈમિંગથી ખુશ નથી. ભારતમાં આપણને એ પ્રકારની સ્પર્ધા નથી મળતી, જેના કારણે સબ-૫૪ સેકન્ડ સુધી પહોંચવું મુશ્કેલ બને છે. હવે હું કોચની અપેક્ષા મુજબ વધુ સખત મહેનત કરીશ." કોચ નેહપાલ સિંહે પણ સ્પષ્ટ કર્યું છે કે તેમનું મુખ્ય લક્ષ્ય નિત્યાને આગામી વર્ષે બેઈજિંગમાં યોજાનારી વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપની ફાઈનલ સુધી પહોંચાડવાનું છે.

**એશિયન ગેમ્સના હીરોઝ ફરી એકત્રિત**

## હૈદરાબાદમાં આર્ચરી પ્રીમિયર લીગ સીઝન 2નો શાનદાર પ્રારંભ



(એજન્સી) હૈદરાબાદ । તા. 08

એશિયન ગેમ્સમાં દેશનું નામ રોશન કરનાર ભારત અને વિશ્વના સર્વશ્રેષ્ઠ આર્ચર્સ (ધનુર્ધરો) હવે એકવાર ફરી મેદાન પર સામસામે આવી ગયા છે. એશિયન ગેમ્સની ધમાકેદાર સફળતા બાદ આર્ચરી પ્રીમિયર લીગ (APL) ની બીજી સીઝનનો પ્રારંભ હૈદરાબાદ ખાતે ભવ્ય રીતે થયો છે. હૈદરાબાદના નેકલેસ રોડ પર આવેલા પીપલ્સ પ્લાઝા ખાતે યોજાઈ રહેલી આ ૧૧ દિવસીય લીગમાં દેશ-વિદેશના દિગ્ગજ ખેલાડીઓ પોતાની ફ્રેન્ચાઈઝી ટીમો તરફથી કૌશલ્ય દેખાડી રહ્યા છે. તાજેતરમાં જ સંપન્ન થયેલી એશિયન ગેમ્સમાં ભારતીય આર્ચર્સે શાનદાર પ્રદર્શન કરતા કુલ ૯ મેડલ (૫ ગોલ્ડ, ૨ સિલ્વર અને ૨ બ્રોન્ઝ) પોતાના નામે કર્યા હતા અને શક્તિશાળી દક્ષિણ કોરિયાના વર્ચસ્વને પણ જોરદાર ટક્કર આપી હતી. આ ઉપરાંત, ચિકિતા તાનિપર્થી અને સાહિલ જાધવ (મિક્સ ટીમ કમ્પાઉન્ડ) તેમજ કુમકુમ મોહોડ (વિમેન્સ ઈન્ડિવિજ્યુઅલ રિકર્વ) દ્વારા આગામી લોસ એન્જલસ ઓલિમ્પિક્સ ૨૦૨૮ માટેના મહત્ત્વપૂર્ણ ક્વોટા પણ સુરક્ષિત કરી લેવામાં આવ્યા છે.આર્ચરી પ્રીમિયર લીગની આ બીજી સિઝનમાં ૬ ફ્રેન્ચાઈઝી ટીમો વચ્ચે કુલ ૪૮ સર્વશ્રેષ્ઠ ભારતીય અને આંતરરાષ્ટ્રીય આર્ચર ટાઈટલ માટે જંગે ચઢ્યા છે. આ લીગનું સૌથી મોટું આકર્ષણ તેનું અદ્યતન અને ઝડપી ફોર્મેટ છે, જેમાં ખેલાડીઓ માટે માત્ર ૧૫ સેકન્ડનો શોર્ટ ક્લોક રાખવામાં આવ્યો છે.

**રાશિદ ખાન બન્યા નંબર-૧ બોલર**

**અક્ષર પટેલની પણ ટોપ ૧૦માં છલાંગ**

## ICC રેન્કિંગમાં ઉથલપાથલ: શ્રેયસ ઐયરની ટોપ 10માં શાનદાર એન્ટ્રી

(એજન્સી) દુબઈ । તા. 08

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) દ્વારા પુરુષ ખેલાડીઓની તાજેતરની T20I અને વનડે રેન્કિંગ જાહેર કરવામાં આવી છે, જેમાં મોટા ફેરફારો જોવા મળ્યા છે. ખાસ કરીને ભારતીય ક્રિકેટ ટીમ માટે આ રેન્કિંગ અત્યંત સંતોષજનક રહી છે, કારણ કે ભારતીય ખેલાડીઓએ બેટિંગ અને બોલિંગ બંને ક્ષેત્રે જબરદસ્ત છલાંગ લગાવી છે.

લખનઉ ખાતે વેસ્ટ ઈન્ડિઝ સામેની પ્રથમ T20 મેચમાં માત્ર ૪૩ બોલમાં અણનમ ૧૦૨ રનની તોફાની અને ઐતિહાસિક સદી ફટકારનાર ભારતીય T20 કેપ્ટન શ્રેયસ ઐયરે રેન્કિંગમાં જબરદસ્ત કૂદકો માર્યો છે. ઐયર ૧૮ સ્થાનના મોટા સુધારા સાથે કારકિર્દીના સર્વશ્રેષ્ઠ ૭મા ક્રમે પહોંચી ગયો છે. તેના ખાતામાં હવે ૭૮૬ રેટિંગ પોઈન્ટ્સ છે અને તે પોતાના ક્રિકેટ જીવનમાં પહેલીવાર T20I ના ટોપ ૧૦ બેટ્સમેનોની યાદીમાં સામેલ થયો છે. ઈશાન કિશન: ૯૦૨ પોઈન્ટ સાથે વિશ્વના નંબર-૧ T20 બેટ્સમેન તરીકે પોતાનું સ્થાન મજબૂત રીતે જાળવી રાખ્યું છે. અભિષેક શર્મા: ૮૮૭ પોઈન્ટ સાથે બીજા ક્રમે યથાવત છે. શ્રેયસ ઐયર: ૧૮ સ્થાનના ફાયદા સાથે ૭મા ક્રમે પહોંચ્યા છે.તિલક વર્મા: ૭૧૯ પોઈન્ટ સાથે ૧૦મા ક્રમે મોજૂદ છે. T20I બોલિંગ વિભાગમાં મોટો ફેરફાર જોવા મળ્યો છે. પાકિસ્તાનના સ્પિનર અબરાર અહેમદ (૭૧૮ પોઈન્ટ) પાસેથી નંબર-૧ T20 બોલરનો તાજ છીનવાઈ ગયો છે. અફઘાનિસ્તાનના અનુભવી અને સ્ટાર લેગ-સ્પિનર રાશિદ ખાન (૭૨૦ પોઈન્ટ) એ ફરી એકવાર શાનદાર વાપસી કરીને નંબર-૧ T20 બોલરનું સ્થાન મેળવી લીધું છે.



**ચાઈના સ્મેશ ૨૦૨૬: એશિયન ગેમ્સના મેડલ વિજેતા**

## માનુષ-દિયાએ મિક્સ્ડ ડબલ્સની સેમિફાઈનલમાં બનાવી જગ્યા

(એજન્સી) બેઈજિંગ । તા. 08

ચીનના બેઈજિંગ ખાતે ચાલી રહેલી ડબલ્યુટીટી ચાઈના સ્મેશ ૨૦૨૬માં ભારતીય ટેબલ ટેનિસ ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કરીને ઈતિહાસ રચ્યો છે. એશિયન ગેમ્સના બ્રોન્ઝ મેડલ વિજેતા માનુષ શાહ અને દિયા ચિતાલેની જોડીએ બુધવારે રમાયેલી મિક્સ્ડ ડબલ્સની ક્વાર્ટર ફાઈનલ મેચમાં ધમાકેદાર વિજય મેળવીને સેમિફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. આ સાથે જ તેઓ કોઈપણ ગ્રાન્ડ સ્મેશ ઈવેન્ટના સેમિફાઈનલ સ્ટેજ સુધી પહોંચનારી ભારતની સર્વપ્રથમ મિક્સ્ડ ડબલ્સ જોડી બની ગઈ છે.

પાંચમી ક્રમાંકિત ભારતીય જોડીએ અગાઉ ઈજિપ્તના યુસૌફ અબ્દેલઅજીઝ અને મરિયમ અલહોદાબી વિરુદ્ધ ૩-૦ (૧૧-૭, ૧૧-૫, ૧૧-૪) થી સરળ વિજય મેળવ્યો હતો. ત્યારબાદ ક્વાર્ટર ફાઈનલના મુકાબલામાં પણ આ જ પ્રદર્શન જાળવી રાખતા તેમણે રોમાનિયાના એડવર્ડ આયોનેસ્કુ અને બર્નાડેટે સ્ઝોક્સ સામે ૩-૦ (૧૧-૯, ૧૩-૧૧, ૧૧-૩) થી શાનદાર વિજય નોંધાવ્યો હતો. આ મુકાબલામાં ભારતીય ખેલાડીઓએ અદ્ભુત તાલમેલ અને આક્રમક રમતનું પ્રદર્શન કરીને વિરોધીઓને કોઈ તક આપી ન હતી. હવે ગુરુવારે રમાનારી સેમિફાઈનલ મેચમાં માનુષ અને દિયાની જોડી ચીની તાઈપેઈના સાતમી ક્રમાંકિત ખેલાડીઓ લિન યુન-જુ (Lin Yun-ju) અને ચેંગ આઈ-ચિંગ (Cheng I-ching) સામે ટકરાશે.

મિક્સ ડબલ્સ ઉપરાંત મેન્સ ડબલ્સ વર્ગમાં પણ ભારતે શાનદાર સફળતા મેળવી છે. માનુષ શાહે માનવ ઠક્કર સાથે મળીને મેન્સ ડબલ્સની ક્વાર્ટર ફાઈનલમાં જગ્યા બનાવી લીધી છે. બીજી ક્રમાંકિત આ ભારતીય જોડીએ સ્થાનિક ચીની જોડી ચેન જુન્સોંગ અને ઝોઉ કિહાઓ સામે અત્યંત રોમાંચક અને સંઘર્ષભર્યા મુકાબલામાં ૩-૨ (૧૧-૫, ૧૧-૬, ૨-૧૧, ૭-૧૧, ૧૨-૧૦) થી જીત મેળવી હતી.

**બેટિંગ એપ**

**મહાદેવ બેટિંગ એપ સિન્ડિકેટ પાસેથી પ્રમોશનલ વીડિયો માટે મેળવેલી રકમ સ્વેચ્છાએ પરત કરી**

## ટીવી એન્કર શેફાલી બગ્ગાએ EDને સોંપ્યા 1.20 કરોડ રૂપિયા

(એજન્સી) નવી દિલ્હી । તા. 08

ટીવી પ્રેઝન્ટર અને બિગ બોસ ફેમ શેફાલી બગ્ગાએ ચર્ચાસ્પદ મહાદેવ બેટિંગ એપ સિન્ડિકેટ પાસેથી મેળવેલી રકમ સ્વેચ્છાએ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) ને પરત કરી દીધી છે. તપાસ એજન્સીના ઈતિહાસમાં આ એક મોટો અને અનોખો વળાંક માનવામાં આવી રહ્યો છે, કારણ કે કદાચ આ પહેલો એવો મામલો છે જ્યાં કોઈ વ્યક્તિએ ગેરકાયદેસર સિન્ડિકેટમાંથી મળેલી ગુનાહિત આવક જાતે જ આગળ આવીને EDને પરત કરી હોય.

ED દ્વારા છત્તીસગઢની રાયપુર કોર્ટમાં દાખલ કરવામાં આવેલી ચાર્જશીટ અનુસાર, શેફાલી બગ્ગાને આ ગેરકાયદેસર બેટિંગ એપના પ્રમોશનલ વીડિયો બનાવવા માટે કુલ ૧.૫ કરોડ રૂપિયા ચૂકવવામાં આવ્યા હતા. ત્યારબાદ EDની સઘન પૂછપરછ અને તપાસના આધારે બગ્ગાએ એજન્સીને વધારાના ૧.૨૦ કરોડ રૂપિયા પણ સોંપી દીધા છે.

આ મામલે સ્પષ્ટતા કરતા શેફાલીએ જણાવ્યું હતું કે, "મને શરૂઆતમાં ખબર નહોતી કે આ એપ ગેરકાયદેસર રીતે ચલાવવામાં આવી રહી છે." ઉલ્લેખનીય છે કે સોશિયલ મીડિયા પર શેફાલી બગ્ગાની મોટી ફેન ફોલોઈંગ છે, જેના કારણે પ્રમોશનલ પ્રવૃત્તિઓ મામલે આ કેસ વિશે ભારે ચર્ચા જાગી છે.

ED દ્વારા આ કેસમાં તાજેતરમાં જ ૪૨ લોકો સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે, જેમાં Ebix ગ્રુપના ચેરમેન વિકાસ ગર્ગ પણ સામેલ છે. અગાઉ વિકાસ ગર્ગની ધરપકડ કરવામાં આવી હતી અને તેની ૯૪૦ કરોડ રૂપિયાથી વધુની સંપત્તિ જપ્ત કરવામાં આવી ચૂકી છે. તપાસમાં એવા આરોપો છે કે ગર્ગ મહાદેવ સિંડિકેટના મુખ્ય માસ્ટરમાઈન્ડ હરિશંકર તિબ્રેવાલના માધ્યમથી ગેરકાયદેસર નાણાં પોતાની કંપનીઓમાં પહોંચાડતો હતો અને શેરબજારમાં હેરાફેરી કરતો હતો. આ ઉપરાંત, EaseMyTrip ના પ્રમોટર નિશાંત પિટ્ટી પર પણ હરિશંકર તિબ્રેવાલ પાસેથી ૫૯ કરોડ રૂપિયાની ગુનાહિત આવક મેળવ્યાનો ગંભીર આરોપ છે.

EDની ચાર્જશીટ અનુસાર, મહાદેવ ઓનલાઈન સિંડિકેટમાં ગેરકાયદેસર આવક અને કૌભાંડનો આંકડો ૭૫,૦૦૦ કરોડ રૂપિયાથી પણ વધુનો છે અને આગામી સમયમાં આ આંકડો હજુ વધી શકે છે. આ કેસના મુખ્ય પ્રમોટરો સૌરભ ચંદ્રાકર અને રવિ ઉપ્પલ હજુ પણ ફરાર છે. અગાઉ પણ આ કૌભાંડ સંબંધિત મામલાઓમાં અનેક બોલિવૂડ હસ્તીઓ, અભિનેતાઓ અને ગાયકોને વિદેશી કાર્યક્રમો તથા પ્રમોશનલ વીડિયો માટે ED દ્વારા સમન્સ પાઠવવામાં આવ્યા છે. હાલમાં ED આ મહાકૌભાંડમાં અત્યાર સુધીમાં કુલ ૬ ચાર્જશીટ દાખલ કરી ચૂકી છે અને કાયદાકીય શિકંજો વધુ કડક બનાવી રહી છે.



**'ધોબી પછાડ' દાંવ અને અદભુત કમબેક**

## સુજીત કાલકાલે એશિયન ગેમ્સમાં કુસ્તીનો ગોલ્ડ મેડલ જીત્યો

(એજન્સી) નવી દિલ્હી । તા. 08

એશિયન ગેમ્સ ૨૦૨૬માં ભારતીય કુસ્તીબાજોએ શાનદાર પ્રદર્શન કર્યું છે, જેમાં ૨૩ વર્ષીય યુવા રેસલર સુજીત કાલકાલે (Sujeet Kalkal) ફ્રી સ્ટાઈલ ૬૫ કિગ્રા વજન વર્ગમાં ગોલ્ડ મેડલ જીતીને દેશનું નામ રોશન કર્યું છે. સુજીતની આ સફર એટલા માટે પણ ખાસ રહી છે કારણ કે તેણે ફાઈનલ મુકાબલામાં હારી ગયેલી બાજીને પોતાની મહેનત અને આક્રમક રમતથી જીતમાં ફેરવી દીધી હતી.

ગોલ્ડ મેડલ મુકાબલામાં સુજીતનો મુકાબલો તાજિકિસ્તાનના મજબૂત ખેલાડી અબ્દુલમાઝિદ કુદિયેવ સામે હતો. મેચની શરૂઆતમાં સુજીત ૨-૯થી પાછળ ચાલી રહ્યો હતો અને એવું લાગી રહ્યું હતું કે ગોલ્ડ મેડલ હાથમાંથી જતો રહેશે. પરંતુ, બ્રેક બાદ સુજીતે અદભુત માનસિક મજબૂતાઈ અને આક્રમકતા દાખવતા સતત આઠ પોઈન્ટ મેળવીને મેચનું પાસું પલટી નાખ્યું હતું. છેલ્લી ક્ષણોમાં નિર્ણાયક ટેકડાઉન કરીને તેણે આ મુકાબલો ૧૦-૯થી પોતાના નામે કરી લીધો અને ઐતિહાસિક ગોલ્ડ મેડલ જીતી લીધો. અગાઉ



સેમિફાઈનલ મુકાબલામાં પણ તેણે પેરિસ ઓલિમ્પિક્સના ચેમ્પિયન કોટારો કિઓકાને હરાવીને સનસનાટી મચાવી હતી.

દિગ્ગજ ખેલાડીઓ યોગેશ્વર દત્ત અને બજરંગ પુનિયાની વિરાસતને આગળ વધારી રહેલા સુજીતે પોતાની આ સફળતાનો શ્રેય વિદેશી કોચ શાકો બેન્ટીનિડિસને આપ્યો છે. સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (SAI) સાથેની વાતચીતમાં સુજીતે જણાવ્યું કે, "કોચ શાકોએ મને પહેલી બાઉટથી જ આક્રમક રમવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. મેં રશિયામાં પણ કંપિટિશન જીતી હતી પરંતુ તેઓ મારી આક્રમકતાથી ખુશ નહોતા.

**મોટી ઉથલપાથલ :** મહાભિયોગમાં ચલાવવામાં શાસક પક્ષ સમર્થન આપી શકે

# ટ્રમ્પે કહ્યું- 'મેં ૮ યુદ્ધમાં સમાધાન કરાવ્યું, હું ખોટું નથી બોલીતો'

(એજન્સી) વાશિંગ્ટન । તા. 08

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર નોબલ શાંતિ પુરસ્કાર (Nobel Peace Prize) માટે પોતાનો દાવો મજબૂત રીતે રજૂ કર્યો છે. વ્હાઈટ હાઉસ ખાતેથી મીડિયા સાથે વાતચીત કરતા ટ્રમ્પે જણાવ્યું હતું કે તેમણે વિશ્વભરમાં ૮ જેટલા યુદ્ધો અને ગંભીર સંઘર્ષોનો ઉકેલ લાવવાનું કામ કર્યું છે, જે અત્યાર સુધીના ઈતિહાસમાં અન્ય કોઈ પણ અમેરિકન પ્રમુખ દ્વારા કરવામાં આવ્યું નથી. તેમણે સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે, "આ કોઈ બડાઈ કે અતિશ્યોક્તિ નથી, પરંતુ વાસ્તવિક હકીકત છે અને હું ખોટું નથી બોલી રહ્યો." આ સાથે તેમણે સંકેત આપ્યો હતો કે ટૂંક સમયમાં જ તેમને વધુ એક મોટી કૂટનીતિક સફળતા મળવા જઈ રહી છે.

ટ્રમ્પ અગાઉ પણ અનેક વખત પોતાના ડિપ્લોમેટિક રેકોર્ડને ટાંકીને નોબલ શાંતિ પુરસ્કાર માટે દાવો કરી ચૂક્યા છે. જો કે, બીજી બાજુ ફેક્ટ-ચેકર્સ અને આંતરરાષ્ટ્રીય વિશ્લેષકો દ્વારા તેમના આ દાવાઓને અવારનવાર પડકારવામાં આવ્યા છે. ફેક્ટ-ચેકર્સનું માનવું છે કે ટ્રમ્પ જે વિવાદો અને સંઘર્ષોનો ઉકેલ લાવ્યા હોવાનો દાવો કરે છે, તેમાંથી ઘણા પરંપરાગત અને ઔપચારિક યુદ્ધો નહોતા, અને તેમાં અમેરિકાની ભૂમિકા પણ અલગ-અલગ પ્રકારની રહી હતી. છતાં, ટ્રમ્પ પોતાના શાંતિ પ્રયાસોને લઈને હંમેશા મક્કમ રહ્યા છે. આ દરમિયાન, રશિયાના સાઈબેરિયામાં એક એન્ટી-પ્લેગ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટમાં કામ કરતી ૨૮ વર્ષીય લેબ વર્કરનું ન્યુમોનિયાના કારણે અચાનક મોત નીપજવાની ઘટના સામે આવી છે. આ દુર્ઘટના બાદ તેના સંપર્કમાં આવેલા આશરે ૨૦૦ જેટલા લોકોને સાવચેતીના ભાગરૂપે મેડિકલ દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા છે.

જ્યારે પત્રકારો દ્વારા ડોનાલ્ડ ટ્રમ્પને સવાલ કરવામાં આવ્યો કે શું આ કોઈ બાયોવેપન (જૈવિક હથિયાર) લીકેજ કે પ્રયોગનો મામલો છે, ત્યારે તેમણે જવાબ આપતા કહ્યું કે, "અમે ટૂંક સમયમાં જ આ બાબતની



સચોટ અને વિગતવાર માહિતી મેળવી લઈશું. હાલની સ્થિતિ જોતા અમને એવું લાગતું નથી કે આ કોઈ બાયોવેપન છે." આ વૈશ્વિક ઘટનાઓ વચ્ચે ટ્રમ્પના નિવેદનોએ ફરી એકવાર આંતરરાષ્ટ્રીય રાજકારણમાં ચર્ચાઓનું જોર વધારી દીધું છે.

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે નોબલ શાંતિ પુરસ્કાર માટે ફરી એકવાર દાવો કર્યો છે. વ્હાઈટ હાઉસથી આપેલા નિવેદનમાં તેમણે કહ્યું છે કે, 'મેં 8 જેટલા યુદ્ધો અને સંઘર્ષોનો ઉકેલ લાવવાનું કામ કર્યું છે, જે અત્યાર સુધી કોઈ અન્ય પ્રમુખએ નથી કર્યું. આ કોઈ બડાઈ નથી પરંતુ વાસ્તવિક હકીકત છે.' તેમ જણાવીને તેમણે ટૂંક સમયમાં જ વધુ એક મોટી સફળતા મળવાનો સંકેત પણ આપ્યો છે.

ટ્રમ્પ અગાઉ પણ ઘણી વખત નોબલ શાંતિ પુરસ્કાર માટે દાવો કરી ચૂક્યા છે અને પોતાના ડિપ્લોમેટિક રેકોર્ડને આ પુરસ્કાર માટે લાયક ગણાવતા રહ્યા છે. જો કે, ફેક્ટ-ચેકર્સ દ્વારા તેમના આ દાવાઓને વારંવાર પડકારવામાં આવ્યા છે. ફેક્ટ-ચેકર્સનું માનવું છે કે ટ્રમ્પ જે વિવાદો અને સંઘર્ષોનો ઉકેલ લાવ્યા હોવાનો દાવો કરે છે, તેમાંથી ઘણા ઔપચારિક યુદ્ધો નહોતા અને તેમાં અમેરિકાની ભૂમિકા પણ અલગ-અલગ પ્રકારની રહી હતી. આ ઉપરાંત, રશિયાના સાઈબેરિયામાં એક એન્ટી-પ્લેગ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટમાં કામ કરતી 28 વર્ષીય લેબ વર્કરનું ન્યુમોનિયાથી મોત નીપજ્યું છે. આ ઘટના બાદ તેના સંપર્કમાં આવેલા આશરે 200 લોકોને મેડિકલ દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા છે.

**ફ્રાન્સ પર કબજો કરી રહ્યા છે મુસલમાનો?**

## વિદ્યાર્થી આંદોલનને ટ્રમ્પ કેમ ગણાવી રહ્યા છે 'ઈસ્લામિક ટેકઓવર'



(એજન્સી) પેરિસ/વોશિંગ્ટન । તા. 08

ફ્રાન્સની શાળાઓમાં શિક્ષકો અને સ્ટાફની અછતને કારણે શરૂ થયેલા વિદ્યાર્થી આંદોલને હવે આંતરરાષ્ટ્રીય રાજકારણમાં મોટો વિવાદ સર્જ્યો છે. અમેરિકાના પૂર્વ અને નિયુક્ત પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફ્રાન્સમાં ચાલી રહેલા આ પ્રદર્શનોને માત્ર શાળાઓની સમસ્યા માનવાનો ઈનકાર કરતા તેને 'ઈસ્લામિક ટેકઓવર' અને અનિયંત્રિત સામૂહિક સ્થળાંતર (ઈમિગ્રેશન) સાથે જોડી દીધા છે. જો કે, ફ્રેન્ચ અધિકારીઓએ ટ્રમ્પના આ દાવાઓને સ્પષ્ટપણે ફગાવી દીધા છે અને તેને વાસ્તવિકતાથી દૂર ગણાવ્યા છે.

આ હિલચાલની શરૂઆત પેરિસ નજીક આવેલી એક હાઈસ્કૂલથી થઈ હતી. અહીંના વિદ્યાર્થીઓની મુખ્ય ફરિયાદ એ હતી કે વર્ગખંડોમાં ૩૨ થી ૩૫ બાળકો બેસે છે, પરંતુ શાળામાં પૂરતા શિક્ષકો, નર્સ કે દિવ્યાંગ બાળકોની મદદ કરતો સ્ટાફ ઉપલબ્ધ નથી. ૨૧ સપ્ટેમ્બરે શરૂ થયેલું આ સ્થાનિક પ્રદર્શન જોતજોતામાં ફ્રાન્સના અન્ય વિસ્તારોમાં પણ ફેલાઈ ગયું અને હવે શાળાઓની બહાર બ્લોકેડ લગાવી દેવામાં આવ્યા છે.

આ અશાંતિ એવા સમયે વધી રહી છે જ્યારે ફ્રાન્સ ગંભીર આર્થિક દબાણ હેઠળ છે. ફ્રાન્સના વડા પ્રધાન સેબેસ્ટિયન લેકોર્નૂ આગામી ૨૦૨૭ના બજેટમાં ૫૪ અબજ યુરોની બચત કરવાની યોજના બનાવી રહ્યા છે અને સરકારી કર્મચારીઓના પગાર ફ્રીઝ કરવાની વાતો ચાલી રહી છે. રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનના શાસનમાં બજેટ કાપને લઈને જનતામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

આ આંદોલન દરમિયાન કેટલાક સ્થળોએ હિંસા પણ જોવા મળી છે. શાળા અને યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની સાથે હવે ટ્રેડ યુનિયનો પણ આમાં જોડાઈ ગયા છે. ફ્રેન્ચ ગૃહ મંત્રાલયના જણાવ્યા મુજબ પ્રદર્શનોમાં અંદાજે ૨,૬૬,૦૦૦ લોકો સામેલ છે, જ્યારે વિદ્યાર્થી સંગઠન USL દ્વારા આ આંકડો ૪,૫૦,૦૦૦ હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. આ સંઘર્ષમાં ૨૧૫ વિદ્યાર્થીઓ અને ૮૫ શાળા કર્મચારીઓ ઘાયલ થયા છે, જ્યારે ન્યાય મંત્રાલયે ૬,૦૦૦ થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી હોવાની પુષ્ટિ કરી છે. માર્સેઈ શહેરમાં આગ બુઝાવવા પહોંચેલા ફાયર બ્રિગેડના ટ્રકને પણ સળગાવી દેવાની ઘટના સામે આવી છે. સરકારનું માનવું છે કે કેટલાક ઉગ્રવામપંથી કાર્યકરો અને બહારના ઉપદ્રવીઓ આ સ્થિતિનો ગેરલાભ ઉઠાવી રહ્યા છે.

આ ઉપરાંત, સોશિયલ મીડિયા પર પણ કેટલાક દક્ષિણપંથી ચહેરાઓ દ્વારા વર્ષ ૨૦૨૨ના જૂના વીડિયો શેર કરીને તેને વર્તમાન પ્રદર્શનો સાથે જોડીને ભ્રમ ફેલાવવામાં આવી રહ્યો છે. તેમ છતાં, ફ્રાન્સના સત્તાવાર સૂત્રો અને ફેક્ટ-ચેકર્સ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આ આંદોલન કોઈ સંગઠિત ઈસ્લામિક કે ધાર્મિક એજન્ડા હેઠળ નહીં, પરંતુ માત્ર શાળાઓની મૂળભૂત સુવિધાઓ અને સ્ટાફની માંગણી સાથે જોડાયેલું છે.

### ટ્રમ્પ કેમ આપી રહ્યા છે તેને ધાર્મિક રંગ?

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે 'ટ્રુથ સોશિયલ' પર પોસ્ટ કરીને દાવો કર્યો હતો કે ફ્રાન્સમાં જે થઈ રહ્યું છે તેની પાછળ વસ્તી વિષયક ફેરફારો અને ઈસ્લામ દ્વારા ફ્રાન્સ પર કબજો કરવાનો પ્રયાસ છે. અમેરિકી અને યુરોપીય દક્ષિણપંથી રાજકારણમાં યુરોપના વિરોધ પ્રદર્શનોને હંમેશા ઈમિગ્રેશન અને સુરક્ષા સાથે જોડીને જોવામાં આવે છે. ટ્રમ્પ પોતાની સખત બોર્ડર પોલિસીના સમર્થનમાં ફ્રાન્સની આ અશાંતિને ઉદાહરણ તરીકે રજૂ કરી રહ્યા છે.

## ન્યૂઝ બ્રીફ

### RBI ગવર્નરે ગણાવ્યા ગ્લોબલ ઈકોનોમીના ચાર દુશ્મન



મુંબઈ | ભારતીય રિઝર્વ બેંક (RBI) દ્વારા અર્થવ્યવસ્થાને લઈને એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. આરબીઆઈએ રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટનો વધારો કરીને તેને ૫.૫૦ ટકા કરી દીધો છે. છેલ્લા ચાર વર્ષમાં પહેલીવાર વ્યાજદરોમાં આ વધારો કરવામાં આવ્યો છે. વધતી મોંઘવારી અને નબળા પડતા રૂપિયાના દબાણને ધ્યાનમાં રાખીને પોલિસી મેકર્સને પોતાની રણનીતિ બદલવી પડી છે. ૪ વિરુદ્ધ ૨ ના વિભાજિત વોટ સાથે, RBI ની છ સભ્યોની મોનેટરી પોલિસી કમિટી (MPC) એ પોતાનું વલણ 'ન્યૂટ્રલ'થી બદલીને 'કેલિબ્રેટે ટાઈટનિંગ' કરી દીધું છે, જે સ્પષ્ટ સંકેત આપે છે કે ભવિષ્યમાં દરોમાં વધુ વધારો થવાની સંભાવના રહેલી છે. આ મહત્વપૂર્ણ નિર્ણયોની જાહેરાત કરતી વખતે, RBI ગવર્નર સંજય મલ્હોત્રાએ વૈશ્વિક અર્થતંત્ર સામે ઉપસ્થિત ચાર મુખ્ય જોખમો અને પડકારો વિશે વિસ્તારથી જણાવ્યું હતું. મુંબઈ ખાતે RBI મુખ્યાલયથી આપેલા નિવેદનમાં તેમણે જણાવ્યું કે વૈશ્વિક વાતાવરણ અત્યંત તણાવપૂર્ણ બની રહ્યું છે, જેના કારણે ઈમર્જિંગ ઈકોનોમીઝ તરફ જોખમથી બચવાનું વલણ જોવા મળી રહ્યું છે.

### યુટાઉમાં પ્રિસ્ક્રિપ્શન લખી આપશે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સિસ્ટમ



વોશિંગ્ટન/યુટાઉ | આજના ટેકનોલોજીના યુગમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) એ અનેક ક્ષેત્રોમાં પોતાનું સ્થાન જમાવી લીધું છે, પરંતુ હવે AI એ સ્વાસ્થ્ય અને મેડિકલ ક્ષેત્રમાં સીધી એન્ટ્રી કરી લીધી છે. અમેરિકાના યુટાઉ (Utah) રાજ્યમાં હવે AI ડૉક્ટરની ભૂમિકા ભજવશે અને દર્દીઓ માટે પ્રિસ્ક્રિપ્શન પણ લખી આપશે. અમેરિકાની એક હેલ્થ કંપનીને આ માટે ખાસ મંજૂરી મળી છે, જેનાથી તબીબી ક્ષેત્રમાં એક નવા યુગની શરૂઆત થઈ છે. હાલ આ AI સિસ્ટમને માત્ર ચોક્કસ દવાઓ લખવાની જ છૂટ આપવામાં આવી છે, ખાસ કરીને ખીલ (Acne) જેવી ત્વચાની સમસ્યાઓના ઈલાજ માટે તેનો ઉપયોગ શરૂ થયો છે. આ પ્રક્રિયા અંતર્ગત એઆઈ સિસ્ટમ સૌપ્રથમ દર્દી માટે કેટલાક જરૂરી સવાલો તૈયાર કરે છે અને ત્યારબાદ દર્દીનું ફેસિયલ સ્કેન (ચહેરાનું સ્કેન) કરે છે. સ્કેન કર્યા બાદ આ સિસ્ટમ ડૉક્ટરોના લિમિટેડ લિસ્ટમાંથી યોગ્ય ટ્રીટમેન્ટ શોધીને દર્દી માટે પ્રિસ્ક્રિપ્શન લખી આપે છે. આ પગલું ભરવા પાછળનું મુખ્ય કારણ સ્વાસ્થ્ય સેવામાં પ્રલંબિત સમય અને ડૉક્ટરોની અછત છે.

**23 ભારતીય ક્રૂ બચાવાયા :** યુક્રેનના ૯૦૦થી વધુ ડ્રોન હુમલા બાદ રશિયાનો વળતો પ્રહાર

# પુતિનના જન્મદિવસે યુક્રેનમાં ભીષણ મિસાઈલ હુમલા: કીવ સહિત 12 વિસ્તારોમાં 22નાં મોત

(એજન્સી) મોસ્કો/કીવ । તા. 08

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલું સાડા ચાર વર્ષ જૂનું ભીષણ યુદ્ધ દિવસેને દિવસે વધુ ખતરનાક બનતું જઈ રહ્યું છે. તાજેતરમાં યુક્રેન દ્વારા રશિયા પર ૯૦૦થી વધુ ડ્રોનનો મારો ચલાવવામાં આવ્યો હતો, જેના જવાબમાં રશિયાએ વળતો પ્રહાર કરતા યુક્રેન પર અત્યાર સુધીનો સૌથી મોટો મિસાઈલ હુમલો કર્યો છે. ખાસ કરીને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના ૭૫મા જન્મદિવસ (૭મી ઓક્ટોબર) ના અવસરે આ હુમલા કરવામાં આવ્યા હોવાના અહેવાલો છે.

રશિયાએ રાતભર યુક્રેનના ઉત્તરીય પ્રાંત કેરનીહીવના પ્રીલુકી વિસ્તારમાં આવેલા એક એપાર્ટમેન્ટ સહિત રાજધાની કીવ અને અન્ય ૩ શહેરો સહિત કુલ ૧૨ જેટલા ક્ષેત્રોને નિશાન બનાવ્યા હતા. પ્રીલુકીમાં એપાર્ટમેન્ટ પર મિસાઈલ ત્રાટકવાથી આખી ઈમારત ધ્વસ્ત થઈ ગઈ હતી. આ ભીષણ હુમલાઓમાં ૨૨થી વધુ નાગરિકોના મોત નીપજ્યા છે, જેમાં ૪ માસૂમ બાળકોનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત ૬૦થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે.

યુક્રેનના વડાપ્રધાન વોલોડીમિર ઝેલેન્સ્કીએ નિવેદન આપતા જણાવ્યું હતું કે હાલ રશિયાની અત્યાધુનિક મિસાઈલો અમારા માટે સૌથી મોટો પડકાર બની ગઈ છે. ઈરાન યુદ્ધના કારણે હાલ યુક્રેન સુધી પૂરતા પ્રમાણમાં મિસાઈલો નથી પહોંચી રહી, તેથી દેશની સુરક્ષા માટે એર ડિફેન્સ પેકેજ અને મિસાઈલોની અત્યંત આવશ્યકતા છે. તેમણે વૈશ્વિક સમુદાય અને સહયોગી દેશો પાસે એર ડિફેન્સ સિસ્ટમની મદદ માંગણી કરી છે. એક તરફ રશિયાના હુમલાનો સામનો કરી રહેલા યુક્રેને પણ વળતો પ્રહાર કરતા રશિયાના અસ્ત્રાખન, સમરા અને પેરમ વિસ્તારમાં આવેલા બે મોટા ઓઈલ મથકો પર હુમલા કર્યા હતા. આ ઉપરાંત, યુક્રેને રશિયન શહેર સોચી પાસે બ્લેક સમુદ્ર (કાળા સમુદ્ર) માં એક રશિયન ઓઈલ ટેન્કરને પણ નિશાન બનાવીને નષ્ટ કરી દીધું હતું, જેના પુરાવા તરીકે સળગતા ટેન્કરની તસવીરો પણ જાહેર કરવામાં આવી છે. મૂળભૂત રીતે લાયબેરિયાથી રશિયા તરફ જઈ રહેલા આ ઓઈલ ટેન્કર પર હુમલો થયો ત્યારે તેમાં આશરે



૨૩ જેટલા ભારતીય ક્રૂ મેમ્બર્સ સવાર હતા. રાહતની વાત એ છે કે આ તમામ ૨૩ ભારતીય નાગરિકોને સમયસર રેસ્ક્યૂ કરીને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા છે. જોકે, યુક્રેનના આ દાવાઓ અંગે રશિયન સરકાર કે સેના તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપવામાં આવી નથી. બંને દેશો વચ્ચે વધી રહેલા આ ઘાતક હુમલાઓને કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે ચિંતાનો માહોલ છવાયો છે.

રશિયાએ યુક્રેન પર કબજો કરવાના ઈરાદાથી સાડા ચાર વર્ષ પહેલા શરૂ કરેલુ યુદ્ધ હાલ પણ યથાવત છે, યુક્રેન અને રશિયા બન્ને એકબીજા પર લાંબા અંતરવાળી મિસાઈલો અને ડ્રોનથી હુમલા કરી રહ્યા છે. યુક્રેનના ઉત્તરીય પ્રાંત કેરનીહીવમાં પ્રીલુકી વિસ્તારમાં આવેલા એક એપાર્ટમેન્ટ પર રશિયાએ હુમલો કર્યો હતો જેને કારણે આખી ઈમારત નાશ પામી હતી. આ હુમલામાં જ સૌથી વધુ નાગરિકો માર્યા ગયા હતા. યુક્રેનની રાજધાની કીવ સહિત અન્ય ત્રણ શહેરો સહિત કુલ ૧૨ જેટલા ક્ષેત્રોને નિશાન બનાવીને પણ હુમલા કરાયા હતા.

ઈરાનમાં યુદ્ધને કારણે હાલ યુક્રેન પાસે રશિયા જેવી મિસાઈલો નથી પહોંચી રહી, હાલ આ મિસાઈલોની અછત હોવાના અહેવાલો છે. યુક્રેનના વડાપ્રધાન ઝેલેન્સ્કીએ કહ્યું હતું કે રશિયાની મિસાઈલો અમારા માટે હાલ સૌથી મોટો પડકાર બની ગઈ છે. અમારા માટે હાલ એર ડિફેન્સ પેકેજ બહુ જ જરૂરી છે. ઝેલેન્સ્કીએ અન્ય દેશો પાસેથી એર ડિફેન્સ સિસ્ટમ મુદ્દે મદદ માગી હતી. ૭મી ઓક્ટોબરે રશિયાના પ્રમુખ વ્લાદીમીર પુતિનનો ૭૫મો જન્મ દિવસ હોવાથી યુક્રેન પર આ મિસાઈલો છોડવામાં આવી હોવાના પણ અહેવાલો છે. યુક્રેનને પહેલાથી જ અંદાજ હતો કે પુતિનના જન્મ દિવસ પર રશિયા જરૂર મોટા હુમલા કરશે. બીજી તરફ યુક્રેન દ્વારા પણ રશિયા પર બાદમાં વળતો હુમલો કરવામાં આવ્યો હતો.

## ટ્રમ્પ સરકાર H-1B વિઝા ફ્રોડની પેનલ્ટી વધારી 2.50 લાખ ડોલર કરશે

(એજન્સી) વોશિંગ્ટન । તા. 08

અમેરિકામાં H-1B વિઝાના નિયમોને વધુ કડક બનાવવા માટે ટ્રમ્પ તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. નવા પ્રસ્તાવિત બિલ અનુસાર, જો કોઈ કંપની H-1B વિઝા પ્રક્રિયામાં ફ્રોડ કે નિયમોનો ભંગ કરતી જણાશે, તો તેને ૨.૫૦ લાખ ડોલર સુધીનો મોટો દંડ અને સાથે જ ૧૦ વર્ષ સુધી આ પ્રોગ્રામમાંથી બાકાત (ડિબાર) રાખવાની સજા થઈ શકે છે. આ પ્રસ્તાવની સૌથી વધુ અને સીધી અસર ભારતીય પ્રોફેશનલ્સ તેમજ ટેકનોલોજી ક્ષેત્રની કંપનીઓ પર પડવાની પૂરી શક્યતા છે.

રિપ્રેઝન્ટેટિવ બેથ વાન ડુઈન સહિત અન્ય પાંચ રિપબ્લિકન પ્રતિનિધિઓ દ્વારા પહેલી ઓક્ટોબર ૨૦૨૬ના રોજ આ નવું બિલ રજૂ કરવામાં આવ્યું હતું. આ પ્રસ્તાવને હાલ હાઉસની જ્યુડિશિયરી સમિતિ સમક્ષ મોકલાવવામાં આવ્યો છે. મહત્ત્વની વાત એ છે કે આ પ્રસ્તાવ હજુ અમેરિકન કાયદો બન્યો નથી; કાયદો બનવા માટે તેને કોંગ્રેસ દ્વારા પસાર કરાવવો પડશે અને ત્યારબાદ રાષ્ટ્રપતિની સહી લેવી પડશે.

ગંભીર ગુનાઓ: H-1B વિઝા હેઠળ ગંભીર કેટેગરીના ગુના કે ફ્રોડ માટેનો દંડ ૩૫ હજાર ડોલરથી વધારીને સીધો ૨.૫૦ લાખ ડોલર કરી દેવામાં આવ્યો છે. આ સાથે કંપનીઓ માટે પ્રતિબંધનો સમયગાળો ૩ વર્ષથી વધારીને ૧૦ વર્ષ કરવામાં આવ્યો છે.

અન્ય કેટેગરીઓ: વિવિધ કેટેગરીઓ માટેનો દંડ ૫ હજાર ડોલરથી વધારીને ૧ લાખ ડોલર સુધી કરવામાં આવ્યો છે, જ્યારે પ્રોગ્રામમાંથી બાકાત રાખવાનો સમયગાળો ૨ વર્ષથી વધારીને ૫ વર્ષ કરાયો છે. નાની કેટેગરીઓ: અગાઉ જે કેટેગરીમાં ૨૫૦ થી ૨૦૦૦ ડોલરનો દંડ હતો, ત્યાં હવે ૧ હજારથી ૧૦ હજાર ડોલર સુધીનો દંડ વસૂલાશે.

## ફ્રાન્સના વૈજ્ઞાનિક હેનરી અને જાપાનના કેન્સોને કેમિસ્ટ્રીનો સંયુક્ત નોબેલ: 100 વર્ષ જૂના રહસ્યનું આવ્યું નિરાકરણ

(એજન્સી) નવી દિલ્હી । તા. 08

સ્વીડનની રોયલ એકેડમી દ્વારા વર્ષ ૨૦૨૬ના કેમિસ્ટ્રી (રસાયણ વિજ્ઞાન) ના નોબેલ પુરસ્કારની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. આ વર્ષે આ પ્રતિષ્ઠિત એવોર્ડ ફ્રાન્સના હેનરી બી. કાગન (Henri B. Kagan) અને જાપાનના કેન્સો સોઆઈ (Kenso Soai) ને સંયુક્ત રીતે આપવામાં આવ્યો છે. આ બંને વૈજ્ઞાનિકોએ રસાયણ વિજ્ઞાનના ૧૦૦ વર્ષ જૂના એક જટિલ રહસ્ય અને કોયડાનું સફળ નિરાકરણ શોધી કાઢ્યું છે, જેણે ભવિષ્યના વૈજ્ઞાનિક સંશોધનો માટે એક નવો રાહ ચીંધ્યો છે.

આપણા શરીરના લોહી, માંસ અને પ્રોટીન એક જ પ્રકારના અણુઓથી બનેલા હોય છે, જેને વૈજ્ઞાનિક ભાષામાં 'હોમોચિરેલિટી' કહેવામાં આવે છે. પ્રોટીનનું નિર્માણ કરતા અમીનો એસિડ નામના અણુઓ મુખ્યત્વે બે સ્વરૂપમાં હોય છે. જો કે, આપણા શરીરમાં સામાન્ય રીતે માત્ર એક જ



સ્વરૂપ જોવા મળે છે, જ્યારે બીજું સ્વરૂપ પ્રકૃતિમાં ખૂબ જ ઓછી માત્રામાં દેખાય છે. સમસ્યા એ હતી કે જ્યારે વૈજ્ઞાનિકો લેબોરેટરીમાં આ અણુઓ બનાવતા, ત્યારે બંને સ્વરૂપો સરખી માત્રામાં બની જતા હતા. ફાર્માસ્યુટિકલ ક્ષેત્ર માટે આ એક મોટી મુંઝવણ હતી કારણ કે દવાઓમાં માત્ર એક જ સ્વરૂપ અસરકારક સાબિત થાય છે, જ્યારે બીજું સ્વરૂપ બિનઉપયોગી કે નુકસાનકારક પણ હોઈ શકે છે.

આ દિશામાં વર્ષ ૧૯૮૬માં હેનરી કાગને પોતાના સંશોધન દ્વારા એક નવી પદ્ધતિ શોધી કાઢી હતી. તેમણે રાસાયણિક પ્રક્રિયાને એવી રીતે ડિઝાઈન કરી કે જેમાં એક સ્વરૂપ બીજા સ્વરૂપ કરતાં વધુ માત્રામાં બનવા લાગ્યું. અગાઉ વૈજ્ઞાનિકો એવું માનતા હતા કે બંને સ્વરૂપો હંમેશા સમાન પ્રમાણમાં જ બનશે, પરંતુ વૈજ્ઞાનિક કાગને સાબિત કરી બતાવ્યું કે એક નાની શરૂઆત પણ મોટું પરિવર્તન લાવી શકે છે.

નોબેલ સમિતિએ જણાવ્યું હતું કે હેનરી બી. કાગન અને કેન્સો સોઆઈની આ શોધથી દવાઓ, ફ્લેવર, સુગંધ અને નવી સામગ્રી (મટિરિયલ્સ) બનાવવા માટે રાસાયણિક પ્રક્રિયા વિકસાવતા વૈજ્ઞાનિકોનું કામ ખૂબ જ સરળ બની ગયું છે. હવે વૈજ્ઞાનિકો દવાઓ બનાવતી વખતે સચોટ અને યોગ્ય અણુની જ પસંદગી કરી શકશે. ખાસ કરીને કેન્સર, વિવિધ સંક્રમણો અને અન્ય જટિલ બીમારીઓ માટે અદ્યતન અને સુરક્ષિત દવાઓ તૈયાર કરવામાં આ સંશોધન અત્યંત ફાયદાકારક સાબિત થશે.

**ઓઈલ** | **'આરામકો' અને કુવૈત પેટ્રોલિયમ દ્વારા ગંભીર ચેતવણી**

# 'ઓઈલ ક્રાઈસિસ' સુધરવાને હજી બે વર્ષ લાગશે

(એજન્સી) કુવૈત/વૈશ્વિક બજાર । તા. 08

વૈશ્વિક અર્થતંત્ર માટે વધુ એક ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. કુવૈત પેટ્રોલિયમ કોર્પોરેશનના સી.ઈ.ઓ. શેખ નવાફ અલ સબાહે ગંભીર ચેતવણી ઉચ્ચારતા જણાવ્યું છે કે હાલ ચાલી રહેલી ઓઈલ ક્રાઈસિસ (તેલ કટોકટી) માંથી બહાર આવતા અને સ્થિતિ સુધરતા હજી ઓછામાં ઓછા બે વર્ષનો સમય લાગશે. આ સાથે તેમણે ખુલાસો કર્યો છે કે ગલ્ફ ક્ષેત્રમાં વ્યાપી રહેલી અશાંતિને કારણે કુવૈતનું રોજનું ક્રૂડ ઉત્પાદન ૨.૬ મિલિયન બેરલથી ઘટીને સીધું ૨ મિલિયન બેરલ થઈ ગયું છે.

કુવૈતના સીઈઓ દ્વારા આપવામાં આવેલી ચેતવણીને સમર્થન આપતા 'કોનોકો ફિલીપ્સ'ના ચેરમેન રીયાન લાન્સે જણાવ્યું છે કે આ કટોકટીમાંથી



રિકવરી મેળવવામાં અપેક્ષા કરતાં વધુ વર્ષો લાગી શકે છે. તેમના મતે આ સ્થિતિ માત્ર ૨૦૨૭ સુધી જ નહીં, પરંતુ ૨૦૨૯ સુધી યથાવત રહેવાની પૂરી સંભાવના છે. રીયાન લાન્સે એમ પણ જણાવ્યું છે ડબલ્યુટીઆઈ (WTI) ક્રૂડ, જે અત્યારે આશરે બેરલદીઠ ૬૫ ડોલરની આસપાસ છે, તે વધીને ૭૦ ડોલર અને સમય જતાં બેરલદીઠ ૧૦૦ ડોલર સુધી પહોંચી શકે છે.

વૈશ્વિક તેલ માર્કેટમાં 'સ્ટ્રેઈટ ઓફ હોર્મુઝ' ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, પરંતુ ત્યાંની અસ્થિર પરિસ્થિતિને કારણે તેલવાહક જહાજોની અવરજવર સતત ઘટી રહી છે. બીજી બાજુ, સાઉદી અરબસ્તાનના પૂર્વ બંદરોથી બહાર જતા તેલવાહક જહાજો પર હુથી વિદ્રોહીઓના હુમલાનો ભય પણ સતત તોળાઈ રહ્યો છે. રિફાઈનરીઓને થયેલા નુકસાન અને જહાજોની અછતના કારણે આગામી સમયમાં પેટ્રોલ અને ડીઝલની તીવ્ર અછત સર્જાઈ શકે છે. ઓઈલ માર્કેટના નિષ્ણાતો આ અચાનક વધતા ભાવ અને અછતને નિયંત્રિત કરવા માટે મથામણ કરી રહ્યા છે, પરંતુ આખી પરિસ્થિતિ જોતા એ સ્પષ્ટ છે આ વૈશ્વિક ઓઈલ ક્રાઈસિસ ટૂંક સમયમાં જ દુનિયાભરમાં ગંભીર આર્થિક કટોકટી (ઈકોનોમિક ક્રાઈસિસ) ઊભી કરી રહી છે.

## જીવનના રસાયણનું 100 વર્ષ જૂનું રહસ્ય ઉકેલાયું

(એજન્સી) સ્ટોકહોમ/નવી દિલ્હી । તા. 08

સ્વીડનની રોયલ એકેડેમી દ્વારા વર્ષ ૨૦૨૬ના રસાયણ વિજ્ઞાન (કેમિસ્ટ્રી) ના નોબેલ પુરસ્કારની જાહેરાત કરવામાં આવી છે. આ વર્ષે આ પ્રતિષ્ઠિત એવોર્ડ ફ્રાન્સના હેનરી બી. કાગન (Henri B. Kagan) અને જાપાનના કેન્સો સોઆઈ (Kenso Soai) ને સંયુક્ત રીતે એનાયત કરવામાં આવ્યો છે. આ બંને વૈજ્ઞાનિકોએ અણુઓના "હોમોચિરાલિટી" (Homochirality) ના ૧૦૦ વર્ષ જૂના અને જટિલ રહસ્યનો સફળ ઉકેલ શોધી કાઢ્યો છે, જેણે કુદરતી જીવનના મૂળભૂત રહસ્યો પર પ્રકાશ પાડવાની સાથે ફાર્માસ્યુટિકલ ક્ષેત્રમાં ક્રાંતિ સર્જી દીધી છે.

પ્રકૃતિમાં કેટલાક અણુઓ બે પ્રકારના હોય છે–એક ડાબા હાથ જેવા અને બીજા જમણા હાથ જેવા, જે અરીસામાં એકબીજા જેવા દેખાય છે. પરંતુ આશ્ચર્યજનક વાત એ છે કે આપણા શરીરની દરેક મુખ્ય વસ્તુ જેવી કે લોહી, માંસ અને પ્રોટીન માત્ર એક જ પ્રકારના અણુમાંથી બનેલા છે. વૈજ્ઞાનિક ભાષામાં આ સ્થિતિને 'હોમોચિરાલિટી' કહેવામાં આવે છે. પ્રોટીનનું નિર્માણ કરતા અમીનો એસિડ નામના અણુઓ બે સ્વરૂપમાં હોય છે, પરંતુ શરીરમાં માત્ર એક જ સ્વરૂપ જોવા મળે છે.

સમસ્યા એ હતી કે જ્યારે વૈજ્ઞાનિકો પ્રયોગશાળામાં આ અણુઓ બનાવતા, ત્યારે બંને સ્વરૂપો સરખા પ્રમાણમાં બનતા હતા. આના કારણે દવા બનાવનારાઓ હંમેશા પરેશાન રહેતા હતા કારણ કે દવામાં માત્ર એક જ સ્વરૂપ અસરકારક સાબિત થાય છે, જ્યારે બીજું સ્વરૂપ નકામું અથવા નુકસાનકારક હોઈ શકે છે. આ દિશામાં સૌથી પહેલી મોટી સફળતા ૧૯૮૬માં હેનરી કાગને મેળવી હતી.

# એક યાત્રાએ મને સેવા અને મોદી વિશે ઘણું શીખવ્યું

આ એક ઉભરતા પત્રકાર અને એક યુવા રાજકીય સંગઠનની વાર્તા છે જેમણે હમણાં જ એક નવી રાજકીય જવાબદારી સંભાળી હતી...એ 1987નું વર્ષ હતું. રાજીવ ગાંધી પ્રધાનમંત્રી હતા અને કોંગ્રેસ રાષ્ટ્રીય રાજકારણ પર પ્રભુત્વ ધરાવતી હતી, જ્યારે ભાજપ માત્ર 2 લોકસભા બેઠકો અને અચોક્કસ ભવિષ્ય સાથે એક નવું બળ બનીને ઉભરી રહ્યું હતું. આવા સમયે, 1987ની શરૂઆતમાં, ઈન્ડિયન એક્સપ્રેસ, અમદાવાદના મારા ચીફ રિપોર્ટર, વરિષ્ઠ પત્રકાર કિરીટભાઈ ભટ્ટે નવા નિમાયેલા ગુજરાત પ્રદેશ સંગઠન મંત્રી નરેન્દ્ર મોદીને મળવાની ઈચ્છા વ્યક્ત કરી. ત્યારબાદ અમે નરેન્દ્રભાઈને મળવા અમદાવાદ સ્થિત ભાજપના ખાનપુર કાર્યાલય ગયા. નરેન્દ્રભાઈ સાથે રાજકીય અને સામાજિક મુદ્દાઓ પર 30 મિનિટની વાતચીતે અમને ખૂબ પ્રભાવિત કર્યા. તેમને મળીને બહાર આવતી વખતે, ડાબેરી વિચારધારા તરફ ઝુકાવ હોવા છતાં મૂલ્ય-આધારિત પત્રકારત્વ માટે મારા આદર્શ સમાન રહેલા કિરિટભાઈએ મને કહ્યું, "મોદી ખૂબ આગળ વધશે. તેઓ અત્યંત એકાગ્ર, બુદ્ધિશાળી અને સંવેદનશીલ વ્યક્તિ છે, જેમને સામાજિક તેમજ રાજકીય મુદ્દાઓની સારી સમજ છે." 1987ના ઉત્તરાર્ધ સુધીમાં રાજકીય માહોલ બદલાઈ ગયો હતો. બોફોર્સ વિવાદથી રાજીવ ગાંધીને નુકસાન થયું હતું, જ્યારે ગુજરાતમાં અમરસિંહ ચૌધરી સરકાર જૂથબંધી, જ્ઞાતિના રાજકારણ અને વધતી જતી જાહેર અસંતોષનો સામનો કરી રહી હતી. આ બધાની વચ્ચે, ગુજરાત વર્ષોના સૌથી ભયાનક દુષ્કાળની ઝપેટમાં આવી ગયું; જેના કારણે લોકોને સ્થળાંતર કરવું પડ્યું, ટ્રેન દ્વારા પીવાનું પાણી પહોંચાડવું પડ્યું અને પશુચારાની તીવ્ર અછતને લીધે પશુઓના મોત થયા. દુષ્કાળનું વ્યાપક સ્વરૂપ ચોંકાવનારું હતું: રાજ્યના 19 જિલ્લાઓમાંથી 17 જિલ્લાઓ પ્રભાવિત થયા હતા, જેમાં કચ્છ, બનાસકાંઠા, મહેસાણા અને જામનગર સૌથી વધુ પ્રભાવિત થયા હતા. આશરે 2 કરોડ પશુધનને દુષ્કાળની અસરનો સામનો કરવો પડ્યો હતો. પંજાબ અને અન્ય જગ્યાએથી ઘાસચારો મંગાવવો પડ્યો હતો અને લગભગ 7 લાખ પશુઓને પશુ-શિબિરમાં રાખવામાં આવ્યા હતા. રાહત કામગીરીમાં આશરે 12 લાખ મજૂરોને રોજગારી આપવાનો હેતુ હતો. પરંતુ તેમની ચૂકવણી ક્યારેય સમયસર કરવામાં આવતી ન હતી, કેટલીકવાર ક્યારેય પૂરેપૂરી કરવામાં આવતી ન હતી. ઘણા મજૂરોને તો તેમના અધિકારોની ખબર પણ નહોતી! મુશ્કેલીમાં મૂકાયેલી રાજીવ ગાંધી સરકારે રાહત માટે આશરે રૂપિયા 65 કરોડ મંજૂર કર્યા હતા, પરંતુ આ મદદ દૂરના ગામડાઓ સુધી પહોંચી રહી છે કે નહીં તે અંગે સવાલો ઉઠી રહ્યા હતા. શાબ્દિક અને પ્રતીકાત્મક બંને અર્થમાં કહીએ તો, આ માત્ર કાગળ પરનું શાસન હતું. આવા સમયે નરેન્દ્ર મોદીને 'ન્યાય યાત્રા'નો વિચાર આવ્યો; આ યાત્રાએ 'સેવા' પ્રત્યેની પ્રતિબદ્ધતા વાસ્તવિક અમલીકરણ દ્વારા સાબિત કરી બતાવી. ન્યાય યાત્રાએ માનવતા-પ્રથમ અને સેવા-પ્રથમ સિદ્ધાંત સાથે ખૂબ જ મૂળભૂત પ્રશ્નોને સંબોધ્યા. પ્રથમ હતું 'ચકાસણી': રાહત કાર્યના સ્થળોએ કામ કરતા શ્રમિકોને સરકારી માર્ગદર્શિકા મુજબ વચન આપવામાં આવેલ વેતન અને સુવિધાઓ મળી રહી છે કે નહીં તેની સ્થળ પર જઈને તપાસ કરવી અને જ્યાં તે ન મળતી હોય તેની નોંધ લેવી. બીજું હતું 'જાગૃતિ': શ્રમિકો, ખેડૂતો અને આદિવાસી સમુદાયોને તેમના અધિકારો અને તેમના પ્રત્યે સરકારની જવાબદારીઓ વિશે માહિતગાર કરવા, જેથી તેઓ પોતે જ પોતાનો હક મેળવી શકે. ત્રીજું ન્યાય હતું: ભ્રષ્ટાચાર અને ખામીઓના પુરાવા એકત્રિત કરવા અને નિવારણ માટે રાજ્યના અધિકારીઓ સમક્ષ સત્તાવાર રીતે રજૂ કરવા. મોદીએ રાહત સહાયના હકદારોની વિગતોની ઝીણવટભરી નોંધ તૈયાર કરી અને કાર્યકરોને તાલીમ આપી કે તેઓ ગામડે-ગામડે જઈને સહાયની વહેંચણીની ચકાસણી કરે અને લોકોને વાસ્તવિક પરિસ્થિતિથી વાકેફ કરે. યાત્રામાં 4 રથ હતા, જેમાંના દરેક જૂની શૈલીના હૂડવાળી જીપ પર આધારિત હતા. આને મુવિંગ સ્ટેજ તરીકે સેવા આપવા માટે પડદાઓથી સજ્જ કરવામાં આવ્યા હતા. આ પણ મોદીની એક નવીન પહેલ હતી. તે કરકસરના દિવસોમાં, ભાજપના ગુજરાત યુનિટને મિની ટ્રક પરવડી શકે તેમ ન હતું અને તેથી મોદી અને તેમની ટીમે જીપોને રથમાં ફેરવી દીધી. 40-દિવસની આ યાત્રા ગુજરાતના 4 ખૂણાઓ - ગોધરા, પાલનપુર, જામનગર અને ભુજથી આયોજિત કરવામાં આવી હતી - જેનું નેતૃત્વ 4 અગ્રણી નેતાઓ: કેશુભાઈ પટેલ, શંકરસિંહ વાઘેલા, સુરેશભાઈ મહેતા, કાશીરામ રાણા/મકરંદ દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. આ યાત્રા 6 ડિસેમ્બરે આંબેડકરજીની પુણ્યતિથિથી શરૂ થઈ હતી અને 12 જાન્યુઆરી, 1988ના રોજ સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતિ પર પૂર્ણ થઈ હતી. 'યાત્રા' શબ્દ - જે તે સમયે દેશની



ઉદય માહુરકર

રાજકીય શબ્દાવલિમાં પ્રથમ વખત પ્રવેશી રહ્યો હતો અને જે શ્રી એલ.કે. અડવાણીની 1990ની સોમનાથ-અયોધ્યા યાત્રાની જેમ રાજકીય તથા સામાજિક સંદેશાના પ્રસાર માટે એક મહત્વપૂર્ણ માધ્યમ બનવાનો હતો - તે શબ્દ મોદી દ્વારા સર્જનાત્મક રીતે પ્રચલિત કરવામાં આવ્યો હતો. 'યાત્રા'નો મુખ્ય અર્થ તીર્થયાત્રા થાય છે; તેથી, ભારતીય સંદર્ભમાં આ શબ્દ પવિત્રતાનો ભાવ ધરાવતો હતો. અહીં જ નવીન વિચારસરણી અને 'સેવા' પ્રત્યેની પ્રતિબદ્ધતા મહત્વની ભૂમિકા ભજવે છે. 'રથ' એવા રાહત કેન્દ્રો પર પહોંચ્યા જ્યાં એક જ સ્થળે 500 થી 1,000 લોકો એકત્રિત થયા હતા. ત્યાં, નેતાઓએ દુષ્કાળની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને લોકોને તેમના અધિકારો વિશે માહિતગાર કર્યા; જેમ કે મફત પાણીની સુવિધા, બાળકો સાથે હોય તો છાંયડાવાળી આશ્રય-વ્યવસ્થા અને અન્ય આવશ્યક સુવિધાઓ. આનાથી તત્કાલીન કોંગ્રેસ સરકાર વિરોધી વાતાવરણ સર્જાયું અને જનતાની સહાનુભૂતિ પ્રાપ્ત થઈ. યાત્રાએ સીધી રાહત પહોંચાડી. કાર્યકરોએ રાહત સ્થળો પર સુખડી (ગોળ, ઘઉંનો લોટ અને ઘીની લાંબા સમય સુધી ચાલતી મીઠાઈ), સીંગદાણા, ચણા અને ગોળ વહેંચ્યા, જેથી કાળઝાળ ગરમીમાં સખત શારીરિક મજૂરી કરતા મજૂરો ભૂખ્યા ન રહે. સેવાની આ નાની પ્રવૃત્તિએ પીડિતોને વિશ્વાસ અપાવવામાં ઘણો મોટો ભાગ ભજવ્યો. યાત્રા દરમિયાન નરેન્દ્ર મોદી પશુઓની સ્થિતિ અંગે ચિંતિત હતા. તેમણે ભાજપના 'બૈલબારા' (પશુઓ માટેના આશ્રયસ્થાન) ની વ્યવસ્થા કરવા માટે પ્રોત્સાહિત કર્યા. ખેડૂતો દુષ્કાળ દરમિયાન તેમના બળદોને ત્યાં છોડી દેતા અને કટોકટી પૂરી થયા પછી, તેઓ દાવો કરીને પરત મેળવતા અને ખેતી ફરી શરૂ કરતા. આ ફરી એકવાર સેવાનું ઉત્તમ ઉદાહરણ હતું. પ્રાણીઓ પ્રત્યેની આ કાળજી મોદીના જીવનનો એક સતત ભાગ રહી છે. જ્યારે તેઓ ગુજરાતના મુખ્યમંત્રી બન્યા, ત્યારે તેઓ નિયમિતપણે પશુ આરોગ્ય કેમ્પ યોજતા હતા જ્યાં ગાયો અને ભેંસોની આંખના મોતિયાની સારવાર પણ કરવામાં આવતી હતી. આ યાત્રાએ જમીન પર ત્વરિત જોડાણ સ્થાપિત કર્યું. મેં આમાંથી ઘણી બધી સભાઓ કવર કરી છે. ગ્રામીણ વિસ્તારો અને આદિવાસી વિસ્તારોના લોકો યાત્રા સાથે ખૂબ જોડાયા. આ સત્રોએ વારંવાર એ જ પેટર્ન દર્શાવી: વેતન મજૂર સુધી પહોંચે તે પહેલાં રોકી દેવામાં આવતું હતું અથવા ઘટાડવામાં આવતું હતું. ભાજપના કાર્યકરોએ આ ફરિયાદો પદ્ધતિસર નોંધાવી. કામદારોને તેઓને મળેલા વેતનનો રેકોર્ડ રાખવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા, જે સહી કરેલા અથવા અંગૂઠાના નિશાન વાળા હતા. ગામના સરપંચોએ લેખિત નિવેદનો આપ્યા જ્યાં કામદારોને ઓછું વેતન ચૂકવવામાં આવતું હતું. સરકારની નિષ્ફળતા અંગેના તારણોને પત્રકાર પરિષદો અને આવેદનપત્રો દ્વારા વ્યાપકપણે રજૂ કરવામાં આવ્યા, જેનાથી સરકાર અને તેના તંત્ર પર દબાણ ઊભું થયું.. યાત્રાના કારણે કામદારોએ પોતાના હકનો દાવો કરવાનું શરૂ કર્યું. તેઓ શેના માટે હકદાર છે તે જાણ્યા પછી, મજૂરોએ કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓને તેમના વેતન વિશે પ્રશ્નો પૂછવાનું શરૂ કર્યું. આનાથી કોન્ટ્રાક્ટરો અને વહીવટીતંત્ર પર તેમને યોગ્ય રીતે ચૂકવણી કરવાનું દબાણ આવ્યું. અમરસિંહ સરકારને પગલાં લેવા મજબૂર થવું પડ્યું. ગરીબો વતી સતત હિમાયત કરવાથી તત્કાલીન સરકાર પર વધુ વ્યાપક રાહત આપવા દબાણ આવ્યું. યાત્રાના કારણે ભાજપને ગ્રામીણ આધાર મળ્યો. પાર્ટીને મુખ્યત્વે શહેરી મધ્યમ વર્ગની પાર્ટી તરીકે જોવામાં આવતી હતી, પરંતુ ધીમે ધીમે તેણે મજૂરો, ખેડૂતો અને આદિવાસી સમુદાયો વચ્ચે સમર્થન મેળવ્યું. તે પાર્ટીમાં ટી સંખ્યામાં નવા કાર્યકરો પણ જોડાયા. પરંતુ સૌથી મહત્વની વાત એ હતી કે મોદીના સેવા-આધારિત મૉડેલે ભાજપ અને લોકો વચ્ચે એક ભાવાત્મક બંધન બનાવ્યું. તેથી નવાઈ નથી કે 1989થી, જ્યારે નરેન્દ્ર મોદીએ સંગઠનાત્મક જવાબદારી, ત્યારબાદ રાજ્યમાં વહીવટી જવાબદારી અને બાદમાં પ્રધાનમંત્રી તરીકેની જવાબદારી સંભાળી, ત્યારથી ભાજપ પાર્ટી એક પણ લોકસભા કે વિધાનસભા ચૂંટણી હારી નથી. આમ, ન્યાય યાત્રા વાસ્તવમાં રાજકીય માધ્યમ કે જાહેર જીવન દ્વારા લોકોની સેવા અથવા સેવા પર આધારિત મોદીની રાજકીય-સામાજિક વિચારસરણીની એક રૂપરેખા હતી. તેણે સુનિશ્ચિત કર્યું કે સરકારી લાભો ઈચ્છિત લાભાર્થીઓ સુધી સંપૂર્ણપણે પહોંચે, જાહેર નાણાંની હેરફેર કરતા વચેટિયાઓને દૂર કર્યા અને નાગરિકોને તેમના હકો પ્રત્યે જાગૃત કર્યા. સરકારનું નેતૃત્વ કરેલા તેમના 25 વર્ષ દરમિયાન 'સેવા' તેમની કાર્યશૈલીનો અભિન્ન હિસ્સો રહી છે. આ બાબત એ પણ દર્શાવે છે કે મોદી શા માટે સફળ રહ્યા છે–કારણ કે 'સેવા'થી વધુ લોકોને જોડનાર બીજું કંઈ નથી!

## રાહુલ ગાંધી-પ્રિયંકા ગાંધી પર ફરી FIR

# પોલીસ સાથે ધક્કા-મુક્કી અને ડ્યુટીમાં વિઘ્ન ઊભું કરવાનો આરોપ

(એજન્સી) નવી દિલ્હી | તા.08

દિલ્હી પોલીસે કોંગ્રેસના વિરોધ પ્રદર્શનમાં પોલીસકર્મીઓ સાથે મારપીટ અને સરકારી કામમાં અડચણ બદલ રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી વાડ્રા સહિત અનેક કોંગ્રેસ નેતાઓ વિરુદ્ધ FIR દાખલ કરી છે. બુધવારે INDIA બ્લોકના નેજા હેઠળ આયોજિત પ્રદર્શનમાં 91 લોકોની અટકાયત કરાઈ હતી. પોલીસે વીડિયો ફૂટેજ અને પુરાવાના આધારે તપાસ શરૂ કરી છે. દિલ્હી પોલીસ દ્વારા બુધવારે કોંગ્રેસના વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસકર્મીઓ



સાથે કથિત મારપીટ કરવા અને સરકારી કામમાં અડચણ ઊભી કરવાના ગંભીર આક્ષેપ હેઠળ રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા સહિત અનેક કોંગ્રેસ નેતાઓ અને કાર્યકરો વિરુદ્ધ FIR દાખલ કરવામાં આવી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, આ કેસમાં પ્રદર્શન દરમિયાન બનેલી ઘટનાઓની તપાસ શરૂ કરવામાં આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર, બુધવારે યોજાયેલા વિરોધ પ્રદર્શનમાં રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા ઉપરાંત અનેક કોંગ્રેસ નેતાઓ અને કાર્યકરોએ ભાગ લીધો હતો. આ દરમિયાન પોલીસકર્મીઓ સાથે કથિત રીતે ધક્કામુક્કી અને સરકારી કામમાં અડચણ ઊભી કરવાની ઘટનાઓ સામે આવી હતી. હાલ પોલીસ વિરોધ પ્રદર્શન દરમિયાન વીડિયો ફૂટેજ અને અન્ય પુરાવાઓના આધારે કોની કઈ ભૂમિકા રહી હતી તેની સઘન તપાસ કરી રહી છે. આ વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ રાહુલ ગાંધીએ INDIA બ્લૉકના અન્ય નેતાઓ સાથે મળીને રસ્તા પર કર્યું હતું. પ્રદર્શન ઉગ્ર બનતા પોલીસે સુરક્ષા વ્યવસ્થાના ભાગરૂપે અને સંસદો અને નેતાઓ સહિત કુલ 91 લોકોની અટકાયત કરી હતી. હાલ દિલ્હી પોલીસ એફઆઈઆર નોંધ્યા બાદ કાયદાકીય કાર્યવાહી અને આગળની તપાસની પ્રક્રિયા હાથ ધરી રહી છે.

# નિયમોનું પાલન કરતી મસ્જિદમાં સ્પીકર પર અઝાન ના રોકી શકાય

સહારનપુર : અલ્લાહાબાદ હાઈકોર્ટે સહારનપુર પોલીસ અને જિલ્લા પ્રશાસનને કહ્યું હતું કે જો મસ્જિદો ધ્વની પ્રદૂષણના નિયમોનું પાલન કરતી હોય તો તેની પાંચ વખતી નમાઝ પઢવામાં કોઈ પણ પ્રકારની ખલેલ ના પહોંચાડવામાં આવે. અઝાન પઢવી તે અરજદાર મસ્જિદ સંચાલકોનો અધિકાર છે.

આ સમગ્ર મામલો ઉત્તર પ્રદેશના સહારનપુર જિલ્લાના પથેડ ગામમાં આવેલી આયેષા મસ્જિદ સાથે જોડાયેલો છે. મસ્જિદ સંચાલકોએ હાઈકોર્ટમાં કરેલી અરજીમાં એવી દલીલ કરી હતી કે અઝાન માટે પોલીસ અને જિલ્લા પ્રશાસન લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાની ના પાડે છે. જ્યારે કોર્ટના આદેશમાં લાઉડ સ્પીકરનો નિયમોનું પાલન કરીને ઉપયોગ કરવાની છૂટ અપાયેલી છે.જ્યારે રાજ્ય સરકારે એવી દલીલ કરી હતી કે લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાની કોઈએ ના નથી પાડી, માત્ર ધ્વની પ્રદૂષણના કાયદાનું પાલન કરવાનું કહેવામાં આવ્યું હતું. જેમાં એક લિમિટ સુધીના અવાજની જ મંજૂરી અપાયેલી હોય છે. દલીલો સાંભળ્યા બાદ હાઈકોર્ટના જજ અજીત કુમાર અને ગરીમા પ્રસાદે પોતાના આદેશમાં કહ્યું હતું કે અરજદારો ધ્વની પ્રદૂષણના નિયમોનું પાલન કરશે તેવુ સોગંદનામુ રજુ કરશે. જો આ નિયમોનું લાન ના થાય તો પોલીસ પ્રશાસન નિયમો મુજબ કાર્યવાહી કરવા સ્વતંત્ર છે. હાલ હાઈકોર્ટે લાઉડ સ્પીકરની છૂટ આપી દીધી છે.

# ૮૧મી ઓલ ઈન્ડિયા ઇન્ટર-રેલ્વે ફૂટબોલ ચેમ્પિયનશિપ ૨૦૨૬ પાંડુમાં પૂર્ણ થઈ, CLW ચેમ્પિયન બન્યું, NR રનર્સ-અપ બન્યું

માલીગાંવ | નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે સ્પોર્ટ્સ એસોસિએશન (NFRSA) દ્વારા આયોજિત ૮૧મી ઓલ ઈન્ડિયા ઈન્ટર-રેલ્વે ફૂટબોલ ચેમ્પિયનશિપ ૨૦૨૬ ના નોકઆઉટ તબક્કાનું ઉદ્ઘાટન ૩ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ પાંડુના NFRSA ફૂટબોલ સ્ટેડિયમ ખાતે થયું. ચેમ્પિયનશિપ ૭ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ ચિત્તરંજન લોકોમોટિવ વર્ક્સ (CLW) અને નોર્ધન રેલ્વે (NR) વચ્ચે રોમાંચક ફાઈનલ સાથે પૂર્ણ થઈ. CLW એ ચેમ્પિયનશિપ ટાઈટલ જીત્યું, જ્યારે NR રનર્સ-અપ રહ્યું.આઠ રેલ્વે ટીમોએ ચેમ્પિયનશિપમાં ભાગ લીધો, ચેન્નાઈ




અને જબલપુરમાં યોજાયેલી લીગ તબક્કામાંથી સફળતાપૂર્વક આગળ વધીને નોકઆઉટ તબક્કા માટે ક્વોલિફાય કર્યું. આઠ ક્વોલિફાઈંગ ટીમોમાં નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે (NFR), નોર્ધન રેલ્વે (NR), રેલ કોચ ફેક્ટરી (RCF), વેસ્ટ સેન્ટ્રલ રેલ્વે (WCR), સધર્ન રેલ્વે (SR), ચિત્તરંજન લોકોમોટિવ વર્ક્સ (CLW), સેન્ટ્રલ રેલ્વે (CR) અને નોર્થઈસ્ટ રેલ્વે (NER)નો સમાવેશ થાય છે. ફાઈનલ મેચમાં, ચિત્તરંજન લોકોમોટિવ વર્ક્સ (CLW) એ ચેમ્પિયનશિપનો ખિતાબ જીત્યો. નોર્ધન રેલ્વે (NR) રનર્સ-અપ રહ્યું, જ્યારે નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે (NFR), NFR ફૂટબોલ સેક્રેટરી અને કોચ

## NFRએ બ્રોન્ઝ મેડલ જીત્યો

શ્રી રંજન દેબબર્માના માર્ગદર્શન હેઠળ, ત્રીજું સ્થાન મેળવ્યું અને બ્રોન્ઝ મેડલ જીત્યો.ફાઈનલ મેચ અને ઈનામ વિતરણ સમારોહ ચિત્તરંજન લોકોમોટિવ વર્ક્સના જનરલ મેનેજર શ્રી મોહિત ચંદ્રા, નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વેના એડિશનલ જનરલ મેનેજર શ્રી રમેશ કુમાર, NFRSAના જનરલ સેક્રેટરી અને PCMM (બાંધકામ), શ્રી નવીન કુમાર સિંહ અને મુખ્યાલયના અન્ય વરિષ્ઠ રેલ્વે અધિકારીઓની હાજરીમાં યોજાયો હતો. મહાનુભાવોએ તમામ ભાગ લેનાર ટીમો, ખેલાડીઓ અને અધિકારીઓની ઉત્સાહી ભાગીદારી, રમતગમત, સ્પર્ધાત્મક પ્રદર્શન અને શિસ્ત બદલ પ્રશંસા કરી અને આભાર માન્યો, જેના કારણે આ ચેમ્પિયનશિપ સફળ બની.3 ઓક્ટોબરથી 7 ઓક્ટોબર, 2026 દરમિયાન યોજાયેલી નોકઆઉટ સ્ટેજ, રેલ્વે ફૂટબોલ ટીમોને રાષ્ટ્રીય સ્તરે તેમની પ્રતિભા અને સ્પર્ધાત્મક શ્રેષ્ઠતા દર્શાવવા માટે એક ઉત્તમ પ્લેટફોર્મ પૂરું પાડ્યું. માલીગાંવમાં આયોજિત, ચેમ્પિયનશિપે રેલ્વે કર્મચારીઓમાં રમતગમતને પ્રોત્સાહન આપવા અને રમતગમતની પ્રતિભાને ઉછેરવામાં નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વે સ્પોર્ટ્સ એસોસિએશનની સક્રિય ભૂમિકા પર પ્રકાશ પાડ્યો.

## મણિપુરના દાવા અને વાસ્તવિકતા

# મણિપુરમાં ઉગ્રવાદીઓ દ્વારા સ્ટારલિંકના ઉપયોગનો દાવો: ઈલોન મસ્કે કહ્યું- ભારતમાં સિગ્નલ જ બંધ છે!

(એજન્સી) નવી દિલ્હી | તા.08

સ્પેસએક્સના પ્રમુખ એલન મસ્કે ભારતમાં ઉગ્રવાદી જૂથો દ્વારા સ્ટારલિંકના ઉપયોગને લઈને કરવામાં આવેલા દાવાઓને સંપૂર્ણપણે ફગાવી દીધા છે. મસ્કે સ્પષ્ટ કર્યું છે કે ભારતના ઉપર સ્ટારલિંકના ઉપગ્રહો બંધ છે. જેથી આ દાવો તદ્દન ખોટો છે કે દેશમાં ક્યાંય પણ સ્ટારલિંકનો ઉપયોગ થયો છે. સોશિયલ મીડિયા પર એક પોસ્ટના જવાબમાં તેમણે આ સ્પષ્ટતા કરી હતી, જે એવા સમયે સામે આવી છે જ્યારે કંપની ભારતમાં પોતાની વ્યાપારી સેવાઓ શરૂ કરવાની તૈયારી કરી રહી છે.ઈતિહાસ વાંચો

તાજેતરમાં સોશિયલ મીડિયા પર દાવો કરવામાં આવ્યો હતો કે સુરક્ષા બળોએ મ્યાનમાર સરહદ પાસે મણિપુરમાં સક્રિય ઉગ્રવાદી જૂથો પાસેથી સ્ટારલિંક ઉપકરણો જપ્ત કર્યા છે. આ દાવા સામે સવાલ ઉઠાવતા એક સોશિયલ મીડિયા યુઝરે જણાવ્યું હતું કે જ્યારે ભારતીય ક્ષેત્ર ઉપર સ્ટારલિંકના સિગ્નલ જ બંધ છે, ત્યારે ઉપકરણોનું જોડાણ અશક્ય છે. એલન મસ્કે આ વાતનું સમર્થન કરતા ઉપરોક્ત અહેવાલોને નકારી કાઢ્યા છે. ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ દરમિયાન સ્ટારલિંકના બિઝનેસ ઓપરેશન્સના વાઈસ પ્રેસિડેન્ટ લોરેન ડ્રેયરે જણાવ્યું હતું કે કંપનીએ ભારતીય સુરક્ષા જરૂરિયાતો અને નિયમોને ધ્યાનમાં રાખીને સંપૂર્ણ વ્યવસ્થા કરી છે. કંપનીએ દેશમાં 20 પ્રવેશ કેન્દ્રો સ્થાપ્યા છે અને સેંકડો એન્ટેના લગાવ્યા છે. આ ઉપરાંત ભારતીય ગ્રાહકોનો ડેટા ભારતમાં જ સુરક્ષિત રાખવાની વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે. કંપની છેલ્લા 5 વર્ષથી ભારતીય નિયમનકારો અને ટેલિકોમ ઉદ્યોગ સાથે મળીને કામ કરી રહી છે.

## અમે અઢી કરોડ છીએ... ચૂંટણી કમિશનરના રાજીનામાની આ લડાઈ લાંબી ચાલી શકે છે

# CJP આંદોલન પહેલા યુપી-બંગાળમાં અનેકની અટકાયતનો દાવો, પાર્ટીએ કહ્યું- કેટલાને પકડશો?



(એજન્સી) નવી દિલ્હી | તા.08

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે દિલ્હીના જંતર-મંતર પર આગામી 10 ઓક્ટોબરે યોજાનાર વિરોધ પ્રદર્શન પહેલાં રાજકારણ ગરમાયું છે. કોકરોચ જનતા પાર્ટી (CJP) દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર અને પશ્ચિમ બંગાળ જેવા રાજ્યોમાં તેમના હજારો સ્વયંસેવકો અને કાર્યકર્તાઓને પોલીસ દ્વારા કસ્ટડીમાં લેવામાં આવી રહ્યા છે. CJPના સહ-સંયોજક આશુતોષ રાંકાએ પોલીસ કાર્યવાહી સામે આક્રમક વલણ અપનાવતા જણાવ્યું હતું કે પોલીસ કેટલા લોકોને અરેસ્ટ કરશે, કારણ કે દેશમાં 2.5 કરોડ કોકરોચ છે. દિલ્હીમાં યોજાનાર આ પ્રદર્શન અગાઉ ગુરુવારે બેંગલુરુમાં પણ એક વિરોધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આશુતોષ રાંકાએ સોશિયલ મીડિયા પર વીડિયો શેર કરીને દાવો કર્યો છે કે મહારાષ્ટ્ર, યુપી અને બંગાળમાં જે વોલન્ટિયર્સ 10 ઓક્ટોબરના પ્રોટેસ્ટમાં જોડાવાની તૈયારી કરી રહ્યા હતા, તેમની અટકાયત કરવામાં આવી છે. તેમણે કોલકાતાની એક ઘટનાનો ઉલ્લેખ કરતા દાવો કર્યો કે અબ્દુલ અને તેની ટીમને સાદા કપડામાં આવેલા લોકોએ ઉઠાવી લીધા છે અને અજ્ઞાત સ્થળે લઈ ગયા છે.સીજેપી નેતાએ વ્યંગ કરતા કહ્યું કે આ રાજ્યો હવે સંપૂર્ણપણે અપરાધ મુક્ત થઈ ગયા હોય તેમ પોલીસ શાંતિપૂર્ણ પ્રદર્શન કરનારાઓને પકડવામાં વ્યસ્ત છે. આંદોલન સાથે જોડાયેલા અન્ય નેતા સૌરભ દાસે પણ અગાઉ આશંકા વ્યક્ત કરી હતી કે 10 ઓક્ટોબર પહેલા પોલીસ તેમને અને અન્ય નેતાઓને કસ્ટડીમાં લઈ શકે છે. સૌરભ દાસે સ્પષ્ટ કર્યું છે કે ચૂંટણી કમિશનરના રાજીનામાની આ લડાઈ લાંબી ચાલી શકે છે અને આપણામાંથી ભલે ગમે તેટલા લોકોને કસ્ટડીમાં લેવામાં આવે, પરંતુ જો મતદાન કરવાનો અધિકાર સુરક્ષિત રાખવો હશે તો આ ભ્રષ્ટ સિસ્ટમ સામેની લડાઈ ચાલુ જ રાખવી પડશે. પોલીસ પણ કેટલા લોકોને કસ્ટડીમાં લેશે આ દેશમાં અઢી કરોડ કોકરોચ છે.

## પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો

# પંજાબમાં સો. મીડિયા ઈન્ફ્લ્યુએન્સર મેડ સંધુની હત્યાના કેસનો આરોપી અમદાવાદમાં ઝડપાયો

અમૃતસર : પંજાબના અમૃતસરમાં 3 ઓક્ટોબરના રોજ સોશિયલ મીડિયા ઈન્ફ્લ્યુએન્સર મેડ સંધુની કરાયેલી હત્યા કેસમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા મળી છે. અમૃતસરમાં ઘટનાને અંજામ આપીને અમદાવાદ નાસી આવેલા મુખ્ય આરોપી પરમિંદર કાકા ઉર્ફે પરમિંદર પ્રસાદને ક્રાઈમ બ્રાન્ચે બાતમીના આધારે ઝડપી લીધો છે.હત્યા બાદ વિદેશમાં બેઠેલી ગેંગ સાથે સંકળાયેલા ગોલ્ડી ધિલ્લોનના નામે સોશિયલ મીડિયા પર આ હત્યાકાંડની જવાબદારી સ્વીકારવામાં આવી હતી.3 ઓક્ટોબર, 2026ના રોજ સાંજે આશરે 6:00 વાગ્યે પંજાબના અમૃતસર સ્થિત લોહારકા રોડ પર આ સનસનાટીભરી ઘટના બની હતી. જાણીતા મેકઅપ આર્ટિસ્ટ, ફેશન ડિઝાઈનર અને સોશિયલ મીડિયા ઈન્ફ્લ્યુએન્સર મેડ સંધુ ઉર્ફે મધુસૂદન સંધુ પોતાની કાર વૉશિંગમાં આપીને બહાર રાહ જોઈ રહ્યા હતા. તે સમયે બાઈક પર 2 અજાણ્યા શખસો આવ્યા હતા અને મેડ સંધુની અત્યંત નજીક જઈને 2થી 3 રાઉન્ડ ધડાધડ ગોળીબાર કર્યો હતો. ગોળી વાગતા ગંભીર રીતે ઘવાયેલા સંધુને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવાયા હતા, પરંતુ રસ્તામાં જ તેમણે દમ તોડી દીધો હતો.આ હત્યાકાંડ અંગે અમૃતસરના કેન્ટોનમેન્ટ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ફાયરિંગ કર્યા બાદ બંને હત્યારાઓ સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. તપાસ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે છટકું ગોઠવીને મુખ્ય આરોપી પરમિંદર કાકા ઉર્ફે પરમિંદર પ્રસાદને ઝડપી લીધો હતો. પોલીસ તપાસ અનુસાર, પરમિંદરે જ મેડ સંધુ પર સીધું ફાયરિંગ કર્યું હતું. હત્યાના ગુનામાં ઉપયોગમાં લેવાયેલી બાઈક પર તે શૂટર તરીકે હાજર હતો. ઘટના બાદ તે પોલીસથી બચવા સીધો પંજાબથી નાસીને અમદાવાદ આવી ગયો હતો અને અહીં ભૂગર્ભમાં રહેતો હતો.હાલ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા પરમિંદરની કડક પૂછપરછ કરવામાં આવી રહી છે. તેની પાસેથી હથિયારો અને સ્થાનિક સંપર્કો અંગેની વિગતો મેળવ્યા બાદ કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કરીને તેને પંજાબ પોલીસને સોંપવામાં આવશે.

## કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ભારે પોલીસ બંદોબસ્ત

# લોકતંત્રની મજાક બનાવી રહ્યું છે, ભાજપના કોંગ્રેસ પર આકરા પ્રહાર

(એજન્સી) નવી દિલ્હી | તા.08

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને SIR વિરુદ્ધ દેશભરમાં વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. કોંગ્રેસ પાર્ટીએ ગુરુવારે (8 ઓક્ટોબર) દેશવ્યાપી વિરોધ પ્રદર્શનનું આહ્વાન કર્યું છે. પાર્ટીનો આરોપ છે કે ભાજપના નેતૃત્વ હેઠળની સરકાર હેઠળ લોકશાહી સંસ્થાઓ અને બંધારણીય મૂલ્યો પર હુમલો થઈ રહ્યો છે. જોકે, આ વચ્ચે હવે બીજેપીએ કોંગ્રેસ પર આકરા પ્રહાર કર્યા છે. બીજેપીએ કોંગ્રેસ પર આકરા પ્રહાર કરતા કહ્યું કે, દેશ રાહુલ ગાંધીની મનમાની જોઈ રહ્યો છે. રાહુલ ગાંધી દેશમાં અરાજકતા ફેલાવી રહ્યા છે. મળતી માહિતી અનુસાર ભારત ગઠબંધનના વિરોધ પ્રદર્શન દરમિયાન કોંગ્રેસના કાર્યકરોએ એક યુવાનને માર માર્યો હતો. એવું કહેવામાં આવી રહ્યું છે કે તે યુવાન પીએમ મોદીના સમર્થનમાં સૂત્રોચ્ચાર કરી રહ્યો હતો, ત્યારબાદ કેટલાક કોંગ્રેસના કાર્યકરોએ તેને માર માર્યો હતો. યુવકનો એક વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં તે રડતો



જોવા મળી રહ્યો છે. યુવકનું કહેવું છે કે ભારતને નેપાળ અને બાંગ્લાદેશ બનાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. નોંધનીય છે કે, મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગણી સાથે દિલ્હીમાં ચાલી રહેલા ઈન્ડિયા એલાયન્સના વિરોધ પ્રદર્શન આજે ત્રીજા દિવસમાં પ્રવેશી ગયા છે. કોંગ્રેસના વડા ખડગેએ વિપક્ષના સાંસદોને લંચ માટે આમંત્રણ આપ્યું છે. ત્યાં એસી બસો ઉપલબ્ધ છે. ચર્ચા થઈ રહી છે કે લંચ પછી, ઈન્ડિયા એલાયન્સના સાંસદો બસમાં ચઢીને રાજઘાટ જશે. વિરોધ પ્રદર્શન દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

# કોંગ્રેસ કાર્યકર્તાઓએ કાશ્મીરી વ્યક્તિને માર્યો ઢોર માર!

(એજન્સી) નવી દિલ્હી | તા.08

ચૂંટણી પંચ વિરુદ્ધ ચાલી રહેલા વિરોધ પ્રદર્શનો વચ્ચે દિલ્હીમાં ઈન્ડિયા બ્લોકના નેતાઓના ભોજન સમારંભ પહેલા હોબાળો મચી ગયો. કોંગ્રેસના કાર્યકરોએ એક કાશ્મીરી યુવાન પર હુમલો કર્યો.દિલ્હીમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે ભારત ગઠબંધન અને કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન ચાલુ છે. બુધવારે રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી સહિત અનેક વિપક્ષી નેતાઓ રસ્તા પર ઉતરી આવ્યા હતા. ગુરુવારે દિલ્હીમાં પણ કોંગ્રેસના વિરોધ પ્રદર્શન ચાલુ હતા. આ દરમિયાન એક યુવક પર કથિત હુમલો કરવાનો મામલો સામે આવ્યો છે. એવું જાણવા મળ્યું છે કે પ્રદર્શનકારીઓમાં યુવકે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રશંસા કરી હતી. આ પછી, કેટલાક કોંગ્રેસના કાર્યકરોએ તેના પર હુમલો કર્યો. આ યુવક કાશ્મીરનો હોવાનું કહેવાય છે.એવું કહેવાય છે કે વિરોધ પ્રદર્શન દરમિયાન, યુવકે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સમર્થનમાં વાત કરી હતી. આ સાંભળીને ત્યાં હાજર કેટલાક કોંગ્રેસ કાર્યકરો ગુસ્સે થઈ ગયા. આ પછી, યુવક પર કથિત રીતે હુમલો કરવામાં આવ્યો હતો. આ ઘટનાનો એક વીડિયો પણ સામે આવ્યો છે. યુવકની ઓળખ કાશ્મીરના ફહીમ નઝર તરીકે થઈ છે. આ મામલે કોંગ્રેસના કાર્યકરોના વર્તન પર પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે.ઘટના બાદ ફહીમ નઝીરે પોતાનો પક્ષ રજૂ કર્યો. તેમણે કહ્યું, "હું કાશ્મીરનો છું. હું નરેન્દ્ર મોદીનો ચાહક છું. જ્યારે વિપક્ષ જીતે છે ત્યારે EVM ખરાબ થતા નથી. મેં રાહુલ ગાંધીને ગાળો આપી નથી, છતાં મને માર મારવામાં આવ્યો હતો. મેં મારો અવાજ ઉઠાવ્યો. હું નથી ઈચ્છતો કે દેશ નેપાળ અને બાંગ્લાદેશ જેવો બને." ફહીમના મતે તેમણે વિરોધ પ્રદર્શન દરમિયાન અવાજ ઉઠાવ્યો, ત્યારબાદ તેમના પર હુમલો કરવામાં આવ્યો.

ફોર્મ નં. INC-26

[કંપનીઝ (ઈનકોર્પોરેશન) રૂલ્સ, ૨૦૧૪ ના નિયમ 30 અનુસાર]

પ્રાદેશિક નિયામક (ઉત્તર પશ્ચિમ ક્ષેત્ર), અમદાવાદ સમક્ષ

કંપનીઝ એક્ટ, ૨૦૧૩ ની કલમ ૧૩ ની પેટા-કલમ (૪) અને કંપનીઝ (ઈનકોર્પોરેશન) રૂલ્સ, ૨૦૧૪ ના નિયમ 30 ના પેટા-નિયમ (૫) ના ખંડ (એ) ના સંદર્ભમાં

અને

ગ્રેટ લાઈફ એન્ટ્રેડ પ્રાઈવેટ લિમિટેડ

(CIN: U51395GJ2012PTC071774) ના સંદર્ભમાં, જેની રજિસ્ટર્ડ ઓફિસ B-15, માતંગી સોસાયટી, ગોરધનવાડી ટેકરા, કાંકરિયા, મણિનગર, અમદાવાદ, ગુજરાત - ૩૮૦૦૨૮ ખાતે આવેલી છે

...અરજદાર

આથી સામાન્ય જનતાને સૂચિત કરવામાં આવે છે કે કંપની, કંપનીઝ એક્ટ, ૨૦૧૩ ની કલમ ૧૩ હેઠળ કેન્દ્ર સરકારને અરજી કરવાનો પ્રસ્તાવ ધરાવે છે. આ અરજી મંગળવાર, ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ યોજાયેલી કંપનીની અસાધારણ સામાન્ય સભા (Extraordinary General Meeting) માં પસાર કરાયેલા વિશેષ ઠરાવ મુજબ કંપનીના 'મેમોરેન્ડમ ઓફ એસોસિએશન' (બંધારણીય દસ્તાવેજ) માં ફેરફારની પુષ્ટિ મેળવવા માટે છે, જેથી કંપની તેની રજિસ્ટર્ડ ઓફિસને "ગુજરાત રાજ્ય" માંથી "આસામ રાજ્ય" માં (રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ, આસામના અધિકારક્ષેત્ર હેઠળ) સ્થાનાંતરિત કરી શકે.

કોઈપણ વ્યક્તિ કે જેના હિત પર કંપનીની રજિસ્ટર્ડ ઓફિસના પ્રસ્તાવિત ફેરફારથી અસર થવાની સંભાવના હોય, તે વ્યક્તિ MCA-21 પોર્ટલ (www.mca.gov.in) પર 'ઈન્વેસ્ટર કમ્પ્લેઈન્ટ ફોર્મ' દ્વારા અથવા રજિસ્ટર્ડ પોસ્ટ દ્વારા પોતાના વાંધાઓ રજૂ કરી શકે છે. આ વાંધાઓ સાથે સોગંદનામું (affidavit) જોડવું આવશ્યક છે જેમાં વાંધો ઉઠાવનારના હિતનું સ્વરૂપ અને વિરોધના કારણો જણાવેલા હોય. આ વાંધાઓ આ સૂચનાના પ્રકાશનની તારીખથી ચૌદ દિવસની અંદર પ્રાદેશિક નિયામક, અમદાવાદ (સરનામું: નોર્થ વેસ્ટર્ન રિજન ડિરેક્ટોરેટ, ROC ભવન - રૂપલ પાર્ક સોસાયટીની સામે, અંકુર બસ સ્ટોપની પાછળ, નારણપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩, ગુજરાત) ને મોકલવાના રહેશે અને તેની એક નકલ નીચે દર્શાવેલ સરનામે આવેલી અરજદાર કંપનીની રજિસ્ટર્ડ ઓફિસને પણ મોકલવાની રહેશે:

માટે અને વતી
ગ્રેટ લાઈફ એન્ટ્રેડ પ્રાઈવેટ લિમિટેડ
સહી/-
નિલેશ સમસુખા
ડિરેક્ટર
(DIN: 08301983)
સરનામું: AP વન્ડર્સ, ટાવર 2, ફ્લેટ 20C, રિથાલા મેટ્રો સ્ટેશન પાસે, સેક્ટર-7, નોર્થ વેસ્ટ દિલ્હી-110085
તારીખ: ૦૯/૧૦/૨૦૨૬ સ્થળ: ગુજરાત

સિટી એક્સપ્રેસ

FRIDAY 09 OCTOBER-2026

AHMEDABAD


## નશાકારક કફ સીરપના કાળા કારોબાર સામે કાર્યવાહી

અમદાવાદ | તહેવારો ટાણે અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં નશાનો કાળો કારોબાર ફાલીફૂલ્યો છે, ત્યારે નળ સરોવર પોલીસે નશાકારક કફ સીરપના નેટવર્કનો પર્દાફાશ કરીને સપાટો બોલાવ્યો છે. તાજેતરમાં ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) દ્વારા સાણંદમાંથી દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યા બાદ, હવે સ્થાનિક LCB અને SOG ટીમની નિષ્ક્રિયતા વચ્ચે નળ સરોવર પોલીસ મથકના PI એમ.કે. પિયેજા અને તેની ટીમે 24 કલાકના ટૂંકા ગાળામાં બે અલગ-અલગ સફળ દરોડા પાડીને મોટી કાર્યવાહી આચરી છે.

## કોડેઈનયુક્ત કફ સીરપની 450 બોટલ સાથે 3 શખ્સો ઝડપાયા

અમદાવાદ | અમદાવાદ જિલ્લાના નળસરોવર પોલીસ સ્ટેશનની ટીમે કાયદો અને વ્યવસ્થા જાળવવાની દિશામાં વધુ એક મોટી સફળતા હાંસલ કરી છે. પોલીસ દ્વારા કરવામાં આવેલી સઘન તપાસ દરમિયાન દેવડથળથી હીરાપુરા માર્ગ પરથી પ્રતિબંધિત અને કોડેઈનયુક્ત નશાકારક કફ સીરપની કુલ ચારસો પચાસ બોટલનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. આ ગેરકાયદેસર પ્રવૃત્તિમાં સંડોવાયેલા ત્રણ મુખ્ય શખ્સોને રંગેહાથ ઝડપી લઈને પોલીસે તેમની પાસેથી વાહન અને મોબાઈલ ફોન સહિત કુલ છ લાખ તેર હજાર રૂપિયાથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો છે અને તમામ આરોપીઓ સામે સંબંધિત કાયદાકીય કલમો હેઠળ ગુનો નોંધીને આગળની સઘન તપાસનો ધમધમાટ શરૂ કરી દીધો છે.

### મેટ્રો અને હાઈ-સ્પીડ રેલ સાથે જોડાશે સાબરમતી રેલવે સ્ટેશન, બનશે મલ્ટીમોડલ ટ્રાન્સપોર્ટ હબ

# સાબરમતી રેલવે સ્ટેશન આધુનિક અને મલ્ટીમોડલ પરિવહન હબ તરીકે આકાર લઈ રહ્યું છે

પશ્ચિમ રેલવે, અમદાવાદ | તા.08

પશ્ચિમ રેલવે દ્વારા સાબરમતી રેલવે સ્ટેશનના પુનર્વિકાસનું કાર્ય ઝડપથી પ્રગતિ પર છે. 335 કરોડના ખર્ચે સાબરમતી સ્ટેશનનો પુનર્વિકાસ કરવામાં આવી રહ્યો છે. આ પરિયોજનાનું આશરે 85 ટકા કામ પૂર્ણ થઈ ચૂક્યું છે. પુનર્વિકસિત સાબરમતી રેલવે સ્ટેશનને આધુનિક મુસાફર સુવિધાઓ, સુગમ અવરજવર, પર્યાવરણીય સ્થિરતા, સ્માર્ટ ટેક્નોલોજી અને મલ્ટીમોડલ કનેક્ટિવિટીને ધ્યાનમાં રાખીને વિકસાવવામાં આવી રહ્યું છે. આ સ્ટેશન ભવિષ્યમાં મુસાફરો માટે એક આધુનિક પરિવહન કેન્દ્ર તરીકે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.સ્માર્ટ ટેક્નોલોજીથી સજ્જ હશે સ્ટેશન: નવનિર્મિત સ્ટેશનમાં આધુનિક સ્માર્ટ બિલ્ડિંગ સિસ્ટમનો સમાવેશ કરવામાં આવી રહ્યો છે. તેમાં Supervisory Control and Data Acquisition (SCADA) તથા Building Management System (BMS)નું એકીકરણ, એકીકૃત સીસીટીવી સર્વેલન્સ, પબ્લિક એડ્રેસ સિસ્ટમ, ઍક્સેસ કંટ્રોલ, આઈ ટી નેટવર્કિંગ તેમજ પેસેન્જર ઈન્ફોર્મેશન સિસ્ટમ જેવી સુવિધાઓનો સમાવેશ થાય છે.પેસેન્જર ઈન્ફોર્મેશન સિસ્ટમ દ્વારા મુસાફરોને ટ્રેનોના સમય, આગમન અને પ્રસ્થાન તેમજ અન્ય મહત્વપૂર્ણ મુસાફરલક્ષી માહિતી વાસ્તવિક સમયમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે. દિવ્યાંગજનો તથા તમામ મુસાફરો માટે વધુ સુગમ પહોંચ: સ્ટેશનના પુનર્વિકાસમાં મુસાફરોની સરળ અવરજવર, ખાસ કરીને દિવ્યાંગજનો માટે સુવિધાજનક અને અવરોધમુક્ત આવાગમન પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. પરિયોજના અંતર્ગત 28 લિફ્ટ અને 28 એસ્કેલેટર ઉપલબ્ધ કરાવવામાં આવશે. દરેક લિફ્ટમાં બ્રેલ સુવિધા, ગાઈડ તથા વોર્નિંગ ટાઈલ્સ અને દિશાસૂચક સાઈનેજ લગાવવામાં આવશે. આ ઉપરાંત દિવ્યાંગજનો માટે અનુકૂળ ટિકિટ કાઉન્ટર, ATVM તેમજ પીવાના પાણીની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. સ્ટેશન પર મુસાફરોના આગમન અને પ્રસ્થાન માટે અલગ-અલગ ઝોન વિકસાવવામાં આવી રહ્યા છે. ટૂ-વ્હીલર, કાર, ઓટો અને બસો માટે સમર્પિત પાર્કિંગ સુવિધા સાથે EV ચાર્જિંગની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. આધુનિક મુસાફર સુવિધાઓ સાથે વધુ સુગમ મુસાફર અવરજવર: સ્ટેશનના પેસેન્જર કોનકોર્સમાં પ્રતીક્ષાલય, શૌચાલય, મહિલાઓ તથા બાળકો માટે બેબી-કેર રૂમ, વાણિજ્યિક સુવિધાઓ તેમજ કેફેટેરિયા જેવી સુવિધાઓ ઉપલબ્ધ રહેશે. તમામ પ્લેટફોર્મથી પેસેન્જર કોનકોર્સ સુધી લિફ્ટ, સીડીઓ અને એસ્કેલેટર દ્વારા સુગમ કનેક્ટિવિટી પૂરી પાડવામાં આવશે.મુસાફરોની અવરજવરને વધુ સુવિધાજનક બનાવવા માટે સાબરમતી BG સ્ટેશન પર 3 FOB તેમજ સાબરમતી (SBT) સ્ટેશન પર 3 FOBની જોગવાઈ કરવામાં આવી છે. સાબરમતી BG ખાતે 7 પ્લેટફોર્મ તથા સાબરમતી (SBT) સ્ટેશન ખાતે 3 પ્લેટફોર્મનો વિકાસ કરવામાં આવી રહ્યો છે.મુસાફરોના આગમન અને પ્રસ્થાન વિસ્તારોને અલગ-અલગ રાખવાથી સ્ટેશન પર મુસાફરોની અવરજવરને વધુ સુવ્યવસ્થિત કરી શકાશે. પ્લેટફોર્મ પર થ્રૂ-રૂફ કવરિંગ સાથે આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. કુદરતી પ્રકાશના વધુ સારા ઉપયોગ માટે સ્કાયલાઈટ્સની પણ જોગવાઈ કરવામાં આવી છે.સાબરમતી સ્ટેશન



બની રહ્યું છે આધુનિક મુસાફર કેન્દ્ર: હાલમાં સાબરમતી રેલવે સ્ટેશનથી 19 ટ્રેનો ઓરિજિનેટ થાય છે તથા 22 ટ્રેનો આ સ્ટેશન પરથી પસાર થાય છે. સ્ટેશન પરથી દરરોજ 35,000થી વધુ મુસાફરો મુસાફરી કરે છે.સાબરમતી (SBI) સ્ટેશનની છતની ઊંચાઈ આશરે 20 મીટર છે તથા અમદાવાદ તરફ સ્થિત FOBથી દિલ્હી તરફ સ્થિત FOB સુધી સ્ટેશન પરિસરનું ક્ષેત્રફળ 32,00,000 ચોરસ ફૂટથી વધુ છે. સ્ટેશનના પુનર્વિકાસનું કાર્ય ઝડપી ગતિએ પ્રગતિ પર છે, જે અંતર્ગત મુસાફરોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને આધુનિક સુવિધાઓનું વિસ્તરણ કરવામાં આવી રહ્યું છે.10,000થી વધુ મુસાફરોને સમાવી શકે તેવી બે માળનો હોલ્ડિંગ એરિયા બનશે: : સ્ટેશન પરિસરમાં આશરે 86,000 ચોરસ ફૂટ વિસ્તારમાં એક વિશાળ બે માળનું હોલ્ડિંગ એરિયા વિકસાવવામાં આવી રહ્યું છે, જેમાં દરેક માળ આશરે 43,000 ચોરસ ફૂટ વિસ્તારમાં હશે. આ આધુનિક હોલ્ડિંગ એરિયામાં 10,000 મુસાફરોને સમાવી શકવાની ક્ષમતા હશે.આનાથી હોળી, દિવાળી અને છઠ પૂજા સહિતના વિવિધ તહેવારો તેમજ ધાર્મિક સ્થળોએ જવા માટેના મુસાફરોની ભીડ દરમિયાન મુસાફરોની અવરજવર અને ભીડ વ્યવસ્થાપનને વધુ સુગમ અને સુવ્યવસ્થિત બનાવવામાં મદદ મળશે.નવનિર્મિત હોલ્ડિંગ એરિયા મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને આરામદાયક બેસવાની વ્યવસ્થા, સ્વચ્છ પીવાનું પાણી, જલપાન કેન્દ્ર તેમજ પુરુષો, મહિલાઓ અને દિવ્યાંગજનો માટે અલગ-અલગ શૌચાલય જેવી આવશ્યક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.સાબરમતી સ્ટેશન પર "Rapido Traveler's Lounge" સ્થાપિત: સાબરમતી રેલવે સ્ટેશન પર "Rapido Traveler's Lounge" પણ સ્થાપિત કરવામાં આવ્યું છે, જે મુસાફરોને આધુનિક, સુવિધાજનક અને સરળ મુસાફરીનો અનુભવ પ્રદાન કરી રહ્યું છે. આ સુવિધા દ્વારા મુસાફરોને લગભગ શૂન્ય પ્રતીક્ષા સમય સાથે કનેક્ટિવિટી, સમર્પિત મુસાફર લાઉન્જ તેમજ ઓન-ગ્રાઉન્ડ સહાયતા ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.હરિત અને પર્યાવરણને અનુકૂળ સુવિધાઓ પર વિશેષ ભાર પરિયોજનાની મુખ્ય વિશેષતાઓમાં હરિત અને પર્યાવરણને અનુકૂળ આધારભૂત સંરચના નો સમાવેશ થાય છે. સાબરમતી રેલવે સ્ટેશનને Gold-rated Green Building (IGBC) તરીકે વિકસાવવાની યોજના છે. સ્ટેશન પરિસરમાં 1,300 કિલોવોટ ક્ષમતાનો સૌર ઊર્જા પ્લાન્ટ સ્થાપિત કરવાની દરખાસ્ત છે.મેટ્રો અને હાઈ-સ્પીડ રેલ સાથે મલ્ટીમોડલ કનેક્ટિવિટી : સાબરમતી રેલવે સ્ટેશનના પુનર્વિકાસની એક મહત્વપૂર્ણ વિશેષતા તેનું અન્ય પરિવહન માધ્યમો સાથેનું એકીકરણ છે. પરિયોજનાની યોજનામાં સાબરમતી મેટ્રો, AEC મેટ્રો તથા હાઈ-સ્પીડ રેલવે સ્ટેશન સાથે કનેક્ટિવિટી માટેની જોગવાઈ કરવામાં આવી છે.આનાથી સાબરમતી વિસ્તારમાં એક એકીકૃત મલ્ટીમોડલ પરિવહન વ્યવસ્થા વિકસિત થશે, જેના કારણે મુસાફરોને વિવિધ પરિવહન સાધનો વચ્ચે સુવિધાજનક રીતે ઈન્ટરચેન્જ કરવાની સુવિધા મળી શકશે.આ રીતે, સાબરમતી સ્ટેશનનો પુનર્વિકાસ માત્ર સ્ટેશન ભવનના આધુનિકીકરણ પૂરતો મર્યાદિત નથી, પરંતુ તેમાં મુસાફરોની અવરજવર, સુગમ પહોંચ, ઈન્ટરચેન્જ સુવિધાઓ તેમજ સ્ટેશન વિસ્તારના સમગ્ર પાયાના માળખાનો વ્યાપક વિકાસ પણ સામેલ છે.કેટલાક મહત્વપૂર્ણ કામ અંતિમ તબક્કામાં પરિયોજનાના અનેક મહત્વપૂર્ણ કામો હવે અંતિમ તબક્કામાં પહોંચી ગયા છે. મુખ્ય સ્ટેશન ભવનની ઈસ્ટ વિંગનું કામ મોટાભાગે પૂર્ણ થઈ ગયું છે. ઈસ્ટ વિંગમાં UTS, PRS અને ટિકિટ કાઉન્ટર કાર્યરત છે તેમજ પ્રતીક્ષાલયને પણ ઈસ્ટ વિંગમાં સ્થાનાંતરિત કરવામાં આવ્યું છે. ઈસ્ટ વિંગની લિફ્ટ અને એસ્કેલેટર પણ કાર્યરત છે.

## પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાની કોંગ્રેસના પ્રચારમાં એન્ટ્રી થઈ

ગાંધીનગર | ગાંધીનગર મહાનગરપાલિકાની આગામી ચૂંટણીને લઈને રાજકીય પારો ચરમસીમાએ પહોંચ્યો છે. આ ચૂંટણી જંગમાં રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી અને કદાવર નેતા શંકરસિંહ વાઘેલાની સક્રિય એન્ટ્રીએ રાજકીય આશ્ચર્ય સર્જ્યું છે. હજુ સુધી કોંગ્રેસ પક્ષમાં સત્તાવાર રીતે વિધિવત જોડાવવાની જાહેરાત થઈ નથી છતાં બાપુએ ગાંધીનગર મનપા ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવારોના સમર્થનમાં પ્રચાર મોરચો સંભાળી લીધો છે જેના કારણે ગુજરાતના રાજકારણમાં ભારે ચર્ચા જાગી છે.

ચૂંટણી પ્રચારના અંતર્ગત પેથાપુરમાં એક વિશાળ જાહેર જનસભા યોજાઈ હતી. જેને શંકરસિંહ વાઘેલાએ ઓજસ્વી અંદાજમાં સંબોધી હતી. ત્યારબાદ ગાંધીનગર મનપાના વોર્ડ નંબર-4 માં કોંગ્રેસના અધિકૃત ઉમેદવારોના સમર્થનમાં યોજાયેલા પ્રચાર કાર્યક્રમમાં પણ તેઓ સીધા મેદાનમાં ઉતર્યા હતા. વોર્ડના ઘરો અને મતદારો સુધી પહોંચીને તેમણે કોંગ્રેસની જીત માટે સમર્થન માંગ્યું હતું. બાપુની આ અણધારી અને પ્રભાવશાળી હાજરી માત્ર ગાંધીનગર પૂરતી સીમિત નથી, પરંતુ તેનાથી રાજ્ય સ્તરે મોટા રાજકીય સંકેતો મળી રહ્યા છે. આ પ્રચાર કાર્યક્રમમાં કોંગ્રેસના પ્રભારી સુભાષિની યાદવ, અગ્રણી નેતા જગદીશ ઠાકોર અને ધારાસભ્ય જિગ્નેશ મેવાણી સહિત અનેક દિગ્ગજ આગેવાનો અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. તમામ નેતાઓએ સાથે મળીને વોર્ડ નંબર-4 સહિતના વિસ્તારોમાં ડોર-ટુ-ડોર જઈને મતદારોનો સંપર્ક સાધ્યો હતો અને કોંગ્રેસવ નીતિઓનો પ્રચાર કર્યો.

## દીકરીને એન્જિનિયરિંગમાં એડમિશનનું કહી ડોક્ટર પાસેથી 15 લાખ ખંખેર્યા...

(એજન્સી) અમદાવાદ | તા.08

અમદાવાદમાં શહેરમાં દીકરીને એન્જિનિયરિંગમાં એડમિશન અપાવવાનું સપનું જોઈ રહેલા તબીબને વોટ્સએપ પર સંપર્ક કરનારા શખ્સોએ વિશ્વાસમાં લઈને 15.50 લાખ રૂપિયા ખંખેરી લીધા છે. બીટ્સેટમાં ઓછા માર્ક્સ આવ્યા હોવાથી દીકરીનું એડમિશન થઈ શક્યું નહોતું.આ દરમિયાન નિહારીકા શર્મા અને પ્રતિક ગુપ્તાએ સંપર્ક કરીને બીટ્સ પિલાણીમાં વિદેશી વિદ્યાર્થીઓ માટેની ખાલી સીટમાં એડમિશન કરાવી આપવાની વાત કરી હતી. શરૂઆતમાં 16 લાખ રૂપિયા માંગ્યા બાદ 50 હજાર રૂપિયામાં સીટ બુક કરવાની વાત કરી હતી. 50 હજારની રસીદ મોકલી વિશ્વાસ જીત્યા બાદ દીકરીના દસ્તાવેજો પણ મેળવી લીધા હતા. ત્યારબાદ હૈદરાબાદની હોટલમાં બે શખ્સોએ પોતાને બીટ્સ પિલાણીની એડમિશન કમિટીના અધિકૃત વ્યક્તિ તરીકે ઓળખાવી એડમિશન થઈ ગયું હોવાનું કહી 15 લાખ રૂપિયા લઈ લીધા હતા. રૂપિયા મળ્યા બાદ તમામના મોબાઈલ બંધ થઈ જતાં છેતરપિંડીનો ભાંડો ફૂટ્યો છે.

શાહીબાગમાં સ્ટેડિયમની બાજુમાં આવેલી ઈસ્કોન રિવર સાઈટ ફ્લેટમાં રહેતા ડો. ગોપાલ ભાટીયા સિવિલ હોસ્પિટલ પાસે અમદાવાદ સાયકિયાટ્રીક ક્લિનિક ધરાવે છે. ગોપાલ ભાટીયા પત્ની મૌસમી અને દીકરી મિત્રા સાથે રહે છે. મિત્રાએ જૂન 2026માં ધોરણ 12ની પરીક્ષા પાસ કરી હતી. ત્યારબાદ એન્જિનિયરિંગમાં પ્રવેશ લેવા માટે બિરલા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી એન્ડ સાયન્સ યુનિવર્સિટીની બીટ્સેટ પરીક્ષા આપી હતી. પરંતુ ઓછા માર્ક્સ આવતા તેનું એન્જિનિયરિંગ કોલેજમાં એડમિશન થયું ન હતું. હાલ મિત્રા પંજાબના પટિયાલામાં એન્જિનિયરિંગનો અભ્યાસ કરે છે.

મિત્રાના એડમિશન માટે પરિવાર પ્રયાસ કરી રહ્યો હતો ત્યારે ગોપાલ ભાટીયાના વોટ્સએપ પર નિહારીકા શર્મા અને પ્રતિક ગુપ્તાનો સંપર્ક થયો હતો. બંનેએ ગોપાલને જણાવ્યું હતું કે મિત્રાના બીટ્સેટમાં ઓછા માર્ક્સ આવ્યા છે, પરંતુ બીટ્સની એન્જિનિયરિંગ કોલેજમાં વિદેશી વિદ્યાર્થીઓ માટેની સીટો ખાલી છે. આ સીટમાં મિત્રાનું એડમિશન કરાવી આપવાની ખાતરી આપી હતી. તેના માટે 16 લાખ રૂપિયા ચૂકવવાના રહેશે તેમ જણાવ્યું હતું.

## અમદાવાદ મંડળના તરવૈયાઓનું 66માં અખિલ ભારતીય આંતર-રેલવે એક્વાટિક ચેમ્પિયનશિપ-2026માં શાનદાર પ્રદર્શન

(એજન્સી) અમદાવાદ | તા.08

કોલકાતામાં 29 સપ્ટેમ્બરથી 03 ઓક્ટોબર 2026 દરમિયાન આયોજિત 66મી અખિલ ભારતીય આંતર-રેલવે એક્વાટિક ચેમ્પિયનશિપ-2026માં અમદાવાદ મંડળના તરવૈયાઓએ શાનદાર પ્રદર્શન કરીને પશ્ચિમ રેલવેનું ગૌરવ વધાર્યું. અમદાવાદ મંડળના દેવાંશ પરમાર અને વ્રજ પટેલે સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરતાં કુલ 11 સુવર્ણ અને 5 રજત ચંદ્રક પોતાના નામે કર્યા. તેમના શાનદાર પ્રદર્શનના પરિણામે પશ્ચિમ રેલવેએ સ્વિમિંગમાં ચેમ્પિયનશિપ ટ્રોફી હાંસલ કરી. અમદાવાદ મંડળમાં વરિષ્ઠ મંડળ સામગ્રી પ્રબંધકની કચેરીમાં કનિષ્ઠ લિપિક (Jr. Clerk) તરીકે કાર્યરત દેવાંશ પરમારે સ્પર્ધામાં 7 સુવર્ણ અને 1 રજત ચંદ્રક જીત્યો. તેમના ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે તેમને ચેમ્પિયનશિપના શ્રેષ્ઠ તરવૈયા



(Best Swimmer) તરીકે જાહેર કરવામાં આવ્યા તથા વ્યક્તિગત ચેમ્પિયનશિપ ટ્રોફીથી સન્માનિત કરવામાં આવ્યા. દેવાંશ પરમાર સતત ત્રણ વર્ષથી આ વ્યક્તિગત ચેમ્પિયનશિપ ટ્રોફી પોતાના નામે કરી રહ્યા છે.આ જ સ્પર્ધામાં અમદાવાદ મંડળના વ્રજ પટેલ, જેઓ વરિષ્ઠ મંડળ સિગ્નલ અને ટેલિકમ્યુનિકેશન એન્જિનિયરની કચેરી હેઠળ કાર્યરત છે, તેમણે પણ શાનદાર પ્રદર્શન કરતાં 4 સુવર્ણ અને 4 રજત ચંદ્રક જીત્યા.બંને તરવૈયાઓના ઉત્કૃષ્ટ પ્રદર્શન અને યોગદાનના પરિણામે પશ્ચિમ રેલવેએ સ્વિમિંગમાં ચેમ્પિયનશિપ ટ્રોફી પોતાના નામે કરી.બંને તરવૈયાઓની પસંદગી અમદાવાદમાં આયોજિત થનારી પ્રથમ શોર્ટ કોર્સ સિનિયર નેશનલ ચેમ્પિયનશિપમાં ભારતીય રેલવેનું પ્રતિનિધિત્વ કરવા માટે કરવામાં આવી છે.પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી રામાશ્રય પાંડેયએ બંને તરવૈયાઓની આ નોંધપાત્ર સફળતાની પ્રશંસા કરતા તેમને અભિનંદન પાઠવ્યા અને સન્માનિત કર્યા. તેમણે આગામી સ્પર્ધાઓ માટે પણ તેમને શુભેચ્છાઓ પાઠવી.

## કોટ વિસ્તારમાં પાર્કિંગની સુવિધા: રતનપોળ પાસે પ્રથમ રોટરી પાર્કિંગ

(એજન્સી) અમદાવાદ | તા.08



અમદાવાદ | શહેરના સૌથી વ્યસ્ત અને કોટ વિસ્તાર જ્યાં નાગરિકો ખરીદી કરવા માટે વધુ આવતા હોય છે એવા રીલીફ રોડ પર પાર્કિંગની સુવિધા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઉભી કરવામાં આવી રહી છે. રતનપોળ પાસે શહેરનું પ્રથમ આધુનિક રોટરી પાર્કિંગ ઉભું કરવામાં આવી રહ્યું છે. આ પાર્કિંગ વ્યવસ્થાની વિશેષતા એ છે કે જ્યાં સામાન્ય રીતે માત્ર બે કાર પાર્ક થઈ શકે તેટલી જગ્યામાં એક સાથે અંદાજે 12 કાર પાર્ક કરી શકાશે. આ રીતે પાર્કિંગ ક્ષમતામાં આશરે છ ગણો વધારો થશે. ખાસ કરીને કોટ વિસ્તારમાં લોકોને વાહન પાર્કિંગની તકલીફ ઉભી થતી હોય છે. રીલીફ રોડ ઉપર મોટાભાગની દુકાનો આવેલી છે, જ્યાં રોજના હજારો લોકો ખરીદી કરવા આવતા હોય છે ત્યારે વાહન પાર્કિંગની જગ્યા નથી ત્યારે ગાડી પાર્કિંગ કરવા માટે મર્યાદિત જગ્યાનો કાર્યક્ષમ ઉપયોગ કરીને પાર્કિંગની ઉપલબ્ધતા વધારવાના હેતુથી આ નવીન પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે, જે રિલીફ રોડ વિસ્તારમાં ટ્રાફિકનું ભારણ ઘટાડવામાં અને વેપારીઓ, ખરીદદારો અને મુલાકાતીઓ માટે પાર્કિંગની જગ્યા મળી રહેશે.

## પંજાબ મેડ સંધુ હત્યા કેસના આરોપીને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે દબોચ્યો : ગોલ્ડી ધિલ્લોન ગેંગે ઈન્ફ્લ્યુએન્સરને ગોળી મારીને પતાવી દીધો હતો, પરમિંદર કાકાની ધરપકડ

(એજન્સી) અમદાવાદ | તા.08

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે પંજાબમાં થયેલી મેડ સંધુ હત્યા કેસના આરોપી અને ફાયરિંગ કરનાર પરમિંદર કાકાની ધરપકડ કરી છે. 3 ઓક્ટોબરે પંજાબના જાણીતા સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર મેડ સંધુની બાઈક પર આવેલા 2 શખ્સોએ ગોળી મારી હત્યા કરી હતી. હત્યા બાદ આરોપીઓ નાસી ગયા હતા. આ હત્યાની જવાબદારી સોશિયલ મીડિયા પર ગોલ્ડી ધિલ્લોન ગેંગે લીધી હતી. હાલ આરોપી પરમિંદર કાકા ઉર્ફે પરમિંદર પ્રસાદની પૂછપરછ ચાલી રહી છે.

3 ઓક્ટોબર 2026ના રોજ સાંજે 6 વાગે પંજાબના અમૃતસરમાં લોહારકા રોડ પર સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર મેડ સંધુ ઉર્ફે મધુસૂદન સંધુ જે મેકઅપ આર્ટિસ્ટ, ફેશન ડિઝાઈન્ડર અને LGBTQ કોમ્યુનિટીનો જાણીતો ચહેરો છે, તે વોશ કરવા મૂકેલી કાર લેવા ત્યારે બાઈક પર બે અજાણ્યા શખ્સ




આવ્યા અને નજીક આવીને 2- 3 રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. મેડને ગોળી વાગતા હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. પરંતુ રસ્તામાં જ મેડનું મોત થયું હતું. હત્યા બાદ ગોલ્ડી ધિલ્લોન નામના ફેસબુક પેજ પરથી હત્યાની જવાબદારી લેવામાં આવી હતી.

બનાવ અંગે પંજા અમૃતસરના કેન્ટોનમેન્ટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી હતી. ફાયરિંગ બાદ બંને આરોપીઓ ફરાર હતા જેની પોલીસ તપાસ કરી રહી હતી. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે બાતમીના આધારે આ કેસના આરોપી પરમિંદર કાકા ઉર્ફે પરમિંદર પ્રસાદની ધરપકડ કરી છે. પરમિદરે મેડ પર ફાયરિંગ કર્યું હતું અને હત્યાના કામમાં બાઈક પર લાવ્યો હતો. હત્યા બાદ પરમિંદર પંજાબથી નાસીને અમદાવાદ આવી ગયો હતો. હાલ પરમિદરની પૂછપરછ ચાલી રહી છે જે બાદ આરોપીને પંજાબ પોલીસને સોંપવામાં આવશે.

એક પ્રત્યક્ષદર્શીના જણાવ્યા મુજબ, મેડ સંધુએ પહેલા કાર ધોવા માટે પાર્ક કરી હતી. ત્યાર બાદમાં કાર પાછી લઈ જવા માટે બે છોકરીઓ તેને મૂકવા આવી. આ દરમિયાન, બે યુવાનો બાઈક પર આવ્યા.

એક બાઈક પર જ બેઠો રહ્યો, જ્યારે બીજો મેડ સંધુ પાસે ગયો અને ગોળીબાર કર્યો. લગભગ 4-5 રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું, જેમાંથી બે મેડ સંધુને વાગી હતી. તેને ગંભીર હાલતમાં ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો, પરંતુ રસ્તામાં જ તેનું મોત થઈ ગયું.

અન્ય એક પ્રત્યક્ષદર્શીએ જણાવ્યું કે પોલીસ લગભગ એક કલાક પછી ઘટનાસ્થળે પહોંચી. ઘટનાનો એક વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં મેડ સંધુ લોહીથી લથપથ રસ્તા પર પડેલો જોવા મળે છે. તેના સાથીઓ તેને ઉપાડતા જોવા મળે છે. રસ્તા પર ગોળીઓના ગોળા પણ દેખાય છે.

## સાડીના નીચલા ભાગમાં બુદ્ધની છબિવાળી સાડી વેચવાનો કેસ :વેપારી સામેની ફરિયાદ રદ

અમદાવાદ | ભગવાન ગૌતમ બુદ્ધની છબી વાળી સાડીઓ અને કાપડનું વેચાણ કરવાને લીધે બૌદ્ધ સમાજની ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચી હોવાનો આક્ષેપ મૂકીને, સુરતના સલાબતપુરા પોલીસ મથકે 2017માં ભરત હરજીભાઈ શંકર નામના ટેક્સટાઇલ વેપારી સામે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. કાપડના નીચલા ભાગે અને સાડીની બોર્ડર તરફ પગ આવતા હોય તે જગ્યાએ આ છબીઓ છપાયેલી હોવાનો આક્ષેપ હતો. જેની સામે વેપારીએ આ પોલીસ ફરિયાદને રદ કરાવવા માટે ગુજરાત હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી. ગુજરાત હાઈકોર્ટે કહ્યું-ધાર્મિક પ્રતીક કે ભગવાનની છબિવાળા કાપડનું વેચાણ બદઈરાદો દર્શાવતું નથી, તેથી વેપારી સામેની ફરિયાદ રદ કરવામાં આવે છે.

સુરતના સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં સમસ્ત યુવા આંબેડકરી સમાજના પ્રમુખ કુણાલ સોનવણેએ 19 ડિસેમ્બર 2017ના રોજ ટેક્ષટાઈલ માર્કેટમાં ભગવાન ગૌતમ બુદ્ધના ફોટાવાળી સાડીઓ અને કાપડનું વેચાણ કરી બૌદ્ધ સમાજની ધાર્મિક લાગણી દુભાવવા બદલ ફરિયાદ નોંધાવી હતી. વિવિધ દુકાનોમાં પાલવના ભાગે ભગવાન બુદ્ધની છાપ વાળું કાપડનું વેચાણ થતું હોવાથી ધાર્મિક દેવતાનું અપમાન કરવાનો આક્ષેપ કરાયો છે.

કુણાલને તેમના સમાજના આગેવાનો દ્વારા માહિતી મળી હતી કે ટેક્ષટાઈલ માર્કેટમાં ભગવાન બુદ્ધની છાપવાળી સાડીઓ વેચાઈ રહી છે. આગેવાનોએ સ્થળ તપાસ કરતા માલૂમ પડ્યું હતું કે સાડીઓ પર ભગવાન બુદ્ધના ફોટા એવી જગ્યાએ પ્રિન્ટ કરવામાં આવ્યા હતા, જેથી તેઓ પગમાં આવે, જેનાથી બૌદ્ધ સમાજના લોકોમાં ભારે રોષ વ્યાપ્યો હતો.

આ મામલે પોલીસે 21 ડિસેમ્બર 2017ના રોજ ચાર વેપારીઓ સામે ગુનો દાખલ કર્યો છે, જેમાં વણકર ટેક્ષટાઈલ માર્કેટના ભરત હરજીભાઈ શંકર, આનંદ ટેક્ષટાઈલ માર્કેટના પ્રકાશ શેખરચંદ શાણી, સુરત ટેક્ષટાઈલ માર્કેટના રવિ સુરેશભાઈ જૈન અને રાધા ક્રિષ્ણા ટેક્ષટાઈલ માર્કેટના દુકાનદાર સામેલ છે. જેમાના વણકર ટેક્ષટાઈલ માર્કેટના ભરત શંકરે આ ફરિયાદ રદ કરવા હાઈકોર્ટમાં અરજી કરી હતી.

વેપારીના વકિલે હાઈકોર્ટમાં રજૂઆત કરી હતી કે, અરજદાર સુરતના જાણીતા વેપારી છે, જે ટ્રેન્ડ મુજબ કાપડ ખરીદીને વેચે છે. કોઈપણ ધાર્મિક ભાવનાઓને દુભાવવાનો કે આહત કરવાનો તેમનો દૂષિત કે ઈરાદાપૂર્વકનો આશય નહોતો. વેપારી સ્પર્ધા અને બિઝનેસ હરીફાઈના કારણે દબાણ લાવવા માટે આ ખોટી FIR કરવામાં આવી હતી.

હાઈકોર્ટે નોંધ્યું હતું કે, સુપ્રીમ કોર્ટના જાણીતા ચુકાદાઓ અનુસાર કલમ 295A હેઠળ ગુનો ત્યારે જ બને છે, જ્યારે કોઈ કાર્ય પાછળ ધાર્મિક ભાવનાઓને દુભાવવાનો કે સમાજમાં અશાંતિ ફેલાવવાનો ઈરાદાપૂર્વકનો અને દૂષિત આશય હોય. માત્ર કોઈ ધાર્મિક પ્રતીક કે ભગવાનની છબીવાળા કાપડનું સામાન્ય વેચાણ કરવું એ બદ ઈરાદો દર્શાવતું નથી.

રેકોર્ડ પરના ફોટોગ્રાફ્સ અને પોલીસ રિપોર્ટ જોતાં એવું ક્યાંય સાબિત થતું નથી કે અરજદારે કોઈ ધર્મના અપમાન માટે આ કૃત્ય કર્યું હોય. તેથી કલમ 295Aના ગુનાના જરૂરી ઘટકો અહીં બનતા નથી. ગુજરાત હાઈકોર્ટે અરજદારની અરજી ગ્રાહ્ય રાખી છે. અરજદાર વિરુદ્ધ આ કેસને લગતી તમામ કાનૂની કાર્યવાહી રદ કરી છે.



ગુજરાત હાઈકોર્ટે કહ્યું-ધાર્મિક પ્રતીક કે ભગવાનની છબિવાળા કાપડનું વેચાણ બદઈરાદો દર્શાવતું નથી


દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...